# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-14 । અંક-169 । વિક્રમ સંવત-2081 । વૈશાખ સુદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

08 MAY-2025 THURSDAY





પેજ-08
'બળાત્કારીને બચાવવા દારૂનું બહાનું ન કાઢશો' નિશાત બળાત્કાર કેસ પર હિના...



પેજ-09
વિરાટ કોહલીના ફોટા સામે ફેન્સે ચાકુ કાઢીને બકરીનું ગળુ કાપ્યું અને પછી...




હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 25.00 |
| વડોદરા | 29.00 | 24.00 |
| સુરત | 28.00 | 26.00 |




પેજ 5
સોનામાં તોફાની તેજી વચ્ચે ભાવ ફરી રૂ. એક લાખની સપાટીને આંબી ગયા





પેજ 10
પાકિસ્તાન પર સ્ટ્રાઇક પછી અજિત ડોભાલે અમેરિકી NSAને જાણ કરી:રશિયા...


શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 80746.78 | ▲ | 105.71 |
| નિફ્ટી | 24414.40 | ▲ | 034.80 |
| સોનું | 97097.00 | ▼ | 394.00 |
| ચાંદી | 95825.00 | ▼ | 876.00 |

ઓપરેશન સિંદૂર

**24 વિધવાના એક ચૂટકી સિંદૂરનો બદલો 'ઓપરેશન સિંદૂર'થી:** પહેલગામ હુમલામાં આતંકીએ જવાનની પત્નીને કહેલું....'મોદી કો બતા દેના', 15 જ દિવસમાં આપ્યો જવાબ, અક્ષરધામ-26/11 થી પહેલગામ સુધી... ભારતે દરેકનો બદલો લીધો

**વડાપ્રધાને ઓપરેશનને સિંદૂર નામ આપ્યું હતું:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહલગામ હુમલાનો બદલો લેવા હાથ ધરેલા ઓપરેશનને સિંદૂર નામ આપ્યું હતું. આ નામ પહલગામ હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકોને અને તેમની પત્નીઓને સમર્પિત હતું.

# ભારતની પાકિસ્તાન પર એરસ્ટ્રાઇક

## 7 મિનિટમાં 9 આતંકી ટાર્ગેટનો ખાતમો



### ■ ભારતીય સેનાનો સચોટ હુમલો, 25 મિનિટમાં બદલો લીધો : કસાબ-હેડલીનું તાલીમ કેન્દ્ર તબાહ

(એજન્સી) નવી દિલ્હી | તા.07

આખરે ભારતે પાકિસ્તાનના આતંકવાદી સંગઠનો સામે વળતો પ્રહાર કરીને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય વાયુસેનાએ મંગળવારની મોડી રાતે 1:05 વાગ્યે પાકિસ્તાન અને PoK એટલે કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હવાઈ હુમલો કર્યો. આ હુમલામાં 9 આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આમાં 100થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. ભારત દ્વારા આ બદલો લેવાની કાર્યવાહી પહેલગામ હુમલાના 15 દિવસ પછી કરવામાં આવી હતી અને તેને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું.

આ નામ એ મહિલાઓને સમર્પિત છે જેમના પતિઓ 22 એપ્રિલના રોજ પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા માર્યા ગયા હતા. PM મોદીએ ઓપરેશન સિંદૂર માટે ત્રણેય સેનાઓની પ્રશંસા કરી. ઓપરેશન સિંદૂર અંગે તેમણે કહ્યું કે, આ નવું ભારત છે. આખો દેશ અમારી તરફ જોઈ રહ્યો હતો. આ તો થવાનું જ હતું.

પાકિસ્તાનના ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ (ISPR) ના ડિરેક્ટર લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારતે 24 મિસાઈલો છોડી છે. સમાચાર એજન્સી ANIએ સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે PM મોદી આખી રાત ઓપરેશન સિંદૂર પર નજર રાખતા રહ્યા. કાર્યવાહી પછી વિદેશ મંત્રાલયે વિશ્વના તમામ દેશોના રાજદ્વારીઓ સાથે વાત કરી અને તેમને બદલાની કાર્યવાહી વિશે માહિતી આપી.

**25 મિનિટ અને 100 આતંકવાદીઓ માર્યા ગયા... ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનમાં વિનાશ થયો. 7 મેની મધ્યરાત્રિએ, ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને યુદ્ધ કર્યું. ભારતીય સેનાએ એક સાથે 9 સ્થળોએ 21 આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો. આ હુમલામાં 100 આતંકવાદીઓ માર્યા ગયા હતા. બહાદુર ભારતીય સેનાએ રાત્રે 1:05 વાગ્યાથી 1:30 વાગ્યા સુધી આ ઓપરેશન હાથ ધર્યું.**

## '...હમ સિર કાટ લેંગે'



■ ગુજરાતની ધરતીની એક દિકરી, કર્નલ સોફિયા કુરેશી, આજે દેશ માટે ગૌરવનું જીવતું પ્રતિબિંબ બની છે. ભારતીય સેનાની આ બહાદુર મહિલા અધિકારીએ "ઓપરેશન સિંદૂર"ની સફળતા અંગે મીડિયાને સંબોધન કરીને સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન ખેંચ્યું છે. કર્નલ સોફિયા કુરેશી મૂળ વડોદરાની રહેવાસી છે અને એમ.એસ. યુનિવર્સિટીમાંથી 1997માં બાયો કેમેસ્ટ્રીમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું છે.

■ સોફિયા કુરેશી... આ નામ આજે દરેકના હોઠ પર છે. ભારતીય સેનાના કર્નલ સોફિયાએ પાકિસ્તાન સામે કરવામાં આવેલી કાર્યવાહી 'ઓપરેશન સિંદૂર' વિશે માહિતી આપી. આ ઓપરેશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર આ બહાદુર મહિલા કર્નલએ સાબિત કર્યું કે ભારતની બહાદુર દીકરીઓ કોઈથી ઓછી નથી. આજે તે ફક્ત સરહદોનું રક્ષણ જ નથી કરી રહી પરંતુ આંતરરાષ્ટ્રીય મંચ પર દેશનો અવાજ પણ બની રહી છે.

■ ઓપરેશન સિંદૂર વિશે દુનિયાને માહિતી આપનાર કર્નલ સોફિયા કુરેશીના ભાઈ મોહમ્મદ સંજય કુરેશીનું એક નિવેદન પ્રકાશમાં આવ્યું છે. તે કહે છે કે તેને ભારતીય સેના પર ગર્વ છે. પાકિસ્તાનને સંદેશ આપતાં તેમણે કહ્યું કે જો તે આંખ ઊંચી કરશે તો આપણે ભારતીયો તેનું માથું કાપી નાખવામાં પણ અચકાઈશું નહીં. તેમણે કહ્યું કે ભારતીય સેના દ્વારા પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી પર તેમને ગર્વ છે.

■ 'મને મારી બહેન પર ગર્વ છે...' મોહમ્મદ સંજય કુરેશીએ કહ્યું કે આ ઓપરેશનમાં તેમની બહેને ભજવેલી ભૂમિકા પર તેમને ગર્વ છે.

## ભારતની એરસ્ટ્રાઇક




■ પીઓકેમાં પહેલું લશ્કર તાલીમ કેન્દ્ર સવાઈ નાલા મુઝફ્ફરાબાદમાં હતું. સોનમર્ગ, ગુલમર્ગ અને પહેલગામ હુમલાના આતંકવાદીઓએ અહીં તાલીમ લીધી હતી.

■ સૈયદના બિલાલ કેમ્પ મુઝફ્ફરાબાદ ખાતે શસ્ત્રો, વિસ્ફોટકો અને જંગલમાં ટકી રહેવાની તાલીમ આપવામાં આવી હતી.

■ કોટલી ગુરપુર કેમ્પ લશ્કરનો છે. 2023માં પૂંછમાં યાત્રાળુઓ પર હુમલો કરનારા આતંકવાદીઓને અહીં તાલીમ આપવામાં આવી હતી.

■ બર્નાલા કેમ્પ ભીમ્બર, અબ્બાસ કેમ્પ કોટલી ખાતે શસ્ત્રોનું સંચાલન. તે નિયંત્રણ રેખાથી 13 કિમી દૂર છે. આત્મઘાતી બોમ્બરો તૈયાર થતા હતા.

■ સરજલ કેમ્પ સિયાલકોટ. માર્ચ 2025માં આતંકવાદીઓને પોલીસ કર્મચારીઓને મારવા માટે અહીં તાલીમ આપવામાં આવી હતી.

■ મહમૂના જયા કેમ્પ સિયાલકોટમાં એક ખૂબ મોટો હિઝબુલ કેમ્પ હતો. આ કઠુઆમાં આતંકવાદનું નિયંત્રણ કેન્દ્ર હતું. પઠાણકોટ હુમલાનું આયોજન અહીં જ કરવામાં આવ્યું હતું.

■ મરકઝ તૈયબા મુરીડકેમાં એક આતંકવાદી છાવણી છે. અજમલ કસાબ અને ડેવિડ કોલમેન હેડલીને અહીં તાલીમ આપવામાં આવી હતી.

■ મરકઝ સુભાનલ્લાહ ભાવલપુર જૈશનું હેડક્વાર્ટર હતું. ભરતી અને તાલીમ આપવામાં આવી. મોટા અધિકારીઓ અહીં આવતા હતા. કોઈ નાગરિક જાનહાનિના અહેવાલ નથી, અમે રહેણાંક વિસ્તારોને નિશાન બનાવ્યા નથી.



## ભારતીય સેનાએ ટાર્ગેટ 1 અને ટાર્ગેટ 2 ના લાઈવ વીડિયો જાહેર કર્યા

**ટાર્ગેટ - 1**

ભારતીય સેનાએ કોટલીમાં અબ્બાસ આતંકવાદી છાવણી પર સવારે 1.04 વાગ્યે હુમલો કર્યો. આ કેમ્પ પીઓકેથી ૧૩ કિલોમીટર દૂર છે. તે લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ માટે એક પ્રકારનું જ્ઞાનતંતુ કેન્દ્ર છે, જ્યાં આત્મઘાતી બોમ્બરોને તાલીમ આપવામાં આવે છે. અહીં 50 થી વધુ આતંકવાદીઓને તાલીમ આપવામાં આવે છે. ભારતે અહીં હુમલો કર્યો અને તેનો સંપૂર્ણ નાશ કર્યો.

**ટાર્ગેટ - 1**

ભારતીય સેનાએ કોટલીમાં ગુલપુર આતંકવાદી છાવણી પર સવારે 1.08 વાગ્યે હુમલો કર્યો. આ કેમ્પ પીઓકેથી 30 કિલોમીટર દૂર છે. આ લશ્કર આતંકવાદીઓ માટે એક પ્રકારનું નિયંત્રણ કેન્દ્ર અને અડ્ડો છે. અહીંથી લશ્કર તેના આતંકવાદીઓને જમ્મુ અને કાશ્મીર મોકલે છે. ભારતે અહીં પણ હુમલો કર્યો અને તેને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધો. અહીં પણ ઘણા આતંકવાદીઓ માર્યા ગયા.

## આતંકવાદી મસૂદ અઝહરના પરિવારનો સફાયો, 14ના મોત



ભારતીય સેનાના ઓપરેશન સિંદૂરમાં મસૂદ અઝહરના પરિવારના 14 લોકો માર્યા ગયા હોવાના સમાચાર મળ્યા છે. તેમજ મસૂદ અઝહરનો આતંકવાદી ભાઈ રઉફ અસગર પણ ગંભીર રૂપે ઘાયલ થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. મૃતકોની યાદીમાં મસૂદ અઝહરનો ભાઈ અને ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકી રઉફ અસગરનો પુત્ર હુઝૈફા પણ સામેલ છે. તેમજ રુઉફ અસગરના ભાઈની પત્નીનું પણ મોત થયુ હોવાના અહેવાલો મળ્યા છે. મસૂદ અઝહરે પોતે આ મુદ્દે ખાતરી કરી છે. એક નિવેદનમાં જાણવા મળ્યું છે કે,'મસૂદ અઝહરની મોટી બહેનની સાથે કશફના આખા પરિવારનો સફાયો થયો છે. રઉફ અસગર પોતે અને તેના પૌત્ર-પૌત્રી, બહેન સાદિયાનો પતિ અને સૌથી મોટી દિકરીના ચાર બાળકો ઘાયલ છે. રઉફ અસગરના પુત્ર હુઝૈફા અને ભાઈની પત્નીનું મોત થયુ છે. '

### હું પણ મરી ગયો હોત તો સારું થાત

મસૂદ અઝહરે જૈશ-એ-મોહમ્મદ તરફથી નિવેદન આપ્યું છે કે, 'મારા પરિવારના 10 લોકો આ એરસ્ટ્રાઈકમાં માર્યા ગયા છે. મારા ભાઈ, બહેન, પત્ની, પુત્ર મૃત્યુ પામ્યા છે. તેઓ અમારા અંગત લોકો હતા. આ હુમલામાં હું પણ મરી ગયો હોત તો સારૂ થાત.'

## સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ, ઓપરેશન સિંદૂર મુદ્દે PM મોદીની પ્રથમ પ્રતિક્રિયા

(એજન્સી) નવી દિલ્હી | તા.07



પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ઓપરેશન સમગ્ર દેશ માટે ગર્વની પળ હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે, સેનાએ ઉત્કૃષ્ટ રીતે કામગીરી નિભાવી છે, આ આખા દેશ માટે ગર્વની પળ છે. ભારતીય સેનાએ ગત મોડી રાત્રે 25 મિનિટમાં જ પાકિસ્તાન અને POK સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં ઉડાડી દીધા હતા. જેમાં 90 આતંકવાદીઓ માર્યા ગયા છે. આ ઓપરેશનમાં મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશ-એ-મોહમ્મદનો કમાન્ડર મસૂદ અઝહરના આખા પરિવારનો સફાયો થયો છે. તેના પરિવારના કુલ 14 લોકો માર્યા ગયા છે. ઓપરેશન સિંદૂર બાદ કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન મોદીએ આ નિવેદન આપ્યું હતું.

## ઓપરેશન સિંદૂર બાદ દેશભરમાં એલર્ટ, 200 થી વધુ ફ્લાઇટ્સ રદ; 18 એરપોર્ટ અસ્થાયી રૂપથી બંધ



(એજન્સી) નવી દિલ્હી | તા.07

પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પર સેના દ્વારા મિસાઈલ હુમલા બાદ લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે 200 થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. શ્રીનગર સહિત લગભગ 18 એરપોર્ટ પર ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો, સ્પાઇસજેટ, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર અને કેટલીક વિદેશી એરલાઈન્સે વિવિધ એરપોર્ટ પર તેમની સેવાઓ રદ કરી. બધી એરલાઈન્સની સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને માહિતી આપવામાં આવી છે. માહિતી અનુસાર, દેશના ઉત્તર અને પશ્ચિમ ભાગોમાં લગભગ 18 એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા છે. જેમાં શ્રીનગર, લેહ, જમ્મુ, અમૃતસર, પઠાણકોટ, ચંદીગઢ, જોધપુર, જેસલમેર, શિમલા, ધર્મશાલા અને જામનગરનો સમાવેશ થાય છે. એરલાઈન્સે વિવિધ એરપોર્ટ પર જતી અને જતી 200 થી વધુ ફ્લાઈટ્સ રદ કરી છે, જેમાંથી એકલા ઈન્ડિગોએ લગભગ 160 ફ્લાઈટ્સ રદ કર્યાની જાણ કરી છે.

## 'અમે સરકાર અને સેનાની સાથે,' ઓપરેશન સિંદૂર પર રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેનું સમર્થન

(એજન્સી) નવી દિલ્હી | તા.07

ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા ગઈકાલે મોડી રાત્રે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી નવ આતંકી સ્થળોને નષ્ટ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પક્ષ તરફથી સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું છે. કોંગ્રેસ કાર્ય સમિતિની બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, અમારો પક્ષ સરકાર અને સેના સાથે છે. અમે દરેક પગલે તેમનું સમર્થન કરીએ છીએ. અમે સરકારની તમામ કાર્યવાહીને સમર્થન આપીએ છીએ. ભારતીય સેના પર અમને ગર્વ છે. કોંગ્રેસ પક્ષ દેશના વીર જવાનો સાથે છે. રાહુલ ગાંધીએ પણ મીડિયા સમક્ષ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું કે, કાર્યકારી સમિતિમાં અમે આ મુદ્દે ચર્ચા કરીએ છે. અમે અમારી સેનાને સંપૂર્ણપણે સમર્થન આપીએ છીએ. તેમને શુભેચ્છાઓ પાઠવીએ છીએ. કોંગ્રેસ પક્ષ તેમની સાથે છે. ખડગેએ જણાવ્યું કે, પાકિસ્તાન અને POKમાં આતંકી શિબિર વિરૂદ્ધ સાહસી અને નિર્ણાયક કાર્યવાહી બદલ અમને સશસ્ત્ર દળો પર ગર્વ છે. અમે ઓપરેશન સિંદૂરની સફળ કામગીરી મારફત જડબાતોડ જવાબ આપવા બદલ ગર્વ અનુભવીએ છીએ. INDIA ગઠબંધનના તમામ સહયોગી એકજૂટ થઈ કામ કરી રહ્યા છીએ.

## પાકિસ્તાનની અવળચંડાઇ | LOC પર કર્યો ગોળીબાર...15 ભારતીયોના મોત, 43 ઘાયલ

(એજન્સી) જમ્મુ | ભારતીય સેના દ્વારા નાગરિકોને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખતાં આતંકવાદીઓને જ નિશાન બનાવતું ઓપરેશન સિંદૂર હાથ ધરાયા બાદ પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ આવી રહ્યું નથી. આજે તેણે જમ્મુ-કાશ્મીરના પૂંછમાં આવેલી LOC ખાતે સીઝફાયરનું ઉલ્લંઘન કરતાં ઓછામાં ઓછા 15 નાગરિકોના મોત થયા છે. જ્યારે 43 જેટલા ઘાયલ થયા છે. ઉલ્લેખનીય છે, પાકિસ્તાનના રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે, જો ભારત આગળ કોઈ નવી કાર્યવાહી હાથ ન ધરે તો પાકિસ્તાન હુમલો કરશે નહીં. પાકિસ્તાનની સેના સિંદૂર ઓપરેશન બાદથી પૂંછ અને તંગધારમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવતાં અંધાધૂધ ગોળીબાર કરી રહી છે. મોર્ટાર વડે પણ હુમલો કર્યો છે. જેમાં 15 નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે 43 લોકો ગંભીર રૂપે ઘવાયા છે. સરહદ પર આવેલા વિસ્તારોમાં ઘરો, દુકાનો, બિલ્ડિંગને નુકસાન પહોંચાડતા હુમલો કર્યો હતો. બોમ્બ ઝીંકતા ઘણા વાહનો સળગી ઉઠ્યા હતા.

## ઓપરેશન સિંદૂર પર રાજનાથ સિંહે કહ્યું- હનુમાનજીના આદર્શનું પાલન કર્યું

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે અમે ફક્ત તે લોકોને જ માર્યા જેમણે આપણા નિર્દોષ નાગરિકોની હત્યા કરી. ભારતે પોતાની ધરતી પર થયેલા હુમલાનો જવાબ આપવા માટે રાઈટ ટુ રિસ્પોન્સનો ઉપયોગ કર્યો છે. આતંકવાદીઓનું મનોબળ તોડવા માટે, હુમલો ફક્ત તેમના કેમ્પ અને તેમની મૂળભૂત સુવિધાઓ સુધી મર્યાદિત રાખવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે અમે હનુમાનજીના આદર્શોનું પાલન કર્યું છે, જે તેમણે અશોક વાટિકાના વિનાશ સમયે અનુસર્યા હતા. જેમણે મને માર્યો, તેમણે મને માર્યો. અમે ફક્ત તે લોકોને માર્યા જેમણે નિર્દોષ લોકોને માર્યા હતા.

### ભારતીય સેનાએ અદ્ભુત બહાદુરી બતાવી

તેમણે કહ્યું કે, આજે પ્રધાનમંત્રીના માર્ગદર્શન હેઠળ, આપણી ભારતીય સેનાએ બધા ભારતીયોને ગૌરવ અપાવ્યું છે. આ પ્રસંગે સૌએ ભારત માતા કી જયભારત માતા કી જયભારત માતા કી જય ના નારા પણ લગાવ્યા હતા. તેમણે કહ્યું કે ગઈકાલે રાત્રે આપણા ભારતીય દળોએ તેમની અદ્ભુત બહાદુરીનું પ્રદર્શન કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે. ભારતીય સેનાએ સાવધાની અને સંવેદનશીલતા સાથે કાર્યવાહી કરી છે. લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા હતા. તેને નિર્ધારિત મર્યાદા અનુસાર તોડી પડાયું છે

### ભારતીય સેનાએ સતર્કતા સાથે માનવતા દર્શાવી

તેમણે કહ્યું કે એક રીતે આપણે કહી શકીએ છીએ કે આપણા સૈન્યના જવાનો દ્વારા એક પ્રકારની ચોકસાઈ, સતર્કતા અને માનવતા દર્શાવવામાં આવી છે. તેથી, હું સેનાના સૈનિકો અને અધિકારીઓનો આભાર માનું છું. હું પીએમનો પણ આભાર માનું છું. તેમણે કહ્યું કે પીએમના નેતૃત્વમાં ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું અને પહેલાની જેમ આતંકવાદી છાવણીઓનો નાશ કરીને યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. ભારતે પોતાની ધરતી પર જવાબ આપવા માટે રાઈટ ટુ રિસ્પોન્સનો ઉપયોગ કર્યો છે. આતંકવાદીઓનું મનોબળ તોડવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે બુધવારે સવારે ભારતીય સેનાએ પહેલગામ આતંકવાદી હુમલા વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓને તોડી પાડ્યા.



# સાબરકાંઠામાં જિલ્લા પ્રભારી મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ,લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ કુટીર, ખાદી અને ગ્રામ ઉદ્યોગ,નાગરિક ઉડ્ડયન શ્રમ અને રોજગાર અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પ્રભારીમંત્રી બળવંતસિંહ રાજપૂતે ઓપરેશન સિંદૂર માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા આયોજન કાર્યક્રમની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ તથા નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું. અને ખાસ પ્લાન (બક્ષીપંચ)નું આયોજન રજૂ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૬ માં સાબરકાંઠાના વિકેન્દ્રિત જિલ્લા આયોજનની




વિવિધ જોગવાઈ પૈકી 15% વિવેકાધીન જોગવાઈ હેઠળ 645 કામો માટે રૂ.1015 લાખ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ અંતર્ગત 20 કામો માટે રૂ.32.50 લાખ, ખાસ પ્લાન (બક્ષીપંચ) યોજના અંતર્ગત 10 કામો માટે 23.50 લાખ,જિલ્લાની નગરપાલિકાઓના 18 કામો માટે 150 લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સસંદસભ્ય અને ધારાસભ્ય ગ્રાન્ટની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે જિલ્લાના મંજૂર થયેલા પ્રજાલક્ષી વિકાસ કામો ઝડપથી પૂર્ણ કરવા અને કામોના પ્રગતિ અહેવાલ સમયાંતરે જિલ્લા કલેક્ટરને મોકલી આપવાનું રહેશે. તેમજ તેની જાણ પ્રભારી મંત્રીને કરવાની રહેશે. જિલ્લાના અધિકારીઓએ વિકાસના કામો કયા સ્ટેજે છે અને કેટલી પ્રગતિ થઈ તેનો રિપોર્ટ પ્રભારી મંત્રીને સમયમર્યાદામાં મોકલી આપવા જણાવ્યું હતું. વિકાસના કામો ઝડપથી પૂર્ણ થાય અને લોકોની સુખાકારીમાં વધારો થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, સાંસદ શોભનાબેન બારૈયા,સાંસદ રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્ય વી ડી ઝાલા, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર તથા તાલુકા પંચાયતના પ્રમુખઓ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને રચનાત્મક સૂચનો કર્યા હતા.

## રવાપર મધ્યે તા.11/5ના પશ્ચિમ કચ્છ લોહાણા રઘુવંશી પરિવારના વસ્તી પત્રકનો ભવ્ય વિમોચન સમારોહ યોજાશે

મહેશ એલ.સોની | નખત્રાણા

આગામી તારીખ ૧૧/ ૫/૨૦૨૫ રવિવારના દિવસે રવાપર મધ્યે પશ્ચિમ કચ્છ લોહાણા રઘુવંશી પરિવારની વસ્તી પત્રકનો ભવ્ય વિમોચન સમારોહ સંતો, જ્ઞાતિના આગેવાનોની ઉપસ્થિતિ માં યોજાશે. આ અંગે માહિતી આપતા શ્રી રવાપર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ રૂપારેલે જણાવ્યુ હતું કે આ એક દિવસીય કાર્યક્રમમાં સવારે ગાયોને લીલો ચારો,બપોર બાદ સંતોના સામૈયા, જાણીતા કલાકારોનો લોક ડાયરો, સંતો, અગ્રણીઓ, દાતાશ્રીઓના સન્માન, સમૂહ ભોજન પ્રસાદ સહિતનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે પશ્ચિમ કચ્છના મુખ્ય મથક નખત્રાણા સહિત ૫૦ જેટલા ગામોના ૯૪૫ જેટલા પરિવારોની સંપૂર્ણ માહિતી સાથે ઈષ્ટદેવ ભગવાન શ્રી દરિયાલાલજી , પ.પૂ.સંત શ્રી જલારામ બાપા, પ.પૂ.સંત શ્રી વાલરામજી મહારાજ, સમાજના વીર વિઠ્ઠલદાસ ચંદનની શૌર્યગાથા સહિત સમાજ ના ડૉક્ટરો , વકીલો, સી. એ. કલાકારો સહિતની સંપૂર્ણ માહિતીનો આ વસ્તી પત્રિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે જે સમાજ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. વસ્તી પત્રક સમિતિના દેવેન્દ્રભાઈ કતિરા, દિપકભાઈ રેલોન, મહેન્દ્રભાઈ ઠક્કર, રાજેશભાઈ પલણ, અશ્વિનભાઈ રૂપારેલ, પિયુષભાઈ ઠક્કર, સમીરભાઈ ઠક્કર , હીરાચંદ ઠક્કર, તારાચંદ ઠક્કર, સહિત ત્રણેય તાલુકાના ૧૦૦ જેટલા યુવાનોની અથાગ મહેનત થકી આ વસ્તીપત્રક તૈયાર કરવામાં આવ્યું છે.

## રાજ્યના 25,000 જેટલા ધાર્મિક સ્થળો ખાતે સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સમગ્ર ગુજરાતમાં 'આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ-૨૦૨૫'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના સહયોગથી રાજ્યના વિવિધ જિલ્લામાં આવેલા ધાર્મિક સ્થળોએ તા. ૧ મે - ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સહકાર ક્ષેત્રે એકતાના સંદેશ સાથે નાગરીકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને ધાર્મિક સ્થળોની પવિત્રતા જાળવવાની ભાવના ઉત્પન્ન કરવા માટે રાજ્યના ૨૫૨ તાલુકા અને ૧૩,૦૦૦ ગામડામાં આવેલા ૨૫,૦૦૦ ધાર્મિક સ્થળોએ 'સ્વચ્છતા મે સહકાર'ના સિદ્ધાંતને ઉજાગર કરતી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.'સ્વચ્છતા મે સહકાર' અભિયાન હેઠળ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા અને ચર્ચ સહિતના પવિત્ર સ્થળોનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય અને શહેરી સહકારી સંસ્થાઓના સભ્યો, યુવાનો અને મહિલાઓએ આ અભિયાનમાં સક્રિય ભાગ લઈ સામુહિક સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષકગણ, આચાર્યશ્રીઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાના સરપંચઓ-ઉપસરપંચઓ તથા અન્ય સભ્યો સહીત ૧.૫૦ લાખથી વધુ ગ્રામજનોએ પણ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો સફળતાપુર્વક આયોજન કરવા ૧૫ હજાર જેટલી સહકારી સંસ્થાઓ આગળ આવી મહત્વની ભુમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં ટ્રેક્ટર, પાવડી, સાવરણો, ડોલ, કચરા પેટી, સુપડા સહિતના પાંચ લાખ જેટલા સંસાધનોના ઉપયોગ થકી ૫૦,૦૦૦ કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

આ અભિયાનમાં રાજ્યસભા સાંસદ નરહરીભાઈ અમિન, ધારાસભ્ય અમિતભાઈ ઠાકર, ધારાસભ્ય, કિરીટસિંહ ડાભી, ધોળકા વિધાનસભા પૂર્વ ધારાસભ્ય વજુભાઈ ડોડીયા, કોર્પોરેટર, પ્રવીણાબેન પટેલ અને કોર્પોરેટરઓ ઉપરાંત ૩,૦૦૦થી વધુ સહકારી અગ્રણીઓ, અંદાજિત ૨૦૦થી વધુ APMCના ચેરમેનઓ તથા અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહી આ અભિયાનને સફળ બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## રાજ્યભરમાં યોજાઇ 'મોક ડ્રીલ'

### નર્મદા જિલ્લામાં રાજપીપલા, નર્મદા ડેમ અને SOU ખાતે એક સાથે ત્રણ જગ્યાઓ પર યોજાઈ મોકડ્રિલ





### રાજપીપળા ખાતે સૂર્ય પ્લાઝા કોમ્પલેક્ષ માં આગની ઘટના માં પાલિકા અને પોલીસે સફળ મોકડ્રિલ કર્યું

ભરત શાહ | નર્મદા

કાશ્મીર ના પહેલગાંવ ખાતે થયેલ આંતકી હુમલામાં 26 જેટલા નિર્દોષ પ્રવાસીઓ ને ધર્મ પૂછીને ગોળીઓ મારી મોતને ઘાટ ઉતારનાર આતંકીઓ ને સબક શીખવાડવા આવા અને રાષ્ટ્રીય આતંકીઓ ના સંઘઠન ને આશરો આપનાર પાકિસ્તાન પર ભારતે મિશન સિંદૂર નામે સ્ટ્રાઇક કરી છે ત્યારે યુદ્ધ આગળ વધે અને 125 કરોડ દેશ વાસીઓ ની સુરક્ષા માટે યુદ્ધ થાય તો કેવી કાળજી રાખવાની કેવા સાયરન વાગે ત્યારે કેવી તકેદારી રાખવાની જેની માહિતી આપવા માટે દેશના તમામ જિલ્લા તાલુકા મથકો અને મહત્વના મથકો પર મોકડ્રિલ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજપીપળા શહેર ખાતે રાજપીપળા નગરપાલિકા દ્વારા સૂર્યાપ્લાઝા કોમ્પ્લેક્સ ખાતે, SOU સત્તા મંડળ દ્વારા SOU પરિસર માં અને નર્મદા બટાલિયન SRP ગ્રુપ અને નર્મદા નિગમ દ્વારા નર્મદા ડેમ પર મોકડ્રિલ નું આયોજન કરવામાં આવ્યું હતું. સૂર્યાપ્લાઝા કોમ્પ્લેક્સ કરાયેલા આગ ના મોકડ્રિલ માં મુખ્ય માર્ગ પર બેરિકેટ મૂકી રસ્તો બંધ કરાયો હતો માર્ગ ઉપર ટાઉન પીઆઈ વી.કે.ગઢવી સહિત પોલીસ કાફલો તૈનાત રહી લોકો ની અવર જવર પર કાબુ રાખ્યો હતો.

રાજપીપળા નગરપાલિકા દ્વારા સૂર્યાપ્લાઝા કોમ્પ્લેક્સ ખાતે આગ લાગતા આખો કોમ્પ્લેક્સ ખાલી કરાવ્યો હતો અને અંદર ફસાયેલ અનેક લોકોને હેમ ખેમ બહાર કાઢવામાં આવ્યા હતા. આ મોકડ્રિલમાં ASP લોકેશ યાદવ, ડીવાયએસપી.પી.આર પટેલ પી.એસ.આઈ વી.કે.ગઢવી, પાલિકા ચીફ ઓફિસર સહિત કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સૂર્ય પ્લાઝા માં રાખેલા મોકડ્રીલ માં કોમ્પલેક્ષ ની દુકાનો માંથી બધા ને નીચે ઉતર્યા હતા અને મુખ્ય માર્ગ પર બેરિકેટ મૂકી રસ્તો બંધ કરી આગ ઉપર કાબુ મેળવાયો હોવાનું સફળ મોકડ્રિલ કરાયું હતું. ત્યારબાદ એએસપી લોકેશ યાદવ, ડીવાયએસપી પી.આર.પટેલ અને ટાઉન પીઆઈ વી.કે. ગઢવી એ ત્યાં હાજર સૌને આ બાબતની વિગતવાર માહિતી આપી હતી. આમ એક સફળ મોકડ્રિલ પાર પડાયું હતું.

## ચાણસ્માના સરદાર ચોક ખાતે વહિવટી તંત્ર દ્વારા સિવીલ ડિફેન્સ મોકડ્રીલ યોજાઈ

નીતિન ઠાકર | ચાણસ્મા



એક બાજુ ભારત- પાકીસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતી સર્જાઈ છે ત્યારે ગુજરાત ના શહેરો નગરો માં નાગરીકોએ યુદ્ધની સ્થિતી સર્જાય ત્યારે કેવી સાવચેતી રાખવી તે અંગે જાણકારી મળે તે માટે તંત્ર દ્વારા સિવીલ ડિફેન્સ મોકડ્રીલ નું આયોજન કરાયું હતું જે અનુસંધાન ચાણસ્મા નગરમાં તંત્ર દ્વારા સરદાર ચોક ખાતે નગરજનો યુદ્ધ ના સમયે સાયરન વાગે અથવા કપરી પરિસ્થિતી ઉભી થાય ત્યારે ગભરાવવું નહી અને તંત્ર દ્વારા જે આદેશ થાય તેનુ પાલન કરવું તેવા સુચનો કરાયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવા સહિત નું મોકડ્રીલ યોજાઈ હતી જેમાં મામલતદાર તા.વિકાશ અધિકારી આરોગ્ય અધિકારી ચિફ ઓફિસર સહિત ચાણસ્મા ની વિવિધ સંસ્થા ઓના પદાધિકારીઓ ભાજપના અગ્રણીઓ કાર્યકરો નગરજનો ઉપસ્થિત રહ્યા હતા

## ચંડીસર | HPCL ખાતે મોક ડ્રીલનું આયોજન કરાયું



માહિતી બ્યુરો | પાલનપુર

રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન અને નિર્દેશ અનુસાર 'ઓપરેશન અભ્યાસ'ના ભાગરૂપે રાજ્યના વિવિધ વિસ્તારોમાં નાગરિક સંરક્ષણ (Civil Defence) અંગે જાગૃતિ હેતુથી અલગ-અલગ સ્થળોએ મોક ડ્રીલનું આયોજન કરાયું હતું. બનાસકાંઠા જિલ્લાના કલેકટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ ચંડીસર ખાતે આવેલ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) ખાતે સિવિલ ડિફેન્સની મહત્વપૂર્ણ મોક ડ્રીલ યોજાઈ હતી.

આ ડ્રીલના માધ્યમથી HPCL જેવી ઓઇલ ઈન્ડસ્ટ્રીઝમાં દુર્ઘટનાની પરિસ્થિતિમાં ત્વરિત કામગીરી, બચાવ તથા બચાવ કાર્યમાં જોડાયેલ વિવિધ લોકો વચ્ચેની સંકલિત કામગીરી અંગે પ્રેક્ટિકલ કરાયું હતું. આ કાર્યક્રમમાં પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ, 108 એમ્બ્યુલન્સ સેવા, સ્થાનિક વહીવટી તંત્ર તેમજ HPCLના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. મોક ડ્રીલ થકી આગ, જાનહાની, ઇંધણ લીકેજ અને પેનિક સ્થિતિમાં બચાવ અને રાહત માટે કેવી રીતે કામગીરી કરવી તે બાબતે માર્ગદર્શન અપાયું હતું. મોક ડ્રીલમાં અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

## અંબાજી | સિવિલ ડિફેન્સની મોક ડ્રીલનું આયોજન કરાયું



માહિતી બ્યુરો | પાલનપુર

રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન અને નિર્દેશ અનુસાર 'ઓપરેશન અભ્યાસ'ના ભાગરૂપે રાજ્યમાં સિવિલ ડિફેન્સ અંગે લોકોમાં જાગૃતિ અને તૈયારી વધારવાના હેતુથી વિવિધ જિલ્લાઓમાં મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના કલેકટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાની અધ્યક્ષતામાં સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે સિવિલ ડિફેન્સની મોક ડ્રીલ યોજાઈ હતી.

આ મોક ડ્રીલના માધ્યમથી અંબાજી વિસ્તારમાં આવનારા યાત્રાળુઓ અને સ્થાનિક નાગરિકોને આપત્તિકાળમાં તત્કાલ પ્રતિસાદ અને બચાવ કામગીરી અંગે જાગૃત કરવાનો પ્રયાસ કરાયો હતો. આ અભ્યાસમાં પોલીસ વિભાગ, ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ, સ્થાનિક પ્રશાસન અને અન્ય તાત્કાલિક પ્રતિસાદ આપનારી એજન્સીઓએ ભાગ લીધો હતો. મોક ડ્રીલ દરમિયાન અંબાજી વહીવટદાર અને અધિક કલેકટરશ્રી કૌશિક મોદી, પ્રાંત અધિકારી સુશ્રી સિદ્ધિ વર્મા, મદદનીશ પોલીસ અધિક્ષક સુમન નાલા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ અને બહોળી સંખ્યામાં ભાવિભક્તો જોડાયા હતા.

ભારત સરકાર.
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય.
પ્રવેગક કોર્પોરેટ એક્ઝિટ પ્રોસેસિંગ માટેનું કેન્દ્ર (C-PACE).
IICA બિલ્ડિંગ, 7મો માળ, પ્લોટ P-6-7-8, સેક્ટર 5, IMT માનેસર, ગુડગાંવ, હરિયાણા - 122050.
ઈમેઈલ:- roc.cpace@mca.gov.in

Government of India
Ministry of Corporate Affairs
Centre for Processing Accelerated Corporate Exit (C-PACE)
IICA Building, 7th Floor,
Plot P-6,7,8, Sector-5, IMT Manesar,
Gurgaon, Haryana - 122050.
Email: roc.cpace@mca.gov.in

ફોર્મ નંબર:- STK - 6.
જાહેર સૂચના.
(1) કંપની અધિનિયમ 2013 ની કલમ 248 હેઠળ ગુજરાત રાજ્યમાં (36) કંપનીઓના નામ સ્ટ્રાઇક કરવા અથવા દૂર કરવાના સંદર્ભમાં:

જાહેર સુચના :- ROC/C-PACE/STK-2/248(2)/B1/2024-25 /304 તારીખ :- 29-04-2025

સંદર્ભ

(1) કંપની અધિનિયમ 2013 ની કલમ 248 હેઠળ ગુજરાત રાજ્યમાં (61) કંપનીઓના નામ સ્ટ્રાઇક કરવા અથવા દૂર કરવાના સંદર્ભમાં:

| ક્રમ નંબર | કાર્ય વસ્તુ | CIN | કંપનીનું નામ |
|---|---|---|---|
| 1 | AB2955695 | U74140GJ2014PLC081051 | સ્કાયગ્રોથ કન્સલ્ટન્સી લિમિટેડ |
| 2 | AB3035979 | U65999GJ2022PLN134567 | અનિકંચન નિધિ લિમિટેડ |
| 3 | AB3079758 | U90009GJ2023PTC140160 | આઈફ્લાઈએંટ પ્રાઈવેટ લિમિટેડ |
| 4 | AB3122101 | U24114GJ2002PTC041494 | શિપ ડાઈઝ એંડ ઈન્ટરમિડિએટસ્ પ્રાઈવેટ લિમિટેડ |
| 5 | AB3124740 | U15400GJ1996PTC029830 | રૂપમ એગ્રો મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 6 | AB3128202 | U36900GJ2008PTC052573 | ગુજરાત ગોલ્ડ લેબોરેટરી પ્રાઈવેટ લિમિટેડ |
| 7 | AB3129565 | U63020GJ1996PTC029113 | કેદારનાથ કોલ્ડ સ્ટોરેજ પ્રાઈવેટ લિમિટેડ |
| 8 | AB3130983 | U25209GJ2014PTC080155 | સ્ટેલા એન્ટરપ્રાઈઝેસ પ્રાઈવેટ લિમિટેડ |
| 9 | AB3152567 | U29259GJ1970PTC001748 | રાજગુરુ ટેક્સટાઈલ એન્જિનિયરસ્ પ્રાઈવેટ લિમિટેડ |
| 10 | AB3171346 | U72900GJ2021PTC125191 | ફૈમિટ્રી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ |
| 11 | AB3173230 | U01110GJ2021PTC120678 | મૈપલટ્રી એગ્રોહબ પ્રાઈવેટ લિમિટેડ |
| 12 | AB3206155 | U68200GJ2023PTC146852 | બીએટી સેંટર પ્રાઈવેટ લિમિટેડ |
| 13 | AB3211483 | U45500GJ2020PTC115947 | ઈ એંડ એસ ઈન્ફ્રાપ્રોજેક્ટસ્ પ્રાઈવેટ લિમિટેડ |
| 14 | AB3221629 | U65910GJ1993PTC019501 | શ્રી નંદેસરી ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 15 | AB3316847 | U15400GJ2019PTC108161 | યૂનિમ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 16 | AB3368728 | U24304GJ2017PTC097127 | અલ્તેજા એક્સિમ પ્રાઈવેટ લિમિટેડ |
| 17 | AB3406201 | U28999GJ2020PTC116630 | ઓમ ગંગા એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 18 | AB3438357 | U67120GJ2005PTC045567 | દ્વારકેશ શેર્સ એંડ સ્ટોક બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડ |
| 19 | AB3439913 | U74999GJ2021PTC128087 | સિલિડ્રોં ગૈસટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 20 | AB3449954 | U85100GJ2022PTC128393 | અમાક્સ એચએસઈક્યૂ પ્રાઈવેટ લિમિટેડ |
| 21 | AB3450072 | U72900GJ2014PTC081134 | ઓમ ટેકવિઝન પ્રાઈવેટ લિમિટેડ |
| 22 | AB3451474 | U72900GJ2021PTC123992 | ટેલીવિઝ ટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 23 | AB3451962 | U51221GJ2021PTC120203 | નીપ ગ્રીન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 24 | AB3457199 | U24303GJ2020PTC114352 | અબ્રોક્સ પિગમેંટ પ્રાઈવેટ લિમિટેડ |
| 25 | AB3460653 | U72900GJ2022PTC129059 | નેક્સ્ટવિઝન હેલ્થકેર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 26 | AB3461980 | U40106GJ2019PTC106851 | પાવનસુત ઈલેકોન પ્રાઈવેટ લિમિટેડ |
| 27 | AB3464274 | U74120GJ2012PTC070227 | કંદબ આઈટી કન્સલ્ટન્સી સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ |
| 28 | AB3476894 | U24117GJ2020PTC113325 | એલેગન માઈક્રોબ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 29 | AB3478183 | U47711GJ2024PTC150714 | સિમંધન સેલ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 30 | AB3483775 | U17299GJ2022PTC136167 | ગ્લોબલ ટેક્સનિટ પ્રાઈવેટ લિમિટેડ |
| 31 | AB3484146 | U72900GJ2018PTC105597 | ઈન્ફોરેટેલ ટેકસોલ્યૂશંસ એંડ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ |
| 32 | AB3496938 | U46497GJ2024OPC150472 | રવરિયા ફાર્માસ્યુટિકલ (ઓપીસી) પ્રાઈવેટ લિમિટેડ |
| 33 | AB3517306 | U24219GJ2013PTC077528 | ડોવેક્સા એગ્રોટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 34 | AB3540075 | U41003GJ2023PTC139796 | શ્રી સાંઈનાથ ઈપીસીટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 35 | AB3421545 | U85300GJ2021PTC121079 | કૃપર ટેક મેડ પ્રાઈવેટ લિમિટેડ |
| 36 | AB3466180 | U72900GJ2023PTC138322 | એગ્રીજિયસ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ |

(2)આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીઓના રજિસ્ટ્રારને કંપની અધિનિયમ 2013ની કલમ 248(2) હેઠળ કંપનીના રજિસ્ટરમાંથી તેના/તેમના નામ દૂર કરવા માટે ઉપરોક્ત કંપનીઓ પાસેથી અરજીઓ મળી હતી. તેમના નિગમના એક વર્ષની અંદર અથવા તે આધાર પર વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ગયા કે કંપની(ઓ) નાણાકીય વર્ષ અગાઉના બે તુરંત સમયગાળા માટે કોઈપણ વ્યવસાય અથવા કામગીરી ચાલુ કરી રહી નથી. અને કંપની અધિનિયમ 2013 ની કલમ 455 હેઠળ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવવા માટે આવા સમયગાળાની અંદર કોઈ અરજી કરી નથી અથવા કંપનીએ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવ્યો છે/મેમોરેન્ડમના સબ્સ્ક્રાઈબરોએ ચૂકવણી કરી નથી સબ્સ્ક્રિપ્શન જે તેઓએ કંપનીના સમાવિષ્ટ સમયે ચૂકવવાનું હાથ ધર્યું હતું અને આ અસરની જાહેરાત તેના એકસો અને એંસી દિવસની અંદર ફીલ્ડ કરવામાં આવી નથી. જો કલમ 12 ની પેટા-કલમ (9)હેઠળ હાથ ધરવામાં આવેલી ભૌતિક ચકાસણી પછી જાહેર થયા મુજબ કલમ 10A/એ કોઈપણ વ્યવસાય અથવા કામગીરી હાથ ધરી ન હોય તો પણ તે/તેઓ તેની/તેમની નોંધણી ચાલુ રાખવા માંગતા નથી. કંપનીઓ તરીકે અને તેથી, કંપનીઓના રજિસ્ટરમાંથી તેના/તેમના નામ દૂર કરવા/હડતાલ દુર કરવા વિનંતી કરી છે.

(3)તદનુસાર કંપનીઓના રજિસ્ટ્રાર કંપનીના રજિસ્ટરમાંથી ઉપરોક્ત કંપનીઓના નામ દૂર કરવા અથવા હટાવવાની દરખાસ્ત કરે છે.

(4)કંપનીઓના રજિસ્ટરમાંથી સૂચિત નામ દૂર કરવા અથવા તોડવા સામે વાંધો ઉઠાવતી કોઈપણ વ્યક્તિ આ નોટિસના પ્રકાશનની તારીખથી ત્રીસ દિવસની અંદર ઉપર જણાવેલ કાર્યાલયના સરનામા પર પોતાનો વાંધો મોકલી શકે છે.

ઈર્કેન ટીર્કે
મદદનીશ રજીસ્ટ્રાર.
કોર્પોરેટ એક્ઝિટને વેગ માટેનું પ્રક્રિયા કેન્દ્ર

CBC 07123/11/0149/2526

## આહવા-સોનુનીયા એસ.ટી. બસ બોરખલ પાસે ખોટકાઈ

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં સોનુનીયાથી આહવા તરફ જઈ રહેલી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (જીએસઆરટીસી)ની બસ બોરખલ ગામ નજીક રસ્તામાં ખોટકાઈ જતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.એસટી બસ અચાનક બંધ પડી ગઈ હતી અને ચાલકે તેને ફરી શરૂ કરવાના ઘણા પ્રયત્નો કર્યા હોવા છતાં તે સફળ રહ્યો નહોતો.આ ઘટનાને પગલે બસમાં સવાર મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિતના તમામ મુસાફરો અટવાઈ ગયા હતા.અહી વરસાદી માહોલ અને વાવાઝોડાનાં વાતાવરણમાં એસટી બસ ખોટકાઈ જતા મુસાફરોનો જીવ અધ્ધર થયો હતો.તેમજ તેમના કામકાજ અને અન્ય સ્થળોએ પહોંચવામાં વિલંબ થયો હતો.આ ઘટનાએ એસ. ટી.નિગમની 'એસટી અમારી સલામત સવારી' ના સ્લોગનને પોકળ સાબિત કર્યો છે.ડાંગ જિલ્લામાં વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતા આહવા એસ.ટી.નિગમ દ્વારા કોઈ નક્કર પગલા લેવામાં આવતા નથી તે બાબતે મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.સોનુનીયા અને આહવા વચ્ચે દોડતી એસટી બસો અવારનવાર રસ્તામાં ખોટકાઈ જવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.આ રૂટની બસોની જાળવણી યોગ્ય રીતે કરવામાં આવતી ન હોવાથી આવી સમસ્યાઓ સર્જાય છે.આહવા એસટી ડેપોનો વહીવટ પણ કથળી ગયો હોવાના આક્ષેપો મુસાફરો દ્વારા કરવામાં આવી રહ્યા છે.ડેપો પર પૂરતી સુવિધાઓનો અભાવ હોવાની પણ ફરિયાદો ઉઠી છે.જેથી એસ.ટી. નિગમનું તંત્ર તાત્કાલિક આ બાબતે ધ્યાન આપે અને સોનુનીયા-આહવા રૂટની બસોની નિયમિત જાળવણી સુનિશ્ચિત કરે. સાથે જ, આહવા એસટી ડેપોના વહીવટમાં સુધારો લાવવામાં આવે તે જરૂરી બન્યું છે.

## ઓપરેશન સિંદૂર બાદ માછીમારોને કરાયા એલર્ટ, ગુજરાત સરકારે આપી આ સૂચના

(એજન્સી) ગાંધીનગર | ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા ગુજરાત સરકારે તમામ માછીમારોને એલર્ટ કર્યા છે. માછીમારોને સાવચેતી રાખવા માટે સૂચના આપવામાં આવી છે અને IMBL અને સંવેદનશીલ વિસ્તારમાં ન જવા સૂચના પણ આપવામાં આવી છે. ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા ગુજરાતના માછીમારો ને સાવચેતી રાખવા ગુજરાત સરકારે પત્ર બહાર પડ્યો છે. IMBL તથા સંવેદનશીલ સમુદ્રી વિસ્તારોમાં ફિસિંગ માટે ન જવા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. માછીમારોને તેમના તમામ ઓળખ પત્રો, આધાર પુરાવા સાથે રાખવા માટે સૂચન કરવામાં આવ્યું છે જેથી ડિફેન્સ એજન્સીઓ ને વેરિફિકેશનમાં મદદ મળે.

## ભારતીયની પાકિસ્તાન પર એરસ્ટ્રાઇક | આતંકીઓનો ખાત્મો બોલાવતાં પાટણ જિલ્લા સહીત ચાણસ્મા હારીજ પંથકના નાગરીકો સંતોનું સમર્થન

નિતીન ઠાકર | ચાણસ્મા

પહેલગામ હુમલાના 15 દિવસ પછી ભારતે પાકિસ્તાન અને POKમાં 9 આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. મંગળવારે રાત્રે બહાવલપુર, મુરીદકે, બાગ, કોટલી અને મુઝફ્ફરાબાદમાં 'ઓપરેશન સિંદૂર' હેઠળ હુમલા કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનમાં એરસ્ટાઈક બાબતે પાટણ વાસીઓ સહિત ચાણસ્મા શહેર પંથક ના લોકો શુ કહે છે. જયેશ પટેલ જણાવ્યું હતું કે પહેલા ગામ માં આપડા નિર્દોષ 27 નાગરિકોને આતંકવાદીઓ મોત ને ઘાટ ઉતર્યા એ પછી મારા જેવા કેટલાય દેશ ભક્તો નું લોહી ઉકલી ઉઠ્યું હતુ પરંતુ આજે રાત્રે જયારે ઇન્ડિયન એરફોર્સ દ્વારા એર સ્ટાઈક કરી આતકિઓ ને મોત ને ઘાટ ઉતર્યા ,આ નરાધમો ને ત્યારે આજે દિલ થી ઇન્ડિયન એરફોર્સ અને ભારતીય આરમી અને ભારત સરકાર ઉપર ગર્વ છે આજે મારા જીવન માં ખુશી અને આનંદ નો દિવસ છે આવા નરાધમો ને મોત ને ઘાટ ઉતાર્યા જો યુદ્ધ પણ થાય તો ભારત સરકાર સાથે તમામ દેશ વાસી ઓ તનમન ધન થી ઉભું રહેવું જોઈએ આ બાબતે તમામ પક્ષઓ પણ સાથે રહેવું જોઈએ અને સરકાર ને સમર્થન કરવું જોઈએ તેમ જણાવ્યું હતુ

**જય પ્રકાશ પટેલ** જણાવ્યું કે વહેલી સવારે ઉઠતા સમાચાર માંજોયું તો ભારતીય એરફોર્સ દ્વારા પાકિસ્તાન ના આતકીઓઓ ના ઠેકાણા હતા એના ઉપર હુમલો કર્યો અને અતકીઓ ઉડાવી દીધા છે અમને ભારતીય એરફોર્સ,સેના અને સરકાર ઉપર ગર્વ છેખરેખર આવી તો કલ્પના પણ ના હતી આવતી કાલ મોકડીલ કરી પ્રજા ને યુદ્ધ થાય તો કેવી સાવચેત રહેવા ની હતી પણ રાત્રે એરફોર્સ એર સ્ટ્રેઈક કરી આપડા 27 જેટલા નાગરિકો માર્યા હતા તેની સામે આતંકીઓ ઉડાવી દીધા છે એ બાબતે અમે ભારતીય એરફોર્સ અને ભારતીય સેના અને સરકાર ખુબજ ગર્વ છે.

**સુરેશભાઈ પેટલે** જણાવ્યું હતું કે થોડા દિવસ પહેલા કાસમીર ના પહેલા ગામમાં જે પ્રવાસી ઓ ફરવા માટે ગયા હતા તે પ્રવાસીઓ ઉપર પોતાનો ધર્મ પૂછી આતકીઓ નિશાન બનાવી ને 27જેટલા પ્રવાસીઓ હત્યા કરી હતી આ હત્યા ના વિરોધ માં દેશ ભર માં પડઘા પડ્યા હતા લોકો માં આક્રોશ હતો.સરકાર પણ આક્રોશ માં હતી ત્યારે 'મિડીયા ના માધ્યમ જાણવા મળ્યું કે પાકિસ્તાન માં ભારતીય એરફોર્સ દ્વારા એરસ્ટાઈક કરી હુમલો કરવામાં આવ્યો છે અને ત્રાસ વાદી આતકીઓ ખાતમો બોલાવ્યો ત્યારે ભારતે વધુ હુમલા કરીને આવા આતકીઓ ખાતમો કરવો જોઈએ ત્યારે આપણા પ્રવાસીઓ મારી ગયા છે તેમની આત્માને શાંતિ મળશે. ભારતે અગાઉ અનેક યુદ્ધ જીત્યા છે એટલે ભારત માટે આ કાઈ નવું નથી આતકીઓ ખાતમો બોલાવશે મને વિશ્વાસ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## શીતલબેન કળથિયાએ કહ્યું-મારા પતિના આત્માને શાંતિ મળી હશે, કાજલબેન બોલ્યા-આવો હુમલા કરતા રહો, પતિ-પુત્રને ન્યાય મળ્યો

# એરસ્ટ્રાઇકને ભાવનગર-સુરતના પરિવારે માની સાચી શ્રદ્ધાંજલિ

ભાવનગર | ભારતીય સેનાએ પાકિસ્તાન પર કરેલી એરસ્ટ્રાઇકથી ભાવનગરના શહીદ પરિવારને મોટી રાહત મળી છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા પિતા-પુત્રના પરિવારજનોએ આ કાર્યવાહીને સાચી શ્રદ્ધાંજલિ ગણાવી છે. તો પહેલગામમાં આતંકવાદી હુમલામાં મોતને ભટેલા સુરતના મૃતક શૈલેષ કળથિયાનાં પત્ની શિતલબેને કહ્યું છે કે, આતંકીઓના ઠેકાણા પર હુમલાથી સરકારે બદલો લીધો હોવાની લાગણી વ્યક્ત કરતાં મૃતકના પત્નીએ કહ્યું કે, મારા પતિના આત્માને શાંતિ મળશે.

મૃતક યતિષ પરમારના પત્ની કાજલબેન પરમારે જણાવ્યું કે તેમને દેશના વડાપ્રધાન અને ભારતીય સેના પર ગર્વ છે. તેમણે કહ્યું કે આ કાર્યવાહીથી તેમના પરિવારજનોના આત્માને શાંતિ મળશે.

મૃતક સ્મિત પરમારના કઝીન અભિષેક પરમાર અને સાવન પરમારે પણ ભારતીય સેનાની કાર્યવાહીને આવકારી છે. પરિવારજનોએ જણાવ્યું કે આતંકવાદીઓ સામે લેવાયેલા આ પગલાંથી તેમને સંતોષ થયો છે. આ કાર્યવાહીથી તેમના પરિવારના શહીદ સભ્યોને સાચી શ્રદ્ધાંજલિ મળી છે.

પહેલગામ આતંકવાદી હુમલાના 15 દિવસ પછી ભારતે મંગળવારે રાત્રે 1:44 વાગ્યે 26 નિર્દોષ ભારતીયોની હત્યાનો બદલો લેવાનું શરૂ કર્યું હતું. 'ઓપરેશન સિંદૂર' હેઠળ, ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના પંજાબના બહાવલપુરના અહમદપુર અને મુરીદકે અને પાકિસ્તાન ઓક્યુપાઇડ જમ્મુ અને કાશ્મીર (પીઓકે)ના બાગ, મુઝફ્ફરાબાદ અને કોટલીમાં નવ આતંકવાદી ઠેકાણાઓને તારાજ કર્યા છે. સંરક્ષણ મંત્રાલયના એક સત્તાવાર નિવેદન અનુસાર 'ઓપરેશન સિંદૂર' હેઠળ ભારતીય સશસ્ત્ર દળોએ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા જ્યાંથી ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાઓનું આયોજન અને સંચાલન કરવામાં આવતું હતું. મોડી રાત્રે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે દિલ્હીમાં સંરક્ષણ મુખ્યાલયના વૉર રૂમમાંથી કાર્યવાહીનું નિરીક્ષણ કર્યું હતું. ભારતીય સેનાના હુમલા પછી સવારે 2:46 વાગ્યે તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, ભારત માતા કી જય!


પહેલગામ હુમલાના મૃતકનો પરિવાર

### સુરેન્દ્રનગરના લોકોનું કહેવું છે, સિંદૂર તો સિર્ફ ઝાંખી હૈ હલ્દી ઔર મહેંદી અભી બાકી હૈ

સુરેન્દ્રનગરના પાટડીમાં રહેતી દીક્ષાબેને જણાવ્યું કે, સવારે જયારે જાણ્યું કે, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડાઓ પર એર સ્ટ્રાઈક કરી છે, ત્યારે મને ભારતીય સેના પર ગર્વનો અહેસાસ થયો હતો અને આ તબક્કે હું તો એટલું જ કહીશ કે, સિંદૂર તો સિર્ફ ઝાંકી હેં, હલ્દી, મહેંદી તો અભી બાકી હેં..... 22 એપ્રિલ મંગળવારે બપોરે લગભગ 2 વાગ્યા આસપાસ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ પર્યટકો પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં 26થી વધુ લોકોનાં મોત થયા છે, જેમાં સુરતના શૈલેષ હિંમતભાઈ કળથિયાનું પણ મોત થયું હતું. ત્યારે આજે ભારતે પાકિસ્તાનના આતંકી ઠેકાણા પર હુમલો કર્યો છે. જેથી આ હુમલાથી સરકારે બદલો લીધો હોવાની લાગણી વ્યક્ત કરતાં મૃતકના પત્નીએ કહ્યું કે, મારા પતિના આત્માને શાંતિ મળશે. મૃતક શૈલેષભાઈ કળથિયાના પત્ની શિતલબેને કહ્યું કે, મને સરકાર પર ભરોસો હતો. સરકારે આતંકીઓના ઠેકાણા પર હુમલો કરીને બદલો લીધો છે. ત્યારે મારા પતિના આત્માને શાંતિ મળી હશે. પાકિસ્તાનને પાઠ ભણાવવામાં આવી રહ્યો છે.

# ગેસ લાઇનમાં આગ, મા-દીકરી સહિત ત્રણના મોત

### આખું ફાસ્ટફૂડ સેન્ટર સળગ્યું, મોતનો આંકડો વધી શકે; મંજૂરી વગર JCBથી ખાડો ખોદતા સ્પાર્ક બાદ વિસ્ફોટ થયો

જૂનાગઢ | જૂનાગઢ શેહેરના ઝાંઝરડા રોડ પર આજે વહેલી સવારે એક દુર્ઘટનાની ઘટના સામે આવી છે. અંડરગ્રાઉન્ડ ગેસ પાઈપલાઈનમાં ભયંકર આગ ફાટી નીકળતા ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે પાંચ લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી રહી છે. મૃતકમાં માતા-પુત્રીનો સમાવશે થાય છે, જ્યારે પિતા સારવાર હેઠળ છે. જેમને ત્યા લગ્નના 18 વર્ષ બાદ દીકરીનો જન્મ થયો હતો.

આ દુર્ઘટનાની અંગે મળતી માહિતી મુજબ શહેરના ઝાંઝરડા રોડ પર કોઈપણ અધિકૃત મંજૂરી વિના JCB દ્વારા ખાડો ખોદવામાં આવી રહ્યો હતો ત્યારે JCB ગેસ લાઈનને અડતાં અચાનક સ્પાર્ક બાદ વિસ્ફોટ થઈને આગ લાગી હતી. આ ઘટનામાં હજુ સુધી ત્રણ લોકોના મોત નીપજ્યાની પુષ્ટિ થઈ છે, જ્યારે પાંચ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે અને તેમને સારવાર માટે તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ સ્થળ નજીક ખાણીપીણીની દુકાનો, ફાસ્ટફૂડ સેન્ટર અને પાનના ગલ્લાઓ આવેલી હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ હતી. લોકોને સમયસર બહાર કાઢવા માટે ફાયર વિભાગે જહેમતભર્યા પ્રયાસો હાથ ધર્યા હતા. ફાયર વિભાગના કર્મચારીઓએ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી અનેક દુકાનોમાં લાગેલી આગને કાબૂમાં લેવા મોટેપાયે કામગીરી શરૂ કરી હતી. આકસ્મિક આગની જાણ થતાં તાત્કાલિક જિલ્લા કલેક્ટર, પોલીસ અધિકારીઓ અને તંત્રના અન્ય અગ્ર અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જનતાની ભીડ એકત્ર ન થાય તે માટે અને રાહત કાર્ય સુચારુ રહે તે હેતુથી પોલીસ દ્વારા ઝાંઝરડા ચોકડી તરફ જતાં માર્ગોને અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવ્યા હતા.



ઉલ્લેખનીય છે કે, ગઈકાલે પણ મધુરમ ચોકડી પર ટોરેન્ટ ગેસની લાઈન લીકેજ થઈ હતીસ જેમાં ટોરેન્ટ ગેસના કર્મચારીઓ કબૂલ્યું હતું કે આ જગ્યા પર કામ કરવા માટેની કોઈએ પરવાનગી લીધી નહોતી. કર્મચારીઓએ એવું પણ કહ્યું હતું કે આ આકસ્મિક ઘટના છે આમાં અમારી કોઈ જવાબદારી હોતી નથી

### નુકસાનનો આંકડો હજી સ્પષ્ટ નહીં

હાલ સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. આગના કારણે થયેલા નુકસાનનો આંકડો હજુ સ્પષ્ટ થયો નથી, પરંતુ દુકાનો સહિતના વ્યવસાયિક એકમોને પણ નુકસાન થવાનું માનવામાં આવી રહ્યું છે. આ સમગ્ર ઘટનાની તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી છે અને અધિકારીઓ દ્વારા દોષિત લોકો સામે કડક પગલાં લેવામાં આવશે તેવી શક્યતા છે.

PGVCLના લાઇનમેન રાજેશ પુરોહિતે જણાવ્યું હતું કે, આ જગ્યાએ PGVCLને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર JCB મારફતે અંડરગ્રાઉન્ડ ખાડો ખોદવામાં આવી રહ્યો હતો. ખોદકામ દરમિયાન ગેસ પાઈપલાઈનને નુકસાન થતાં તરત જ સ્પાર્ક થયો હતો અને ત્યારબાદ જ ભયંકર આગ લાગી હતી.

## પાલનપુરમાં ગટરનું પાણી રોડ પર ફરી વળ્યું

### મફતપુરામાં ઘૂંટણ સમા પાણીમાંથી પસાર થવા લોકો મજબૂર



બનાસકાંઠા | પાલનપુરના મફતપુરા વિસ્તારમાં કમોસમી વરસાદને કારણે ગટરનું પાણી રોડ પર ફરી વળ્યું છે. ગટરની ચેમ્બરો ઉભરાતા લોકોના ઘર આગળ ઘૂંટણ સમું ગંદુ પાણી ભરાઈ ગયું છે. સ્થાનિક રહીશોને રોજિંદા કામકાજ માટે ગટરના ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. આ સમસ્યાને કારણે વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. નાના બાળકો રોગચાળાનો ભોગ બને તેવી દહેશત સ્થાનિકોમાં વ્યાપી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, આ સમસ્યા અંગે અનેકવાર પાલિકા તંત્રને રજૂઆત કરવામાં આવી છે. પરંતુ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હજુ ચોમાસું દૂર છે ત્યારે જ આવી સ્થિતિ સર્જાઈ છે. સ્થાનિકો પાલિકાની નિષ્ક્રિયતાને કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

### વલસાડમાં કમોસમી વરસાદ-વાવાઝોડાથી નુકસાન...

## કલેક્ટરે ખેતીવાડી અને બાગાયત વિભાગને સર્વેના આદેશ આપ્યા, ધરમપુરમાં સૌથી વધુ 54 મિમી વરસાદ



વલસાડ | વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદ અને મીની વાવાઝોડાએ ભારે નુકસાન પહોંચાડ્યું છે. જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ નુકસાનીનો સર્વે કરવા માટે ખેતીવાડી અને બાગાયત વિભાગને આદેશ આપ્યા છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ ધરમપુર તાલુકામાં 54 મિમી નોંધાયો છે. પારડી તાલુકામાં 32 મિમી અને વલસાડ તાલુકામાં 36 મિમી વરસાદ પડ્યો છે. ધરમપુર અને પારડીમાં સૌથી વધુ વૃક્ષો ધરાશાયી થયા છે. વાવાઝોડાના કારણે અનેક મકાનોને નુકસાન થયું છે.

કેરીના પાકને થયેલા નુકસાન અને વાવાઝોડા-વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા ઘરોનો સર્વે રિપોર્ટ સરકારમાં મોકલવામાં આવશે. સરકાર તરફથી આ રિપોર્ટના આધારે અસરગ્રસ્તોને વળતર ચૂકવવામાં આવશે. પરિસ્થિતિને પહોંચી વળવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ડીજીવીસીએલ અને માર્ગ-મકાન વિભાગની ટીમો કાર્યરત થઈ ગઈ છે. વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે અને નુકસાનીનું સમયસર મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

# કમોસમી આફત : મહુવામાં 7 ઈંચ વરસાદ, રાજ્યભરમાં 21 લોકોનાં મોત નિપજ્યાં...

મેહસાણા | એક સાથે ત્રણ અપરએર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ અને ટ્રફ લાઈનના કારણે રાજ્યમાં છેલ્લા 48 કલાકથી વાવાઝોડા સાથે વરસાદ થઈ રહ્યો છે. મંગળવાર રાત્રે 8 વાગ્યા સુધીમાં રાજ્યના 103 તાલુકામાં 1 મીમીથી લઈ પોણા 7 ઈંચ સુધીનો વરસાદ ખાબક્યો હતો. ભાવનગરના મહુવામાં સતત 6 કલાકમાં પોણા 7 ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે અમરેલીના લાઠીમાં અઢી ઈંચ, સાવરકુડલામાં સવા 2 ઈંચ, લીલીયા અને અમેરલીમાં 2-2 ઈંચ વરસાદ પડ્યો હતો. ભારે પવન અને કડાકા-ભડાકા સાથેના વરસાદના કારણે બે દિવસમાં 21 વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. જ્યારે 72 પશુઓના મોત થયા છે. વાવાઝોડા સાથેના વરસાદે મધ્ય-પૂર્વ ગુજરાતમાં સૌથી વધુ નુકશાન કર્યું છે. જ્યારે ઉનાળુ વાવેતર સાથે બાગાયતી પાકોને ભારે નુકશાન થયું છે.

- કચ્છ : 4 પશુના મોત, બાગાયતી પાકને નુકશાન

કચ્છમાં મંગળવારે વાવાઝોડા સાથે થયેલા વરસાદથી 4 પશુઓના મોત નીપજ્યા હતા. જ્યારે ખારેક, દાડમ અને કેરીના પાકને નુકશાન થયું હતું. આજે રાજ્યના 75 ટકાથી વધુ વિસ્તારમાં 8 ઈંચ સુધીના વરસાદની શક્યતા | આજે રાજ્યના 75 ટકાથી વધુ વિસ્તારમાં 8 ઈંચ સુધીના વરસાદની શક્યતા છે. પ્રતિ કલાકે 60 થી 70 કિલોમીટરની ઝડપે ભારે પવન ફૂંકાઈ શકે છે. કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગર, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, ભરૂચ, નર્મદા અને સુરત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં 8 ઈંચ સુધીના વરસાદની શક્યતાને લઈ ઓરેન્જ એલર્ટ અપાયું છે.

ઉત્તર ગુજરાતમાં છેલ્લા 48 કલાકમાં વીજળી પડવાની 2 યુવકના મોત અને કડાકાના અવાજથી 1 યુવતીનું મોત થયું છે. જ્યારે 45 પશુઓના મોત નિપજ્યાં છે. 12 મકાનોને નુકશાન સાથે 15 કરતાં વધુ રસ્તાઓ વૃક્ષો પડવાથી વાહન વ્યવહાર ખોટકાયો હતો. બાજરી સાથે બાગાયતી પાકોને ભારે નુકશાન થયું છે.

દક્ષિણ ગુજરાતમાં મંગળવારે વરસાદના કારણે વૃક્ષો અને વીજપોલ પડવાથી વીજપુરવઠો ખોટકાયો હતો. વૃક્ષો પડવાથી વાહન વ્યવહાર ખોટકાયો હતો. ઉનાળુ ડાંગર અને 2 હજાર મણ કેરીના પાકને નુકશાન પહોંચ્યું હતું. મધ્ય-પૂર્વ ગુજરાતમાં વાવાઝોડા, વરસાદ અને વીજળીના કારણે કુલ 17 વ્યક્તિઓના મોત અને 20ને ઈજા થઈ છે. 23 પશુના મોત, 474 વીજ પોલ ધારાશાઈ થતાં 1496 ગામનો વીજપુરવઠો ખોટકાયો. વાવાઝોડા સાથેના વરસાદથી પાકને વ્યાપક નુકશાન થયું છે.



સૌરાષ્ટ્ર : 1 નુ મોત, કેરીના પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન | રાજુલા પંથકમાં ઘરની પેરાફિટ માથે પડતાં વૃદ્ધનું મોત નીપજ્યું, જ્યારે વાવાઝોડા સાથે થયેલા વરસાદના કારણે ગીર, સાસણ, તલાલા અને રાજુલામાં કેરીના પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. વીજપોલ અને વૃક્ષો પડવાથી વીજપુરવઠો ખોટકાયો હતો.

## લખપતમાં પાણીની લાઈન મુદ્દે વિવાદ : રામપરના શખ્સે ગ્રામજનને મારમારી ધમકી આપી, 50 લોકોએ પોલીસમાં કરી રજૂઆત



(એજન્સી) કચ્છ (ભુજ) | તા. 07

લખપત ગામમાં પાણીની લાઈનના વાલ્વને લઈને ગંભીર વિવાદ સર્જાયો છે. 6 મે, 2025ના રોજ સવારે 9:30 વાગ્યે રામપર ગામના લગધીર મણકા ઉર્ફે નઢડો તેના પુત્ર સાથે, ખુમાણ બીજલ દલિત અને પરબત રૂપા ગોઠી ગાડીમાં લખપત આવ્યા હતા.

આ લોકોએ લખપત ગામના લખમણ કરસન નોરને બોલાવીને માર માર્યો હતો. આરોપીઓએ લખપત ગામનો પાણીનો વાલ્વ બંધ કરી રામપરનો ચાલુ કરી દીધો હતો. લગધીર મણકાએ ગ્રામજનોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી લગધીરે દાવો કર્યો હતો કે સામખિયાળી પોલીસ તેના નિયંત્રણમાં છે. તેણે કહ્યું કે તેને જેલમાં કે ઘરે રહેવામાં કોઈ ફરક પડતો નથી. જેલમાં પણ તેને ઘર જેવી સગવડો મળે છે. ગ્રામજનોએ જણાવ્યું કે આ આરોપીઓ વિરુદ્ધ સામખિયાળી અને અન્ય પોલીસ સ્ટેશનોમાં પહેલેથી જ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ રજૂઆતમાં 50 જેટલા ગ્રામજનો જોડાયા હતા. તેમણે પોલીસને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા અને ગામને ભયમુક્ત કરાવવાની માંગ કરી છે.

## વાવાઝોડા સાથે વરસાદથી વૃક્ષો ધરાશાયી, વીજ પુરવઠો ખોરવાયો, કેરીના પાકને નુકસાન



ડાંગ (આહવા) | ડાંગ જિલ્લામાં છેલ્લા એક દિવસથી કમોસમી વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડ્યો છે.

દરમિયાન સુસવાટા મારતા પવન સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. આના કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. બપોર બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. વીજળીના કડાકા-ભડાકા સાથે કલાકો સુધી વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. વીજ થાંભલાઓ તૂટી પડવાથી આહવા પંથક અને આજુબાજુના વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. આના કારણે દિવસભરના મહત્વના કામકાજ ખોરવાયા હતા. સુબીર, આહવા, વઘઈ અને સાપુતારા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પર વૃક્ષો તૂટી પડ્યા હતા. કલાકો સુધી વાહનવ્યવહાર બંધ રહ્યો હતો. કેટલાક લોકોના ઘરની છતના પતરા ઉડી ગયા હતા. વરસાદના પાણી ઘરોમાં ઘૂસી ગયા હતા.

ખેડૂતોને મોટું નુકસાન થયું છે. વાવાઝોડાના કારણે આંબા પરથી કેરીઓ ખરી પડી હતી. ઉનાળુ પાકને પણ ભારે નુકસાન થયું છે. ખેડૂતો આર્થિક નુકસાનથી ચિંતિત છે.

## વીજ પુરવઠો ખોરવાયો:વડોદરામાં મળસ્કે પ્રચંડ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

વડોદરા | વડોદરામાં મળસ્કે 4 કલાકે ગાજવીજ સાથે ભારે વરસાદ શરૂ થયો હતો. ધોધમાર વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. વીજ પુરવઠો ખોરવાઇ જતાં લોકોએ સોશિયલ મિડીયા પર ભારતે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના બનાવના બદલામાં પાકિસ્તાન ઉપર શરૂ કરેલી એરસ્ટ્રાઇક જોઇ ભારતની કાર્યવાહીને બિરદાવતી કોમેન્ટ શરૂ કરી હતી.

ધોધમાર વરસાદને કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હોવાની માહિતી નોકરી ધંધાર્થે નીકળેલા લોકોએ આપી હતી. ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદને પગલે નોકરી ધંધાર્થે જનારા લોકોને રેઇનકોટ પહેરી જવાની ફરજ પડી હતી. વરસાદ શરૂ થતાં વહેલી સવારે દૂધ કેન્દ્રોના સંચાલકો પણ મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. દૂધ કેન્દ્રોના સંચાલકોને છત્રી અને રેઇનકોટ સાથે દૂધ વિતરણ કરવાની ફરજ પડી હતી. તો વહેલી સવારે દૂધ લેવા જતાં લોકોને પણ તિજોરી-પટારાઓમાથી છત્રીઓ બહાર કાઢવાની ફરજ પડી હતી. આ ઉપરાંત વહેલી સવારે ન્યૂઝ પેપર વિરરણ કરતાં વિતરકોને પણ રેઇનકોટ પહેરીને જવું પડ્યું હતું.



માર્ગો ઉપર પાણી ભરાઇ જતાં વહેલી સવારે નોકરી-ધંધાર્થે નીકળનાર લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. ભારે વરસાદને કારણે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં અને ખંડેરાવ શાક માર્કેટમાં શાકભાજી, ફ્રૂટ, ફૂલો જેવી જથ્થાબંધ બજારમાં અસર જોવા મળી હતી. સોમવારે પ્રચંડ વાવાઝોડા સાથે વરસેલા એક ઈંચ વરસાદ બાદ આજે મળસ્કે ગાજવીજ સાથે વરસાદ વરસતા કેરી, કેળ, બાજરીના પાકને મોટું નુક્સાન થતાં ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.આજે સતત બીજા દિવસે વરસેલા વરસાદને કારણે વિશ્વામિત્રી પ્રોજેક્ટની કામગીરી ઉપર અસર પડવાની શક્યતાઓને નકારી શકાય તેમ નથી.

# આભમાંથી આફત વરસી : મહુવામાં આભ ફાટ્યા જેવી સ્થિતિ, 6 કલાકમાં 7 ઈંચ કમોસમી વરસાદ

(એજન્સી) ભાવનગર I તા. 07

ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદની આફત સતત બીજા દિવસે વરસી હતી. મહુવામાં જાણે આભ ફાટયું હોય તેમ છ કલાકમાં સાત ઈંચ તોફાની વરસાદ વરસ્યો હતો. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓને પણ મેઘરાજાએ ધમરોળી વીજળીના કડાકા-ભડાકા અને મિની વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે પવન અને તોફાની વરસાદના કારણે અનેક સ્થળોએ વૃક્ષો, વીજ થાંભલા જમીનદોસ્ત થતાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહ્યો હતો. પાલિતાણામાં વરસાદની આફતે બે મૂકપશુનો ભોગ લીધો હતો.મહુવા પંથકમાં રાત્રે કમોસમી વરસાદી ઝાપટું વરસ્યા બાદ બપોરે ગાજવીજ અને પવન સાથે વરસાદ થયો હતો. મંગળવારે બપોરે બે કલાક બાદ મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા રાત્રિના આઠ કલાક સુધીમાં 170 મિ.મી. (સાત ઈંચ જેટલો) વરસાદ વરસાવી દીધો હતો. મહુવા અને તાલુકાના કેટલાક ગ્રામ્ય



વિસ્તારોમાં કરા પણ પડયા હતા. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે મહુવા અને તાલુકાના અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. તરેડી ગામે 100 ફૂટ ઉંચો મોબાઈલ ટાવર ધરાશાયી થઈ વીજ લાઈન ઉપર પડતા વીજ પ્રવાહ ખોરવાઈ ગયો હતો. મહુવામાં શહેરમાં રસ્તાઓ ઉપર જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. વૃક્ષોની સાથે હોર્ડિંગ્સ, બેનરો પણ તૂટીને નીચે પડયા હતા.

સિહોર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મંગળવારે બીજા દિવસે પણ પવન, વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી ગયો હતો. સિહોરમાં પોણો ઈંચ (18 મિ.મી.) વરસાદ વરસતા રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. તો બીજી તરફ લાઈટ ડૂલ થતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ગારિયાધારમાં બપોરે ગાજવીજ અને પવન સાથે સાત મિ.મી. પાણી વરસ્યું હતું. તાલુકાના વેળાવદર, વીરડી સહિતના ગામોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસતા ખાડા-વોંકળામાં પાણી ભરાયા હતા.

બગદાણામાં ભરઉનાળે અષાઢી માહોલ સર્જાયો હોય તેમ કરા સાથે બે ઈંચ જેટલો કમોસમી વરસાદ ખાબકી ગયો હતો. જેસર તાલુકામાં સવારે 11 કલાકથી સાંજ સુધી મેઘગર્જના સાથે એક ઈંચ જેટલો (21 મિ.મી.) વરસાદ વરસ્યો હતો. તાલુકાના સરેરા, બીલા, દેપલા, રાણીગામ, રાજપરા, ચોક, અયાવેજ, પા, ઝડકલા, છાપરિયાળી વગેરે ગામોમાં વરસાદે તારાજી સર્જી હતી. માલણ નદીમાં ઘોડાપૂર આવ્યા હતા. તો તાતણિયાની નદી બે કાંઠે વહી હતી. વીજ વાયરો તૂટી જતાં વીજળી ડૂલ હતી.તળાજા તાલુકામાં વીજળીના ચમકારા અને ગર્જના સાથે 09 મિ.મી. વરસાદ થયો હતો. તાલુકાના અલંગ મણાર અને કઠુડી નદીમાં નવા નીર આવ્યા હતા. વરસાદના પગલે ગામડાઓમાં વીજળી વેરણ થઈ હતી. જ્યારે તોફાની પવનથી જીનિંગ મીલના પતરા ઉડતા કપાસની ગાંસડીઓ પલળી ગઈ હતી.

ભાવનગરમાં વીજતંત્ર બાર સાંધેને તેર તુટે તેવી પરિસ્થિતિ

# માવઠાંમાં વિજળી વેરણ : જિલ્લાના અનેક વિસ્તારોમાં અર્ધાથી 14 કલાક પુરવઠો ઠપ્પ

(એજન્સી) ભાવનગર I તા. 07

ભાવનગર શહેર અને જિલ્લાના વાતાવરણમાં સોમવારે બપોર બાદ અચાનક આવેલા પલ્ટાના કારણે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ્પ થયો હતો અને લાંબો સમય સુધી વીજ પુરવઠો પુર્વવત નહી થતાં લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પ્રિ-મોનસુન કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ થાય તે પહેલા જ પડેલા કમૌસમી વરસાદના કારણે સોમવારે રાત્રિના ૮૫ વીજપોલ ધરાશયી થતાં શહેરના અનેક વિસ્તારો તેમજ જિલ્લાના ૬૧ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે.ભાવનગર શહેર અને જિલ્લાના વાતાવરણમાં ગત સોમવારે બપોર બાદ આવેલા પલ્ટાને કારણે ભાવનગર શહેરના સુભાષનગર, કાળિયાબીડ, ભરતનગર, સિંધુનગર, ઘોઘારોડ શિવાજી સર્કલ આસપાસ તથા સિદસર રોડ, સરદારનગર સહિતના વિસ્તારમાં અર્ધાથી કલાકથી લઈ ૧૪ કલાક સુધી વીજળી ગૂલ થતાં પીજીવીસીએલ સામે લોકોનો રોષ જોવા મળ્યો હતો, જ્યારે ગત મોડી રાત્રે વાઘાવાડી રોડ પર આવેલી પીજીવીસીએલની કચેરીએ લોકો રૂબરૂ પહોંચી આક્રોષ વ્યક્ત કરતા સુત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ ગતરોજ રાત્રિના ભારે પવન અને વરસાદના કારણે જિલ્લામાં ૮૫ વીજ પોલ ધરાશાયી થયાં હતા અને



૬૧ ગામોમાં વીજ પુરવઠો ઠપ્પ થયો હતો અને રાત્રિના બે કલાક સુધીમાં ૪૮ ગામોમાં વીજ પુરવઠો પુર્વવત થયો હતો. સોમવાર બાદ આજે મંગળવારે દિવસ દરમિયાન જિલ્લાના તાલુકા અને ગ્રામ્ય પંથકમાં ભારે પવન સાથે પડેલા વરસાદથી અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો અને તેને પૂર્વવત કરવા માટે પીજીવીસીએલની ૩૦ ટીમો દ્વારા ઓપરેશનલ કામગીરી હાથ ધરવામાં આવી હતી જે મોડી રાત સુધી ચાલી હતી. માવઠાના કારણે જિલ્લાના સિહોર, પાલિતાણા, ગારિયાધાર, વલ્લભીપુર, ઉમરાળા, તળાજા શહેર અને ગ્રામ્ય પંથકોમાં પણ વીજ પુરવઠો ખોરવાયાની અનેક ફરિયાદો ઉઠી હતી.

પોસ્ટ વિભાગનાં ધાંધિયા

## અમદાવાદથી રવાના થયેલું પોસ્ટનું પાર્સલ ગુમ, ભાવનગરના 35 પાસપોર્ટ લાપતા

(એજન્સી) ભાવનગર I તા. 07

અમદાવાદથી રવાના થયેલ ૭૫ આર્ટીકલનું પાર્સલ રોજકોટ પહોંચે તે પૂર્વે જ ગુમ થઈ ગયું છે. આ પાર્સલમાં ભાવનગરના ૩૫ જેટલા નાગરિકોના પાસપોર્ટ પણ હતા જે લોકો સુધી પહોંચી ન શકતાં પાસપોર્ટ ઓફિસને જાણ કરવાની સાથોસાથ પોલીસ ફરિયાદનો ધંમધમાટ શરૂ થયો છે. અમદાવાદથી અન્ય જિલ્લાની ટપાલો સીધી જ ભાવનગર મોકલાવાની વર્ષો જુની પદ્ધતિમાં ફેરફાર કરીને પોસ્ટ વિભાગે દોઢેક માસથી રાજકોટને શોર્ટિંગ હબ બનાવ્યું છે.જેના પગલે અમદાવાદથી વાયા રાજકોટ થઈને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લામાં ટપાલોનું વિતરણ થઈ રહ્યું છે. એક તરફ કુરીયર સર્વિસની સ્પર્ધા વચ્ચે પણ ભારતીય પોસ્ટ વિભાગ ટકી રહ્યું છે. પરંતુ દિન-પ્રતિદિન સેવાઓ કથળતા લોકોની મુશ્કેલી વધ્યાની ફરિયાદો વધી છે તેવામાં ગત તા. ૨૨ એપ્રિલે અમદાવાદથી સાદી પોસ્ટ, પાસપોર્ટ સહિતના ૭૫ આર્ટીકલવાળુ પાર્સલ રાજકોટ માટે તા. ૨૩મીએ રવાના કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરના ૩૫ નાગરિકોના પાસપોર્ટ પણ શામેલ હતા. પરંતુ, આ પાર્સલ રાજકોટ પહોંચે તે પૂર્વે જ ગાયબ થઈ ગયું છે. બીજી તરફ, સમય મર્યાદામાં પાસપોર્ટ ન મળતાં અરજદારોએ તપાસ કરતા પાર્સલ ગુમ થયાનું પોસ્ટ વિભાગે જાહેર કરવાની ફરજ પડી હતી.આ અંગે અમદાવાદ પોસ્ટ દ્વારા રીઝનલ પાસપોર્ટ અમદાવાદને પણ પાર્સલ ગુમ થયા અંગેની લેખિત જાણ કરી દેવાઈ છે.

# મહુવામાં ભાજપનો કલેશ સત્તાને લઈ ડૂબ્યો, નગરપાલિકાનું વિસર્જન

(એજન્સી) મહુવા I તા. 07

મહુવામાં ભાજપનો આંતરિક કલેશ અંતે સત્તાને લઈ ડૂબ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ મંજૂર કરાવવામાં નિષ્ફળ રહેલી નગરપાલિકાનું આખરે રાજ્ય સરકારે વિસર્જન કરી નાંખ્યું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણને અંદાજે ૧૦ માસ જેટલો સમય બાકી છે ત્યારે જ્યાં સુધી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી વહીવટદારનું શાસન રહેશે.

ફેબ્રૂ.-૨૦૨૧માં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં બહુમતીથી સત્તારૂઢ થયા બાદ મહુવા પાલિકામાં શાસક ભાજપના જ સભ્યો ઉંદર-બિલાડીની જેમ બાખડતા રહ્યા છે. મહિલા પ્રમુખ સામે સભ્યોનો પ્રચંડ વિરોધ એટલી હદે પહોંચ્યો હતો કે, માર્ચ માસમાં મળેલી બજેટ બેઠકમાં ભાજપના સભ્યોએ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રને મંજૂર થવા દીધું ન હતું. ત્યારબાદ પણ સામાન્ય સભા ન બોલાવવામાં આવતા નગરપાલિકા સુપરસીડ થવાની પૂરી શક્યતા દર્શાવાઈ હતી. જો કે, તે પહેલા રાજ્ય સરકારે મહુવા નગરપાલિકાનું વિસર્જન શા માટે ન કરવું ? તે અંગે પ્રમુખ,ઉપપ્રમુખ અને તમામ સભ્યોને રજૂઆતની તક આપી તા.૨૨ એપ્રિલ સુધીમાં જનરલ બોર્ડના ઠરાવ સ્વરૂપે ખુલાસો રજૂ કરવા તક આપી હતી. પરંતુ ભાજપના સભ્યોને સત્તા સંભાળી રાખવામાં કોઈ જ રસ ન હોય તેમ ખુલાસો રજૂ કરવાની વાત તો દૂર રહી વધુ સમયની માંગણી કરવાની પણ તસ્દી લીધી ન હતી.

**ગ્રાન્ટના કરોડો રૂપિયા હોવા છતાં પણ વિકાસ કામો થવા ન દીધા**

સત્તાધારી ભાજપના સભ્યોએ તેમના આંતરિક મનભેદ-મતભેદના હઠાગ્રહમાં મહુવાની પ્રજા સાથે પણ દ્રોહ કર્યો છે. નગરપાલિકાને મોટા પ્રમાણમાં નાણાંકીય ભંડોળ ઉપલબ્ધ હોવા છતાં પણ ટાંટિયાખેંચમાં અપીલો કરી વહીવટને ખોરંભે ચડાવી રોજીંદા વિકાસ કાર્યો અને લોકોની સુખાકારીના કામો થવા દીધા ન હતા. અગાઉ આઈએચએસડીપી પ્રોજેક્ટના ૩૭૨ આવાસોની પ્રગતિ/સોંપણી અને બિલની ચૂકવણી અંગે સરકારમાંથી ૩.૫૦ કરોડની લોન લીધી છતાં બાકી રહેલા બાંધકામની કામગીરી શરૂ પણ કરાવી ન હતી. સામાન્ય સભાએ પરિણામલક્ષી અમલવારી કરવાની થતી હોય, તેમાં પણ નગરપાલિકા નિષ્ફળ ગઈ છે.

અંધારપટ

## ભાવનગર શહેર અને જિલ્લામાં અર્ધો કલાક બ્લેક આઉટ

ભાવનગર : જમ્મુ કાશ્મીરના પહલગામમાં ધર્મ પૂછી પર્યટકોની હત્યા કર્યાની આતંકીવાદી ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે જે યુદ્ધની સ્થિતિનો માહોલ સર્જાયો છે. તેને જોતા કેન્દ્રના ગૃહ વિભાગે રાજ્યોને મોકડ્રિલ કરવાના આદેશ આપ્યા છે. જેને લઈ આવતીકાલે બુધવારે ભાવનગર જિલ્લામાં અર્ધો કલાક બ્લેક હાઉટ કરવામાં આવશે. આ ઉપરાંત વહીવટી તંત્રે મોકડ્રિલનું પણ આયોજન કર્યું છે. રાજ્યના અન્ય ૧૭ જિલ્લાની સાથે આવતીકાલ તા.૭ને બુધવારે થનારા બ્લેક આઉટ અંગે જિલ્લા કલેક્ટર ડો.મનીષ કુમાર બંસલે જણાવ્યું હતું કે, સિવિલ ડીફેન્સના ભાગરૂપે સામાન્ય નાગરિકોમાં યુદ્ધની પરિસ્થિતિ અંગે જાગૃતિ કેળવાઈ તે હેતુ સાથે આવતીકાલ બુધવારે સાંજે ૭.૪૫ કલાકે સમગ્ર ભાવનગર જિલ્લામાં સ્વૈચ્છિક બ્લેક આઉટ (અંધારપટ) કરવાનો રહેશે.પોલીસ, ફાયર બ્રિગેડના વાહનોને નિશ્ચિત સ્થળે ઉભા રાખી સાંજે ૭.૪૫ કલાકે બે મિનિટ સુધી સાયરન વગાવામાં આવશે. સાયરન શરૂ થતાં જ શહેર અને જિલ્લાના તમામ વિસ્તારોમાં નાગરિકોએ પોતાના ઘર, ઓફિસ, દુકાનોમાં લાઈટના ઉપકરણો બંધ કરવાના રહેશે. સ્ટ્રીટલાઈટો પણ બંધ કરી દેવામાં આવશે. અર્ધો કલાક સુધી અંધારપટ રાહ્યા બાદ રાત્રે ૮.૧૫ કલાકે એક મિનિટ સાયરન વાગશે ત્યારે લોકો તેમના ઈલેક્ટ્રીક ઉપકરણો ફરી શરૂ કરી શકશે.

ખેડા જિલ્લામાં પવનના કારણે 545 વીજ પોલ પડી ગયા

## ખેડા જિલ્લામાં વરસાદ અને વાવાઝોડાથી ઠેરઠેર તારાજી સર્જાઇ, 4 લોકોનાં મૃત્યુ



(એજન્સી) નડિયાદ I તા. 07

ખેડા જિલ્લામાં સોમવારે સાંજે વરસાદ અને વાવાઝોડાને કારણે ૪ લોકોના મૃત્યુ થયા છે.ખેડા જિલ્લામાં ૫૪૫ વીજ પોલ અને ૨૯ વીજ ડીપી ટ્રાન્સફોર્મર પડી ગયા હતા. જેના કારણે ૫૦૦ ગામોમાં વીજપુરવઠો ખોરવાયો હતો. જેમાંથી ૩૫૫ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરાયો છે અને અન્ય ગામોમાં પણ વીજ પુરવઠો મોડી સાંજે સુધીમાં કાર્યરત કરી દેવામાં આવશે. તારાજીથી ઠાસરાના કપિલાબેન કેસરીસિંહ ચાવડા અને નડિયાદના પાલડી ગામના મહેશભાઈ જુવાનસિંહ સોઢાનું વૃક્ષ પડવાથી મૃત્યુ થયું છે. આ સિવાય મહેમદાબાદના બે વ્યક્તિના મૃત્યુ થયા છે. જેમાં, રુદણ ગામના રણજીતસિંહ બુધાભાઈ બારૈયાનું મકાન પડવાથી અને સણસોલી ગામના વાલીબેન મોહનભાઈ ભરવાડનું છત પાડવાથી મૃત્યુ થયું છે. આ તરફ વાવાઝોડા અને વરસાદી તારાજીમાં ૫ પશુના મૃત્યુ થયા છે. સોમવારે મોડી સાંજે અચાનક વાતાવરણ પલટાઈ ગયુ અને પુરઝડપે પવન ફૂંકાતા નડિયાદ સહિત જિલ્લાભરમાં તારાજીના દ્રષ્યો સર્જાયા હતા. વાવાઝોડામાં ઝાડ પડવા, રસ્તાઓ બ્લોક થવા, મકાન છત પડવા, પતરા ઉડવા જેવા ઘટના બની હતી. જેમાં, માલ મિલકત અને માનવ મૃત્યુ સુધીની તારાજી સર્જાઈ છે.

આ વાવાઝોડા ના કારણે ખેડા જિલ્લામાં એમજીવીસીએલના ૪૯ ફીડર બંધ થઈ ગયા હતા. જેમાં ૫૦૦ ગામોમાંથી ૩૫૫ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરી દેવામાં આવ્યો હતો જ્યારે આજે સાંજ સુધીમાં બાકીના તમામ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરી દેવામાં આવશે. વાવાઝોડાના કારણે ૫૪૫ પોલ પડી ગયા હતા જેમાંથી ૫૪ પોલ ઊભા કરી દેવામાં આવ્યા છે જ્યારે બંધ પડી ગયેલા ૨૯ ડીપી ટ્રાન્સફોર્મરનું વીજ કર્મચારીઓ રીપેરીંગ કામ કરી રહ્યા છે.વાવાઝોડાના કારણે ક્ષતિગ્રસ્ત જ્યોતિ ગ્રામ યોજનાની વીજ લાઈનોનું ૪૦૦ થી વધુ લાઈનમેનો સમારકામની કામગીરી કરી રહ્યા છે. આ વાવાઝોડાના કારણે વ્યાપક નુકસાન થયાનું અધિક્ષક ઈજનેર ટી.સી.વ્યાસે જણાવ્યું હતું. જ્યોતિગ્રામ યોજનાની વીજ લાઈનોનું સમારકામ કર્યા બાદ ખેતી વિષયક વીજ લાઈનોનું સમારકામ હાથ ધરવામાં આવશે.

# હાઈકોર્ટના આદેશ બાદ ભરતનગરમાં મસ્જિદનું દબાણ તોડી પડાયું



(એજન્સી) ભાવનગર I તા. 07

ગુજરાત હાઉસિંગ બોર્ડની માલિકીની જગ્યામાં ૨૦ વર્ષથી ગેરકાયદે બનેલી મસ્જિદને આજે હાઉસિંગ બોર્ડે પોલીસ અને મનપા તંત્રની મદદથી હટાવી જગ્યાને દબાણમુક્ત કરી હતી. ઉલ્લેખનિય છે કે, આ દબાણ હટાવવા તંત્રએ નોટિસ આપી હતી, જેના પગલે મામલો હાઈકોર્ટમાં પહોંચતાં કોર્ટના આદેશના પગલે આજે આ કાર્યવાહી હાથ ધરાઈ હતી. શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલ મેમણ કોલોનીમાં આશરે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યામાં મસ્જિદનું ગેરકાયદે બાંધકામ હતુ, જેને દૂર કરવા હાઉસિંગ બોર્ડે જે તે સમયે મસ્જિદના સંચાલકોને નોટિસ આપી હતી. આ નોટિસના પગલે મસ્જિદના સંચાલકો ગુજરાત હાઈકોર્ટમાં ગયા હતાં.હાઈકોર્ટના આદેશ બાદ આજે હાઉસિંગ બોર્ડના સ્ટાફે ૫૦૦ સ્કે.મીટરની સરકારી જગ્યામાં બનેલી મસ્જિદને દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. આખો દિવસ ચાલેલી આ કામગીરીમાં દબાણ તોડી પાડવા માટે મહાપાલિકાના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જયારે, દબાણ હટાવ દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

કમોસમી વરસાદ પડતાં જિલ્લાભરમાં ખાના ખરાબી સર્જાઈ

# આણંદ જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ પડતાં 67 વૃક્ષો ધરાશાયી

(એજન્સી) આણંદ I તા. 07

આણંદ જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન વરસાદ ખાબકતા અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયાં હતાં. જેને લઈ જિલ્લા વહીવટી તંત્રએ તાકીદે કાર્યરત થઈ વિવિધ વિભાગો સાથે સંકલન કરી ટીમો બનાવી શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ધરાશાયી થયેલાં ૬૭ જેટલા વૃક્ષોને દૂર કરી રસ્તાઓને અવરજવર માટે ખુલ્લા કરવામાં આવ્યાં હતાં. આણંદ જિલ્લામાં ગતરોજ હવામાનમાં અચાનક પલટો આવતા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં અનેક સ્થળોએ રસ્તાઓ ઉપર વૃક્ષો ધરાશાયી તેમજ વીજ પોલ નમી જતાં ખાના ખરાબી સર્જાઈ હતી. લોકોને અવરજવાર કરવામાં પરેશાની વેઠવી પડી હતી. જેને લઈ આણંદ જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ માર્ગ અને મકાન વિભાગ, ફાયર વિભાગ, વન વિભાગ, વીજ કંપની સાથે સંકલન કરી ટીમો બનાવી આણંદ જિલ્લા તથા વિવિધ તાલુકાઓમાં તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન આણંદ જિલ્લામાં કુલ ૬૭ જેટલા ધરાશાયી થયેલા વૃક્ષોને તાત્કાલીક ધોરણે દૂર કરી વાહન વ્યવહાર માટે રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.



## ફોટોગ્રાફી પૂર્ણ કરી ઘરે આવી રહેલા યુવકનું અકસ્માતમાં મોત

ભાવનગર : ફોટોગ્રાફીનું કામ પૂર્ણ કરી મહુવા ઉમણીયાવદર ખાતે પોતાના ઘરે આવી રહેલા ફોચટોગ્રાફર યુવકનું મહુવા-વડલી બાયપાસ રોડ પર અકસ્માતમાં મોત નિપજ્યું હતું. પાલિતાણા તાલુકાના મેઢા ગામના વતની અને હાલ મહુવા ઉમણીયાવદર ખાતે રહેતા રાઘવભાઈ બીજલભાઈ જેઠવાએ મહુવા પોલીસ મથકમાં અજાણ્યા ટ્રક ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તેમનો પુત્ર સંજય રાઘવભાઈ જેઠવા (ઉ.વ.૩૦) ફોટોગ્રાફીનું કામ કરતો હોય ગતરોજ ભાવનગર બાજુથી કામ કરી પરત મહુવા ઘરે આવી રહ્યો હતો ત્યારે મહુવા-વડલી બાયપાસ રોડ પર વડલીથી મહુવા તરફ હાઈ-વે રોડ પર એમપી-૦૯-એચએચ-૩૮૫૨ નંબરના ટ્રકે તેમની મોટર સાયકલ નં.જીજે-૦૪-ઈબી-૭૪૨૭ સાથે અકસ્માત સર્જી સંજયભાઈને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમને સારવાર અર્થે મહુવા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યાં હતા. આ અંગે મહુવા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વીજ તંત્રની 140 ટીમોએ કામગીરી શરૂ કરી

## આણંદમાં 299 ગામોમાં વીજ પૂરવઠો પૂર્વવત, 35 ગામોમાં અંધારપટ

(એજન્સી) આણંદ I તા. 07

આણંદ જિલ્લામાં કમોસમી વરસાદ અને પવનથી ૩૪૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જે પૈકી ૨૯૯ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરાયો છે. જ્યારે ૨૪ કલાકમાં વીજ સંબંધિત ૩૬૨૧ ફરિયાદો તંત્રને મળતા નિકાલ કરાયો છે. એમજીવીસીએલ દ્વારા જિલ્લાના ૩૪૫ ગામો અને આણંદ શહેર સહિત ૧૦ શહેરોમાં ૪૯૯ વીજ પોલ નમી પડયા હતા. ૫૧ ટ્રાન્સફોર્મર, ૩૬૩ ફિડર અને ૪૨ જેટલા ૬૬ કેવી સબ સ્ટેશનમાં વીજળીના પ્રશ્નો સર્જાયા હતા. વીજ તંત્રની ૧૧૦ અને કોન્ટ્રાક્ટરની ૩૦ ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં કામગીરી હાથ ધરી



હતી. ૨૯૯ ગ્રામ્ય વિસ્તારમાં તથા આણંદ શહેર સહિત ૧૦ શહેરી વિસ્તારમાં વીજપોલ, ૬ ટ્રાન્સફોર્મર, ૨૯૧ ફીડર, ૪૨ ૬૬ કેવી સબ સ્ટેશનનું કામ પૂર્ણ કરાયું છે અને ટૂંકા ગાળામાં વીજ સંબંધિત ૫૮૨૬ પૈકી ૩૬૨૧ ફરિયાદોનો પણ સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે ૩૫ ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરવાની કામગીરી ચાલી રહી છે.

## અમૂલ ડેરીની ચૂંટણીના ઉમેદવારો નક્કી કરવા બે સાંસદને દિલ્હીનું તેડું

(એજન્સી) આણંદ I તા. 07

એશિયાની પ્રસિદ્ધ સહકારી ક્ષેત્રની આણંદ અને ખેડા જિલ્લાના સાંસદને ડેરીની ચૂંટણી ઉમેદવારો નક્કી કરવા માટે દિલ્હીનું તેડું આવ્યું છે. બંને સાંસદ હાઈકમાન્ડ સાથે ઉમેદવારોના નામોની ચર્ચા કરશે. ચુંટણીને અનુલક્ષીને અમૂલ ડેરીમાં મતદારો માટેની યાદી બનાવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી રહી છે. આણંદ અને ખેડા જિલ્લાની ૧૨૫૮ વિવિધ મંડળીઓમાંથી ૧,૨૩૬ મતદારોના નામોના ઠરાવ પણ જિલ્લા રજીસ્ટાર પાસે પહોંચી ગયા છે ચૂંટણી આગામી ઓગષ્ટમાં યોજાવાની શક્યતા છે. અમુલ ડેરીની ચૂંટણીમાં આ વખતે પેટલાદ અને ઠાસરા બેઠક મહિલા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવી છે. સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ આણંદ જિલ્લાની અમૂલ ડેરીમાં ચાર બેઠકો આવે છે તેથી આ ચાર બેઠકોના ઉમેદવારોના નામ નક્કી કરવા સંદર્ભે છેલ્લા બે દિવસમાં જિલ્લાના ભાજપ સાંસદ દેવુસિંગ ચૌહાણ અને મિતેશ પટેલ તથા સ્થાનિક ધારાસભ્ય વચ્ચે ક્રમશ બેઠકો પણ યોજાઈ હતી અને તેમાં નામોની પેનલ નક્કી કરવામાં આવી હતી. આ અંગે આણંદ જિલ્લાના સાંસદને સોમવારે અચાનક જ અમુલની બેઠકના ઉમેદવારો નક્કી કરવા બાબતે તાત્કાલિક દિલ્હી બોલાવવામાં આવ્યા હોવાનું ચર્ચાય છે. જીતના દાવા સાથે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. ગત સપ્ટેમ્બરમાં અમૂલ ખાતે યોજાયેલ સામાન્ય સભામાં ૬૫૦ જેટલી દૂધ મંડળીના ચેરમેન દ્વારા હોબાળો સર્જાયો હતો.

લગ્ન પ્રસંગમાં જમીને પરત ફરતાં અકસ્માત

## નાગજીપુરામાં કારની ટક્કરે 6 વર્ષના બાળકનું મોત નિપજ્યું

(એજન્સી) આણંદ I તા. 07

આણંદ જિલ્લાના નાગજીપુરા સીલી રોડ ઉપર માર્ગની બાજુમાં પગપાળા જતાં ૬ વર્ષીય બાળકને કાર ચાલકે ટક્કર મારતાં બાળકનું ઘટના સૃથળે મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે કાર ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉમરેઠ તાલુકાના નાગજીપુરા ખાતે રહેતા ચંદ્રસિંહ જશવંતસિંહ ચૌહાણનો ૭ વર્ષીય પુત્ર સુનિલ ગતરોજ ગામમાં એક લગ્ન પ્રસંગ હોવાથી પોતાના મોટાભાઈ તથા ગામના અન્ય માણસો સાથે લગ્ન પ્રસંગમાં જમીને ચાલીને ઘરે પરત ફરતા હતાં. આ દરમિયાન નાગજીપુરા સીલી રોડ ઉપર




પૂરઝડપે આવતી કારના ચાલકે માર્ગની સાઈડમાં ચાલતા ૭ વર્ષીય સુનિલને ટક્કર મારતા તે નીચે પટકાયો હતો. બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈકને અકસ્માત સર્જનાર જયદીપસિંહ ગોહિલ પોતાની કારમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતાં. જ્યાં ફરજ પરના તબીબે બાળકને તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી

## ડિસેમ્બર ૨૦૨૪ માં સેબીએ એસએમઈ કંપનીઓના શેર મુખ્ય બોર્ડમાં ટ્રાન્સફર કરવાના નિયમોમાં ફેરફાર કર્યા

# SME કંપનીઓનું મુખ્ય બોર્ડમાં સ્થળાંતર ધીમું પડયું




(એજન્સી) મુંબઇ | તા.07

નાના અને મધ્યમ ઉદ્યોગો (એસએમઈ)ના શેર સ્ટોક એક્સચેન્જના મુખ્ય પ્લેટફોર્મ સુધી પહોંચવાની સફર ધીમી પડી ગઈ છે. મુખ્ય બજાર સુધી પહોંચવા માટેના નિયમો કડક થવાને કારણે, ૨૦૨૪ અને ૨૦૨૫માં આવા સ્થળાંતરના કિસ્સાઓમાં મોટો ઘટાડો થયો છે. ડિસેમ્બર ૨૦૨૪ માં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ તેની બોર્ડ મીટિંગમાં એસએમઈ કંપનીઓના શેર મુખ્ય બોર્ડમાં ટ્રાન્સફર કરવાના નિયમોમાં ફેરફાર કર્યા હતા, ત્યારબાદ સ્ટોક એક્સચેન્જે પાત્રતા માપદંડોને કડક બનાવ્યા હતા. આના કારણે, મુખ્ય બજારમાં જવાની ગતિ ધીમી પડી ગઈ. આ સુધારેલી વ્યવસ્થા માર્ચ ૨૦૨૫માં સૂચિત કરવામાં આવી હતી. આનાથી એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કંપનીઓનો સ્ટોક એક્સચેન્જના મુખ્ય બોર્ડ સુધી પહોંચવાનો માર્ગ વધુ ધીમો પડી શકે છે. વધુમાં, એસએમઈ લિસ્ટિંગ અને મેઈનબોર્ડ પર આવવા વચ્ચેનું અંતર પણ વધ્યું છે. ૨૦૧૯માં એસએમઈ સ્ટોકને મેઈનબોર્ડ સુધી પહોંચવાનો સરેરાશ સમય બે વર્ષથી ઓછો હતો, પરંતુ ૨૦૨૪માં તે હવે લગભગ પાંચ વર્ષ સુધી પહોંચી ગયો છે. આનું કારણ મુખ્યત્વે એક નિયમ છે જેમાં મેઈનબોર્ડ પર જતા પહેલા ઓછામાં ઓછા ત્રણ વર્ષ માટે એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ જરૂરી છે. ગયા મહિને, નેશનલ સ્ટોક એક્સચેન્જ એ આ માટે પાત્રતા માપદંડોને વધુ કડક બનાવ્યા હતા. આવી કંપનીઓ માટે હવે ફરજિયાત છે કે તેઓએ પાછલા નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ કરોડ રૂપિયાની આવક મેળવી હોય. વધુમાં, તેણે છેલ્લા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછા બે વર્ષમાં સકારાત્મક કાર્યકારી નફો મેળવ્યો હોવો જોઈએ. વધુમાં, ઉચ્ચ પ્રમોટર શેરહોલ્ડિંગ પણ ફરજિયાત છે. નવેમ્બર ૨૦૨૪ ના તેના કન્સલ્ટેશન પેપરમાં, સેબીએ એસએમઈ લિસ્ટિંગ પછી તરત જ પ્રમોટર શેરહોલ્ડિંગમાં ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને લોક-ઈન શરતોને તબક્કાવાર દૂર કરવાની મંજૂરી આપી હતી. તેમણે વધતા જતા ગેરવર્તણૂકના જોખમો વચ્ચે મજબૂત કોર્પોરેટ ગવર્નન્સની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. આ જોખમોમાં મુખ્યત્વે ભંડોળનો દુરુપયોગ અને લિસ્ટિંગ પછી પ્રમોટરોનું બહાર નીકળવાનો સમાવેશ થાય છે. ૨૦૨૫માં, ફક્ત એક જ કંપની એસએમઈ પ્લેટફોર્મથી મુખ્ય પ્લેટફોર્મ પર જઈ શકી ચાલુ કેલેન્ડર વર્ષમાં, ફક્ત એક જ કંપની એસએમઈ પ્લેટફોર્મથી મુખ્ય પ્લેટફોર્મ પર જઈ શકી છે.

### ગત નાણાં વર્ષમાં એટીએમ દીઠ રૂ.૧.૩૦ કરોડ ઉપાડવામાં આવ્યા

# ડિજિટલ પેમેન્ટસમાં વધારાની સાથે રોકડ હાથમાં રાખવાની વૃત્તિ ઊંચી

(એજન્સી) મુંબઇ | તા.07

દેશમાં ડિજિટલ પેમેન્ટસ પદ્ધતિમાં વધારાની સાથોસાથ રોકડ હાથમાં રાખવાની વૃત્તિ પણ હજુ ચાલુ રહ્યાનું જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫માં દેશમાં બેન્ક ખાતેદારોએ એક એટીએમ દીઠ સરેરાશ રૂપિયા ૧.૩૦ કરોડ કાઢયા હતા. એટીએમમાંથી સૌથી વધુ નાણાં ઉત્તર ભારતના રાજ્યોમાં વિથડ્રો થયાનું પ્રાપ્ત માહિતીમાં જણાવાયું છે. ગત નાણાં વર્ષમાં બિહાર, નવી દિલ્હી તથા ઉત્તર પ્રદેશ આ ત્રણ રાજ્યોમાં એટીએમમાંથી સૌથી વધુ નાણાં કઢાવાયા હતા. એટીએમમાંથી નાણાં કઢાવવામાં વધારો થવાનો અર્થ દેશમાં લોકો હજુપણ રોકડા રૂપિયા માટેનું આકર્ષણ જળવાઈ રહ્યું છે. રિટેલ, નાના વેપાર વ્યવહાર તથા રોજબરોજની ખરીદ પ્રવૃત્તિ માટે મોટી સંખ્યાના લોકો આજેપણ રોકડમાં ચૂકવણી કરવાનું પસંદ કરે છે. નાણાં વર્ષ ૨૦૧૭માં એટીએમ દીઠ વાર્ષિક સરેરાશ રૂપિયા ૧.૦૨ કરોડ કઢાવાયા હતા જે આંક હવે વધી રૂપિયા ૧.૩૦ કરોડ પહોંચી ગયો છે. એટીએમમાંથી નાણાં કઢાવવામાં આઠ ટકા સાથે ગત નાણાં વર્ષમાં સૌથી વધુ વાર્ષિક વૃદ્ધિ બિહારમાં થઈ છે. ૪ ટકા સાથે બીજા ક્રમે નવી દિલ્હી અને ઉત્તર પ્રદેશ રહ્યા છે જ્યારે હિમાચલ પ્રદેશમાં ૩ ટકા અને છત્તીસગઢમાં બે ટકા વધારો જોવા મળ્યો છે. ૨૦૧૪ થી ૨૦૨૪ના દસ વર્ષમાં એટીએમની સંખ્યામાં ૩૨ ટકા વધારો થયો છે અને કરન્સી ઈન સર્ક્યુલેશન ૧૫૭ ટકા વધી હોવાનું રિઝર્વ બેન્કના ડેટામાં તાજેતરમાં જણાવાયું હતું. દરમિયાન ગત નાણાં વર્ષમાં યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફત ૧૮૫૦૦ કરોડ વ્યવહાર પાર પડયા હતા જે વાર્ષિક ધોરણે ૪૧ ટકા વધુ હતા. મૂલ્યની દ્રષ્ટિએ કુલ રૂપિયા ૨૬૦ લાખ કરોડની ચૂકવણી યુપીઆઈ પ્લેટફોર્મ મારફત પાર પડી હતી હતી જે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ૩૦ ટકા વધુ છે. આમછતાં દેશના અર્થતંત્રમાં રોકડ એક સંકલિત ભાગ બની રહ્યો છે અને હાથમાં રોકડ મેળવવા એટીએમ મહત્વના સ્રોત રહ્યા છે.



# એચડીએફસી ફ્લેક્સી કેપ ફંડે તમામ બજાર ચક્રોને આઉટપર્ફોર્મ કર્યા

(એજન્સી) મુંબઇ | તા.07

લાર્જ કેપ, મીડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરતી ઓપન એન્ડેડ ડાયનેમિક ઈક્વિટી સ્કીમ એચડીએફસી ફ્લેક્સી કેપ ફંડે ("the Fund") વિવિધ બજાર ચક્રોમાં રોકાણકારો માટે લાંબા ગાળે સંપત્તિનું સર્જન કર્યું છે. 1 જાન્યુઆરી, 1995થી શરૂઆત થઈ ત્યારથી ફંડે લાંબા ગાળે સંપત્તિ સર્જનની તેની ક્ષમતા દર્શાવી છે અને 18.82 ટકાના કમ્પાઉન્ડેડ એન્યુઅલ ગ્રોથ રેટ (સીએજીઆર) આપ્યું છે (31 માર્ચ, 2025ના રોજ). શરૂઆતમાં કરેલું રૂ. 1,00,000નું રોકાણ વધીને લગભગ રૂ. 1.84 કરોડ થયું છે જેણે બેન્ચમાર્ક નિફ્ટી 500 ટીઆરઆઈના રૂ. 1.51 કરોડના રોકાણને પણ વટાવી દીધું છે. આ ઉપરાંત, શરૂઆતથી જ દર મહિનાના કામકાજના પહેલા દિવસે માસિક રૂ. 10,000ની એસઆઈપી (કુલ રોકાણ રૂ. 36.20 લાખ) 31 માર્ચ, 2025ના રોજ વધીને લગભગ રૂ. 20.24 કરોડની થઈ છે.

છેલ્લા ત્રણ દાયકામાં ફંડે વિવિધ બજાર ચક્રોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે અને મજબૂત ફંડામેન્ટલ્સ તથા લાંબા ગાળે સંપત્તિની સંભાવના સાથેની ગુણવત્તાસભર કંપનીઓ પર ધ્યાન આપીને તેની મજબૂત રોકાણ ફિલોસોફી દર્શાવી છે. સારી ગુણવત્તા ધરાવતા વ્યવસાયો, મૂલ્યાંકન અંગેની શિસ્તતા તથા વ્યૂહાત્મક લાંબા ગાળાની પોઝિશનિંગ પર ફંડ દ્વારા મૂકવામાં આવેલા ભારના લીધે તે રોકાણકારોમાં વિશ્વસનીય પસંદગી બની રહ્યું છે.

ફંડની રોકાણ વ્યૂહરચના વાજબી મૂલ્યાંકનો પર ગુણવત્તાસભર કંપનીઓ પર ધ્યાન સાથે બોટમ અપ અપ્રોચથી શેરની પસંદગી સુધીની છે. મૂળ વિચાર એવી મજબૂત કંપનીઓ પસંદ કરવાનો છે જે મધ્યમથી લાંબા ગાળા માટે વૃદ્ધિના ચાલકબળો ધરાવતી હોય. ઉદ્યોગ અને બજાર ચક્રના કાળજીપૂર્વકના મૂલ્યાંકન અને તે સેક્ટરની કંપનીની સ્થિતિને ધ્યાનમાં રાખીને રિસ્ક-એડજસ્ટેડ સ્થિતિને પોર્ટફોલિયોમાં લેવામાં આવે છે.એચડીએફસી ફ્લેક્સી કેપ ફંડ ચાર મહત્વના પાયા પર કેન્દ્રિત સ્ટ્રક્ચર્ડ રિસ્ક મેનેજમેન્ટ અભિગમ અપનાવે છે. નિયમનકારી અને આંતરિક જોખમ પરિમાણોના અનુપાલનથી મેન્ડેટ્સ સાથે મેળ સાધવામાં મદદ મળે છે જે વાસ્તવિક સમયે ચકાસણી અને સતત નિરીક્ષણ દ્વારા સમર્થિત છે.

# માર્ચની તુલનાએ એપ્રિલનો સેવા ક્ષેત્રનો PMI સાધારણ ઊંચકાયો

(એજન્સી) મુંબઇ | તા.07

સમાપ્ત થયેલા એપ્રિલમાં દેશનો સેવા ક્ષેત્રનો પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેકસ (પીએમઆઈ) માર્ચની સરખામણીએ સહેજ વધી ૫૮.૭૦ રહ્યો છે. માર્ચનો પીએમઆઈ ૫૮.૫૦ રહ્યો હતો. સેવા તથા ઉત્પાદન ક્ષેત્રનો સંયુકત પીએમઆઈ જે માર્ચમાં ૫૯.૫૦ હતો તે એપ્રિલમાં વધી ૫૯.૭૦ રહ્યો છે.નવા બિઝનેસ ઓર્ડરમાં વધારો આઠ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો છે અને અસંખ્ય કંપનીઓએ બજાર સ્થિતિ સાનુકૂળ હોવાનો મત વ્યકત કર્યો હોવાનું પીએમઆઈના સર્વે રિપોર્ટમાં જણાવાયું છે. માર્ચમાં મંદ પડયા બાદ એપ્રિલમાં નિકાસ ઓર્ડરમાં વધારો જોવા મળ્યો છે. જુલાઈ, ૨૦૨૪ બાદ નિકાસ ઓર્ડરમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. ખર્ચ પરનું દબાણ હળવું થતા અને સેવા પેટેના ચાર્જિસમાં વધારો થતાં સેવા પૂરી પાડતી કંપનીઓના માર્જિનમાં વધારો થયાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ભાવિ વિકાસને લઈને કંપનીઓ આશાવાદી છે પરંતુ તેમનો વિશ્વાસ સાધારણ નબળો પડયો છે.



# દેશના સૌથી મોંઘા શેરે આપી સૌથી મોંઘી ભેટ

(એજન્સી) મુંબઇ | તા.07




જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામોની જાહેરાત પછી, MRFના શેરમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો.
ઈન્ટ્રાડે ટ્રેડમાં MRFના શેર 4.8 ટકા વધીને 1,41,500 ના સ્તરે પહોંચ્યા, જે મંગળવારે 1,34,990 હતા.
ટાયર ઉત્પાદક MRF લિમિટેડે બુધવારે જણાવ્યું હતું કે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં તેનો સંયુક્ત ચોખ્ખો નફો 29.28 ટકા વધીને રૂ. 512.11 કરોડ થયો છે. MRF એ શેરબજારને તેના ત્રિમાસિક પરિણામો વિશે માહિતી આપી. કંપનીએ એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં વર્તમાન કામગીરીમાંથી રૂ. ૩૯૬.૧૧ કરોડનો ચોખ્ખો નફો મેળવ્યો હતો. સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં MRF ની કાર્યકારી આવક રૂ. 7,074.82 કરોડ રહી, જે એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં રૂ. 6,349.36 કરોડ હતી. MRF એ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024-25 ના માર્ચ ક્વાર્ટરમાં તેનો કુલ ખર્ચ રૂ. 6,526.87 કરોડ હતો જે એક વર્ષ પહેલા રૂ. 5,915.83 કરોડ હતો.

### કંપનીનો નફો ઘટ્યો

સમગ્ર નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫) માટે કંપનીનો સંયુક્ત ચોખ્ખો નફો ઘટીને રૂ. ૧,૮૬૯.૨૯ કરોડ થયો, જે પાછલા નાણાકીય વર્ષમાં રૂ. ૨,૦૮૧.૨૩ કરોડ હતો. આ સમયગાળા દરમિયાન, ઓપરેટિંગ આવક રૂ. ૨૫,૧૬૯.૨૧ કરોડથી વધીને રૂ. ૨૮,૧૫૩.૧૮ કરોડ થઈ.

### MRF રૂ. 229 નું ડિવિડન્ડ આપશે

જાન્યુઆરી-માર્ચ માટે તેના ચોથા ક્વાર્ટર અને નાણાકીય વર્ષના પરિણામોની જાહેરાત સાથે, MRF એ તેના શેરધારકોને 2290% અથવા રૂ. 229 ના ડિવિડન્ડની જાહેરાત કરી. આ પછી, બુધવારે MRF ના શેરમાં 3 ટકાનો વધારો જોવા મળ્યો. જોકે, MRF એ ડિવિડન્ડ માટે લાયક શેરધારકોને ઓળખવા માટે કોઈ રેકોર્ડ તારીખ નક્કી કરી નથી. જેના વિશે કંપની પછીથી માહિતી શેર કરશે.
તમને જણાવી દઈએ કે એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, કંપનીએ 31 માર્ચ, 2025 ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે પ્રતિ ઈક્વિટી શેર 3 રૂપિયાના બે વચગાળાના ડિવિડન્ડ જારી કર્યા છે, જ્યારે સંપૂર્ણ વ્યવસાય વર્ષ માટે તેણે 10 રૂપિયાના ફેસ વેલ્યુ પર 235 રૂપિયાનું ડિવિડન્ડ ચૂકવ્યું છે.

# ઓપરેશન સિંદૂરની સફળતા બાદ શેરબજાર ઉછાળા સાથે બંધ

(એજન્સી) મુંબઇ | તા.07

આજે બજારના આરંભે સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે અત્યારે બજાર બંધ થવાના સમયે BSE સેન્સેક્સ 80,746.78 ના સ્તરે બંધ થયો અને તે જ સમયે, NSE નિફ્ટી ઘટાડા સાથે 24,414.40 ના સ્તર પર બંધ થયો. સેન્સેક્સ બજાર બંધ થવાના સમયે +105.71 (0.13%) પોઈન્ટ ઉછાળા સાથે બંધ થયું જ્યારે નિફ્ટી +34.80ના ઉછાળા સાથે બંધ થયું.
આજે શરૂઆતમાં, BSE સેન્સેક્સ 180.48 પોઈન્ટ અથવા 0.22 % ઘટીને 80,40.59 પોઈન્ટ પર ખુલ્યો હતો. તે જ સમયે, NSE નિફ્ટી 25.60 પોઈન્ટ એટલે કે 0.11% ના ઘટાડા સાથે 24,354.00 પર ખુલ્યો. જો કે બજાર ખુલ્યા બાદ ઓપરેશન સિંદૂરની સફળતાની અસર જોવા મળી. આજે બજારના આરંભે શરૂઆતના કારોબારમાં મુખ્ય શેરબજાર સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, બજાર ખુલ્યાના થોડી જ મિનિટોમાં સેન્સેક્સ અને નિફ્ટી વધવા લાગ્યા. બજારના રોકાણકારો પણ ઓપરેશન સિંદૂરને સલામ કરી રહ્યા છે. સવારે 9:30 વાગ્યે સેન્સેક્સ 80,761.92 પોઈન્ટ પર પહોંચી ગયો. તેમાં 120.85 પોઈન્ટ એટલે કે 0.15 % નો વધારો નોંધાયો. તે જ સમયે, નિફ્ટી 52.80 (0.22%) પોઈન્ટ વધીને 24,432.40 પર ટ્રેડ થઈ રહ્યો છે.

### વૈશ્વિક સોનાના ભાવ ફરી ઉછળી ઔંશના ૩૪૦૦ ડોલર નજીક

# સોનામાં તોફાની તેજી વચ્ચે ભાવ ફરી રૂ. એક લાખની સપાટીને આંબી ગયા

(એજન્સી) મુંબઇ | તા.07

વિશ્વ બજારના સમાચાર ભાવમાં નવો ઉછાળો બતાવી રહ્યા હતા. ઘર આંગણે તેના પગલે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં રેકોર્ડ તેજીનો પવન ફૂંકાતો રહ્યો હતો. જો કે ઉંચા મથાળે નવી માગ ધીમી રહી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂા. ૧૮૦૦ ઉછળી ઉંચામાં એક લાખની સપાટીને ફરી આંબી ગયા હતા. વિશ્વ બજારમાં સોમનાના ભાવ ઔંશ દીઠ ૩૩૨૦થી ૩૩૨૧ વાળા વધુ ઉછળી ઉંચામાં ભાવ ૩૩૮૭થી ૩૩૮૮ થઇ ૩૩૮૪થી ૩૩૮૫ ડોલર રહ્યા હતા.

વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઇ હતી. વૈશ્વિક ક્રૂડતેલના ભાવ આજે બેથી અઢી ટકા ઉછળતાં તેની અસર પણ વૈશ્વિક સોનાના ભાવ પર પોઝીટીવ જોવા મળી હતી. અમદાવાદ બજારમાં બે દિવસમાં સોનાના ભાવ રૂા. ૩૩૦૦ ઉછળ્યા છે.

અમદાવાદ સોનાના ભાવ વધી આજે ૯૯૫ના રૂા. ૯૯૭૦૦ તથા ૯૯૯ના રૂા. એક લાખ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂા. ૧૫૦૦ વધી રૂા. ૯૭૦૦૦ને આંબી ગયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ બે દિવસમાં રૂા. ૨૫૦૦ ઉંચકાયા હતા.

દરમિયાન, ભારતના ફોરેક્સ રિઝર્વમાં સોનાનો હિસ્સો ચાર વર્ષમાં આશરે બમણો થઇ ગયાનું જાણકારો જણાવી રહ્યા હતાં. મુંબઇ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં તેજી આગળ વધી હતી.

દરમિયાન વિશ્વ બજારમાં આજે સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશ દીઠ ૩૨.૫૪થી ૩૨.૫૫ વાળા વધી ૩૩.૧૬ થઇ ૩૩.૧૧થી ૩૩.૧૨ ડોલર રહ્યા હતા. મુંબઇ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂા. ૯૪૯૦૦ વાળા વધી રૂા. ૯૬૫૦૦ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ રૂા. ૯૫૨૮૨ વાળા રૂા. ૯૬૮૮૮ બોલાયા હતા. મુંબઇ ચાંદીના ભાવ જીએસટી વગર રૂા. ૯૪૧૦૦ વાળા રૂા. ૯૫૮૫૪ રહ્યા હતા.

દરમિયાન, વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૭૬ ટકા વધ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ પણ ઉછળ્યા હતા. બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ બેરલના ૯૦.૨૦ વાળા ઉંચામાં ૬૨ ડોલર થઇ ૬૧.૭૯ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૫૮.૮૫ થઇ ૫૮.૭૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ વધી ૯૮૫ થઇ ૯૮૨થી ૯૮૩ ડોલર રહ્યા હતા.



# પતંજલિ પાસેથી જાણી જશો ખોરાક અંગેના તથ્યો અને નિયમો તો સ્વાસ્થ્ય રહેશે તમારુ એકદમ સારું

(એજન્સી) મુંબઇ | તા.07

ખોરાક અને આરોગ્ય એકબીજા સાથે સીધો સંબંધ ધરાવે છે. જો તમે સ્વસ્થ રહેવા માંગતા હો, તો માત્ર પોષક તત્વોથી ભરપૂર ખોરાક ખાવાની સાથેસાથે, તેના માટેના ઘણા નિયમોનું પાલન કરવું પણ એટલું જ જરૂરી છે. પતંજલિની શરૂઆત યોગ ગુરુ બાબા રામદેવ દ્વારા સ્વદેશી સૂત્ર સાથે કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય લોકોને આયુર્વેદ પ્રત્યે જાગૃત કરવાનો છે. આચાર્ય બાલકૃષ્ણ સ્વસ્થ જીવન માટે લોકો સુધી આયુર્વેદની માહિતી પણ ફેલાવે છે અને આ ક્રમમાં માહિતીથી ભરપૂર પુસ્તકો પણ લખ્યા છે. આવું જ એક પુસ્તક 'ધ સાયન્સ ઓફ આયુર્વેદ' છે. આ પુસ્તકમાં સ્વસ્થ જીવન માટે ઘણી મહત્વપૂર્ણ માહિતી વિગતવાર આપવામાં આવી છે.

આમાંથી, અમે તમારા માટે ખોરાક સંબંધિત ખૂબ જ ખાસ બાબતો શોધી અને લાવ્યા છીએ જે સ્વસ્થ અને ફિટ રહેવામાં મદદ કરશે. આ લેખ વાંચ્યા પછી, તમને ખબર પડશે કે ઘણી વખત આપણે જે ખોરાકને લગતી બાબતોનું પાલન કરીએ છીએ તે આયુર્વેદ અનુસાર ખરેખર યોગ્ય નથી અને તમને એ પણ ખબર પડશે કે યોગ્ય પ્રકારનો ખોરાક ખાઈને સ્વાસ્થ્ય કેવી રીતે જાળવી શકાય છે.

દરેક વ્યક્તિ જાણે છે કે ખોરાક સ્વાસ્થ્ય માટે કેટલો મહત્વપૂર્ણ છે. આયુર્વેદ કહે છે કે ખોરાકની ગુણવત્તા યોગ્ય હોવાની સાથે, તેનું પ્રમાણ શું હોવું જોઈએ, તમે કઈ પરિસ્થિતિમાં ખાઓ છો, તે તમારા સ્વાસ્થ્યને પણ અસર કરે છે. પતંજલિના સ્થાપક રામદેવ અને બાલકૃષ્ણના પુસ્તકમાં ખોરાક સંબંધિત મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે, જે આપણે આ લેખ દ્વારા જાણીશું. જ્યારે સ્વસ્થ અને ફિટ રહેવાની વાત આવે છે, ત્યારે લોકો ઘી અને તેલમાં બનેલી વસ્તુઓ ખાવાનું બંધ કરી દે છે, કારણ કે તેઓ હૃદય સંબંધિત રોગો, સ્થૂળતા વગેરેથી ડરતા હોય છે. જ્યારે આયુર્વેદ કહે છે કે આપણા ખોરાકમાં ઘી અને તેલની પૂરતી માત્રા હોવી જોઈએ. તેલ અને ઘી માત્ર ખોરાકનો સ્વાદ જ નહીં, પણ તે ગેસ્ટ્રિક અગ્નિને પણ સક્રિય કરે છે.

### લેન્ક્સેસ માટે ટોચનું રેટિંગ

# CDPએ આબોહવા અને જળ સંરક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઓળખી કાઢી

### તમામ રેટ કરેલી કંપનીઓમાંની ટોચની 2 ટકામાં લેન્ક્સેસનો સમાવેશ

(એજન્સી) મુંબઇ | તા.07

આબોહવા સંરક્ષણ CDPએ લેન્ક્સેસને આબોહવા પરિવર્તન સામે લડવા માટેની તેની શ્રેષ્ઠ પ્રતિબદ્ધતાનુ સન્માન કર્યુ છે. પ્રવર્તમાન મુલ્યાંકમાં CDPએ સ્પેસિયાલિટી કેમિકલ્સ કંપનીને 'ક્લાઈમેટ' કેટેગરીમાં ટોચના 'A' ગ્રેડ આપ્યો છે. તે લેન્ક્સેસને CDP દ્વારા મુલ્યાંકન કરાયેલ 24,700થી વધુ કંપનીઓના ટોચના 2 ટકામાં મુકે છે.

ગ્રેડ 'A' એવી કંપનીઓને આપવામાં આવે છે જે આબોહવા સંરક્ષણ અને જે તે પ્રોજેક્ટસના અમલીકરણમાં પોતાના પ્રવૃત્તિઓ વિશે ખાસ કરીને પારદર્શક રીતે અને વિસ્તૃત રીતે જાણ કરે છે. આવું કરવા માટે તેઓને તેમની વ્યૂહરચનાઓ અને પગલાંઓનું નિરૂપણ કરવુ પડે છે, જેમાં વૈજ્ઞાનિક રીતે સુરક્ષિત હોય તેવા લક્ષ્યાંકો સ્થાપિત કરવા અને આબોહવા સંરક્ષણ યોજના ઘડવાનો સમાવેશ થાય છે. લેન્ક્સેસ CDPને 2012થી આબોહવા સંરક્ષણ સંબંધિત ડેટાની જાણ કરે છે.



વધુમાં CDPએ જળ સ્ત્રોતોના સુરક્ષિત અને જવાબદાર વપરાશની લેન્ક્સેસની પ્રતિબદ્ધતાનું મુલ્યાંકન કર્યુ છે. સંસ્થાને 'A'થી નવાજવામાં આવી છે.

'અમારા ઉકેલો અને કુશળતા સાથે, અમે ટકાઉ વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપીએ છીએ. તેની સાથે જ અમે અમારા ગ્રાહકોને તેમના ટકાઉતાના લક્ષ્યાંકો હાંસલ કરવામાં પણ મદદ કરીએ છીએ. CDPનું નવેસરનું ટોચનું રેટિંગ અમારા આબોહવા સંરક્ષણ પરત્વેની અમારી પ્રતિબદ્ધતા પર ભાર મુકે છે અને અમે યોગ્ય માર્ગે છીએ તે બતાવે છે' એમ લેન્ક્સેસ એજીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય હ્યુબર્ટ ફિન્કએ જણાવ્યું હતું.

CDP: પર્યાવરણીય ડેટાની મહત્તમ પારદર્શકતા

સ્વતંત્ર બિન-નફાકારક સંસ્થા CDP ગ્રીનહાઉસ ગેસ સ્ત્રાવ અને જળ સ્ત્રોતોના વ્યવસ્થાપન અને વન પર વૈશ્વિક પારદર્શકતાનું સર્જન કરવા માટે સમર્પિત છે. 2025માં 24,700 કરતા વધુ કંપનીઓએ પોતાનો ડેટા સુપરત કર્યો હતો, જેણે CDPના ડેટા પ્લેટફોર્મને વિશ્વનો પર્યાવરણ સંબંધિત માહિતી માટેના અનેક વ્યાપક સ્ત્રોતમાંનો એક બનાવ્યુ હતું. CDP રિપોર્ટીંગમાં વિશ્વની લિસ્ટેડ બજાર મૂડીના 66 ટકાથી વધુને આવરી લેવામાં આવે છે, આમ કે હવે એક કારોબારનો નિયમ બની ગયો હોય તેવું બતાવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, વૈશાખ સુદ-11

# પાકિસ્તાન ફરતે ગાળિયો



વિશ્વની મુખ્ય રેટિંગ એજન્સી મૂડીઝના એ આકલનનું આશ્ચર્ય નહીં કે ભારત સાથે તણાવપૂર્ણ સંબંધ પાકિસ્તાનને બહુ મોંઘા પડશે. આ એજન્સીનું એ પણ માનવું છે કે જો તણાવ લાંબો ખેંચાયો તો પાકિસ્તાનનો જીડીપી દર નકારાત્મક પણ થઈ શકે છે. એ જ રીતે જો યુદ્ધની નોબત આવી તો પાકિસ્તાન માટે તેને સહન કરવું સંભવ નહીં હોય. પાકિસ્તાન પહેલેથી જ ખસ્તાહાલ છે. તે લાંબા સમયથી વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ જેવી સંસ્થાઓની સાથે સાથે વિભિન્ન દેશો પાસેથી ભીખ માગીને પોતાનું કામ ગબડાવ્યે રાખે છે. પાકિસ્તાન પોતાનું વલણ સુધારવાનું નથી, તેથી ભારત માટે એ જરૂરી છે કે તે દરેક સ્તર પર તેની સાથેના સંબંધો તોડી નાખે. તેની સાથે એ પણ સમયની માંગ છે કે એવા ઉપાય કરવામાં આવે, જેનાથી પાકિસ્તાનની આર્થિક હાલત બદથી બદતર થઈ જાય. ભારતે પાકિસ્તાનના એ તમામ સ્રોતોને બંધ કરવા માટે સક્રિય થવું જોઈએ, જ્યાંથી તે સહજે પણ વિદેશી મુદ્રા મેળવતું હોય. પાકિસ્તાન સાથે તણાવનો ઉલ્લેખ કરતાં ભારતે યુરોપની સાથે એ તમામ દેશોને સતર્ક કરવા જોઈએ, જેમના વિમાન પાકિસ્તાની વાયુ ક્ષેત્રનો ઉપયોગ કરે છે, જેથી તેઓ પોતાનો રસ્તો બદલે અને પાકિસ્તાન ઓવર ફ્લાઈટ ચાર્જ પણ ગુમાવી દે. પાકિસ્તાન પ્રત્યે આક્રમક મુદ્રા જાળવી રાખીને તેને એટલું ત્રસ્ત કરી દેવું જોઈએ કે તે બચાવની તૈયારીમાં પોતાનાં સંસાધનો વેડફતું રહે. ભારતે વધુને વધુ વિદેશી કંપનીઓને એ સંદેશ પણ આપવો જોઈએ કે જો તે પાકિસ્તાનમાં કારોબાર કરે છે તો તેમના માટે અમારે ત્યાં વેપાર કરવો મુશ્કેલ થઈ જશે. ભારતે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષથી પાકિસ્તાનને અપાતી લોનની સમીક્ષાની માંગ ઉઠાવીને યોગ્ય કર્યું, પરંતુ કોશિશ એ હોવી જોઈએ કે આ લોન તેને મળી ન શકે. ભારતે એ પણ જોવું પડશે કે પાકિસ્તાન ફરી એક વખત ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સના નિરીક્ષણ યાદીમાં આવી જાય. એ મુશ્કેલ કામ નથી, કારણ કે પાકિસ્તાન કેટલાક સમય પહેલાં સુધી આતંકના આર્થિક સ્રોતોની ઓળખ કરનારી આ સંસ્થાના ગ્રે લીસ્ટમાં હતું. આ સંસ્થાના સદસ્ય દેશ એનાથી સારી રીતે વાકેફ છે કે પાકિસ્તાન કઈ રીતે જાતજાતના આતંકી સંગઠનો પોષતું આવ્યું છે. હવે જ્યારે ભારતે સિંધુ જળ સમજૂતી પર રોક લગાવીને એ સ્પષ્ટ કરી દીધું છે કે પાકિસ્તાની સેના અને સરકારની હરકતોની કિંમત ત્યાંના લોકોએ પણ ચૂકવવી પડશે, તો પછી જે પણ પાકિસ્તાની પોતાના ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી ભારતીય દર્શકોના સહારે કમાણી કરે છે, એ બધા માટે એવું કરવું મુશ્કેલ બનાવી દેવામાં આવે. એની સાથે જ ભારતે પોતાના નાગરિકોને તુર્કીયે જેવા દેશોમાં પર્યટન માટે પણ હતોત્સાહિત કરવા જોઈએ, જે પાકિસ્તાનનો ખુલ્લી કે છૂપી રીતે સાથ આપતા દેખાય છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં 22 એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સરહદ પર ગોળીબાર કરી રહ્યું છે. ભારતીય સૈનિકો પણ મુંહતોડ જવાબ આપી રહ્યા છે. દરમિયાન લોકોની સુરક્ષા માટે બંકરો બનાવવામાં આવી રહ્યા છે.

## NEWS BRIEF

### નર્મદા જિલ્લાનું ગૌરવ | ધો.12 સાયન્સમાં 99.69 પર્સન્ટાઈલ A-1 ગ્રેડ મેળવી

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા રહેતી હેતિકા પટેલે ધો.12 સાયન્સમાં અંગ્રેજી માધ્યમમાં ૯૯.૬૯ પર્સન્ટાઈલ A-1 ગ્રેડ મેળવીને પોતાના માતા-પિતા, સમાજ અને નર્મદા જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. હેતિકાના દ્રઢ સંકલ્પ અને મહેનતથી આ પરિણામ શક્ય બન્યું છે, પરિવાર અને સમાજનું માર્ગદર્શન પણ હેતિકા માટ પ્રેરક બન્યું છે. આ સિધ્ધિનો શ્રેય હેતિકાના પિતા રોશનકુમાર પટેલની મહેનત અને સમર્પણને પણ જાય છે, જેઓ રાજપીપળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

### જરોદ હોમ ગાર્ડ હોલ ખાતે PI જે. એ. બારોટની અધ્યક્ષતામાં GRDની ભરતીનો કેમ્પ યોજાયો



કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના જરોદ હોમ ગાર્ડ હોલ ખાતે આજરોજ જી આર ડી જીલ્લા કંમાડર નિતાબેન જોષી અને જરોદ પોલીસ સ્ટેશન ના પી આઈ જે,એ, બારોટ ના અધ્યક્ષતામાં જી આર ડી ની ભરતી નો કેમ્પ યોજાયો જેમાં જરોદ સહિત પંથકના 76 જેટલા ઈચ્છુક ભાઈ બહેનો એ ઉંચાઈ,હાઈટ,વજન, વિગેરે ની પરીક્ષા માં પૂર્ણ થ ઈ ભરતી કરવામાં આવી હતી જેમાં જરોદ પોલીસ સ્ટેશન ના પી આઈ જે,એ, બારોટ દ્વારા ભરતી થનાર સૌ ભાઈ બહેનો ને ડીસીપલેન , અને શિસ્તબદ્ધ રીતે પોતાની ફરજો નિભાવવા અંગે ની સુંદર સમજ આપી હતી આમાંય જરોદ પોલીસ સ્ટેશન ખાતે હોમ ગાર્ડ અને જી આર ડી જવાનો ની મહેકમ ઘણા લાંબા સમયથી ઘટ વર્તાતી હતી જેના કારણે પ્રજાજનો ની જાણ માલ ની રક્ષા સમયસર ન મળવાથી ગ્રામ જનો ની સમસ્યાઓ ગામ ના આગેવાનો દ્વારા શાંતિ સમિતિની બેઠક માં ઉદ્ભવભવતો હતો જેનાં કારણે જરોદ પોલીસ સ્ટેશન ના પી આઈ જે એ બારોટ દ્વારા લાગતાં વળગતા તંત્ર ને સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સાથે પરામર્શ ના ભાગ રૂપે આજરોજ જરોદ સહિત પંથકના 76 જેટલા ઈચ્છુક ભાઈ બહેનો એ જી આર ડી જવાન માં ભરતી પ્રક્રિયા પુરી થતાં એકંદરે જરોદ સહિત પંથકમાં ગ્રામ જનો ની જાન માલ ની સુરક્ષા માં વધારો બનવા પામશે.

### ડાંગ... પીંપરી ગામ નજીક ટ્રક ચાલકે કારને અડફેટમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત



સુશીલ પવાર | ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ ડાંગ જિલ્લાનાં આહવા તરફથી સુરત તરફ જઈ રહેલ ટ્રકે આહવાથી વઘઈને જોડતા રાજ્યધોરીમાર્ગનાં પીંપરી ગામ નજીકનાં વળાંકમાં કાર.ન.જી.જે.21. એમ.9548ને અડફેટમાં લેતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો.અહી ટ્રક ચાલક અકસ્માત કરીને ટ્રકને લઈ ભાગવા જતા પીંપરી ગામે રમેશભાઈ ટેલરનાં દુકાનને અથડાવી દેતા ઘટના સ્થળે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.આ અકસ્માતનાં બનાવમાં કારને તથા દુકાનને જંગી નુકસાન થયુ હતુ.આ બનાવમાં કાર ચાલકને નાની મોટી ઈજાઓ પોહચી હતી.જ્યારે દુકાન નજીક કોઈ ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

### સાગબારા પોલીસે ડીટેઈન કરેલા વાહન માલિકોને ત્રણ નોટીસ બાદ પણ છોડવી નહી જતા કાર્યવાહી




ભરત શાહ | નર્મદા

નર્મદા પોલીસ કેટલાક ગુનાઓ માં વાહન ડિટેઈન કરતી હોય છે પરંતુ તે પૈકી કેટલાક વાહનો વાહન માલિકો છોડવી નહી જતા હોય પોલીસ સ્ટેશન માં જગ્યા ના અભાવ સહિત ની સમસ્યા હોવાથી સાગબારા પોલીસે આવા વાહનો માટે કાર્યવાહી કરવા પગલા લીધા છે. જાણવા મળ્યા મુજબ સાગબારા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓમાં કબજે કરવામાં આવેલ વાહનો પૈકી BNNS-૧૦૬ (સી.આર.પી.સી ૧૦૨) તેમજ એમ.વી.એક્ટ કલમ ૨૦૭ મુજબ ડીટેઈન કરવામાં આવેલ વાહનો પૈકી હાલ પો.સ્ટે.માં પેન્ડીંગ રહેલ વાહનોના માલીકોને ત્રણ-ત્રણ વાર નોટીશો ઈશ્યુ કરવામાં આવી હોવા છતાં વાહનોના માલીકો આ વાહનો છોડાવી જતા નથી જેથી વાહનો સાચવી રાખવાની તકલીફ પડતી હોય તેમજ જગ્યાનો પણ અભાવ હોવાથી અને વાહનો લાબા સમય સુધી પડી રહેવાથી ખરાબ થઈ જતા હોવાથી નીચે આ બાબતે યોગ્ય કાર્યવાહી થવા બાબત ઉપરી કક્ષા એ રજૂઆત કરવામાં આવી છે.

## ■ ડાંગ | ભર ઉનાળે ચોમાસુ, કમોસમી વરસાદ અને વાવાઝોડાએ તાંડવ મચાવતા જંગી નુકશાન

# જિલ્લાનાં ગામડાઓમાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ યથાવત



સુશીલ પવાર | ડાંગ

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી સાચી ઠહેરતા ઋતુચક્રનાં મોસમે મિજાજ બદલ્યો છે.ભર ઉનાળાની ઋતુમાં ઋતુચક્રએ અચાનક મિજાજ બદલતા વાતાવરણ દ્વિભાસી બન્યુ છે.રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સતત ત્રણ દિવસથી ક્યાંક ઝરમરીયો તો ક્યાંક છુંટોછવાયો તો ક્યાંક મધ્યમ સ્વરૂપેનો કમોસમી વરસાદ પડી રહ્યો છે.

### કેરી પડી જવાથી ખેડૂતોને લાખોનું નુકસાન



ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં કમોસમી વરસાદની સાથે ભારે પવનનાં સુસવાટા સાથે વાવાઝોડુ પણ ફૂંકાતા આહવા,વઘઈ અને સુબિર તાલુકામાં સમાવિષ્ટ અનેક ગામોમાં લોકોનાં ઘરનાં પતરા જમીનદોસ્ત થઈ જતા માથે હાથ દેવાનો વારો આવ્યો છે.આ કમોસમી વરસાદ તથા વાવાઝોડાનો કહેર ફળફળાદી સહીત આંબાવાડી પર પણ પડતા કેરી પડી જવાથી ખેડૂતોને લાખોનું નુકસાન થવા પામ્યુ છે.

### કમોસમી વરસાદના કારણે જિલ્લામાં સમયાંતરે વીજ પુરવઠો ખોરવાયો



ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, વઘઈ, સુબિર, આહવા, બોરખલ, ચિંચલી, ભેંસકાતરી, ગારખડી, સાકરપાતળ, પીપલાઈદેવી, લવચાલી, કાલીબેલ સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકમાં સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ અને વાવાઝોડાનો કહેર યથાવત જોવા મળ્યો અને જગતનો તાત કુદરતનાં કાળક્રમ સામે લાચાર બન્યો હતો.ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદ અને વાવાઝોડાનાં પગલે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશયી થઈ પડી જવાનાં બનાવો બન્યા છે. તેમજ કમોસમી વરસાદના કારણે જિલ્લામાં સમયાંતરે વીજ પુરવઠો ખોરવાયો હતો અને ઘણા વિસ્તારોમાં વીજળી ગુલ થઈ હતી.

# નર્મદા...તિલકવાડા તાલુકામાં કમોસમી વરસાદમાં બાજરો, કેળ અને કપાસના પાકને મોટું નુકશાન

ભરત શાહ | નર્મદા



નર્મદા જિલ્લામાં સોમવારે અને મંગળવાર રાત છે બુધવારે સવારે જોરદાર વરસાદ પડતા જિલ્લામાં પાક ને મોટું નુકશાન થયું છે જેમાં તિલકવાડા તાલુકામાં 6 મિમી વરસાદ પડતા ધરતીપુત્રો માં પાક ને લઈ ચિંતા પેઠી છે. પ્રાપ્ત માહિતી અનુસાર તારીખ 05/05/2025 ના રોજ નર્મદા જિલ્લામાં વાતાવરણમાં અચાનક પલટો મારતા ભારે પવન સાથે કમોસમી વરસાદથી નાંદોદ તાલુકાના ધાનપોર , ધમણાચા સહિત ના ગામોમાં કેળ, કેરી દિવેલા સહિતના અન્ય ઉભા પાકને મોટા પ્રમાણમાં નુકસાન થવા પામ્યું છે. કેળા ની ઊભી લુમો ભારે પવન ના કારણે જમીન પર સૂઈ ગયેલી જોવા મળી હતી જેમાં ખેડૂતો ને મોટું નુકશાન થયા ની વાત જાણવા મળી છે. ત્યારે બીજી બાજુ આ જોરદાર વાવાઝોડા માં ગરુડેશ્વર તાલુકાના ધીરખાડી, ઝરવાણી સહિતના ગામોના 15 જેવા કાચા મકાનો ના છાપરા ઉડવાની ઘટના પણ બની હોવાનું જાણવા મળ્યું છે. મંગળવારે રાત થી બુધવારે સવાર સુધી જિલ્લામાં જોરદાર વરસાદ ખાબકતા સર્વત્ર પાણી જોવા મળ્યું હતું જેમાં ખાસ કરીને તિલકવાડા તાલુકામાં 6 મિમી વરસાદ પડતા ખેતરો માં પાણી ફરી વળતા ખેડૂતો ના બાજરો, કેળ, કપાસ ના પાક ને મોટું નુકશાન થયું છે. આમ જિલ્લા અનેક ગામોમાં વરસાદ ના કારણે ખેતરો માં પાણી ફરી વળતા ખેતી ને ભારે નુકશાન થતા ધરતીપુત્રો ચિંતિત જોવા મળ્યા હતા.



તિલકવાડામાં છેલ્લા 24 કલાકમાં 6 મિમી વરસાદ ખાબકતા સર્વત્ર પાણી ભરાઈ જતા પાકને નુકશાન

## છોટા ઉદેપુર | 31 જેટલા વૃક્ષો હટાવી સ્ટેટ હાઈ વે કાર્યરત કરતુ માર્ગ અને મકાન વિભાગ

કમલેશ પટેલ | સંખેડા

છોટાઉદેપુર. બુધવાર. છોટાઉદેપુર જિલ્લામાં વાવાછોડા અને કમોસમી વરસાદ દરમિયાન સ્ટેટ હાઈ વે પર લગભગ ૩૧ જેટલા વૃક્ષો પડી ગયા હતા. ડભોઈ ગોલગામડી બોડેલી રોડ પર ૫ વૃક્ષ, બહાદરપુરા, ભાટપુર, વાસણા રોડ પર ૭ વૃક્ષ, હાંડોદ નંદપુર કથોલી રોડ પર ૪ વૃક્ષ, હાંડોદ રતનપુર, રામપરા રોડ પર ૩ વૃક્ષ, ઈન્દ્રાણ, ભાટપુર, ઝરવણ રોડ પર ૪ વૃક્ષ, સંખેડા માકણી મોડાસર રોડ પર ૩ વૃક્ષ, નસવાડી તણખલા રોડ પર ૨ વૃક્ષ, તણખલા, ગોયાવાટદૂગ્ધા રોડ પર ૧ વૃક્ષ, તેજગઢ પાલસંડા, કીકાવાડા રોડ પર ૨ વૃક્ષ ધરાશાઈ થયા હતા. ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગની ૩ ટીમોના ૩૫ જેટલા શ્રમિકો અને ૪ જેસીબીની સહાયથી માર્ગ પરના વૃક્ષો હટાવી સ્ટેટ હાઈ વે પુન કાર્યરત કરવામાં આવ્યા છે, તેમ કાર્યપાલક ઈજનેરશ્રી વિકાસભાઈ મેકવાને જણાવ્યું હતું.



## અમરેલી | બીજા દિવસે વરસાદ, ખેડૂતો અને સાગરખેડૂઓમાં ચિંતા વધી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદનો સિલસિલો બીજા દિવસે પણ યથાવત રહ્યો હવામાન વિભાગની આગાહી મુજબ વહેલી સવારેથી જ કાળાડિબાંગ વાદળો છવાયા હતા જાફરાબાદ માં બપોરના સમયે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો મધદરિયે ફિશિંગ માં ગયેલ બોટો આગાહી ના કારણે માછીમારો બોટો લઈ પરત ફરી રહ્યા છે. રાજુલા વિસ્તારમાં શહેર સહિત હિંડોરણા છત્રડીયા અને ખાખબાઈ ગામમાં ધોધમાર વરસાદ નોંધાયો છે. ધારી ગીર પંથકમાં ધારી શહેર ઉપરાંત ચલાલા, મોરઝર, વીરપુર, માધુપુર, હુડલી અને છત્રડીયા ગામમાં વરસાદ પડ્યો છે. લાઠી શહેર અને આસપાસના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે. બગસરા શહેર તેમજ મોટા મુજીયાસર, હળીયાદ, નાના મુજીયાસર અને રફાળા ગામમાં વરસાદ થયો છે. ખાંભા તાલુકામાં તાતણીયા, ઉમેરીયા અને બોરાળા ગામમાં વરસાદ વરસ્યો છે. સાવરકુંડલા શહેર સાથે બાઢડા, રામગઢ, વંડા અને ઝીંઝુડા ગામમાં વરસાદ નોંધાયો છે. બાબરા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડયા છે. ગઈકાલે જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં થયેલા ભારે વરસાદમાં એક વ્યક્તિ નું મોત નિપજ્યું હતું સતત બીજા દિવસે પડી રહેલા વરસાદથી બાગાયતી પાકો ને નુકસાન થવાની આશંકા છે. આ સ્થિતિથી સાગરખેડૂ અને ધરતી ખેડૂતો ચિંતાતુર બન્યા છે. વરસાદ ના કારણે અમુક જગ્યાએ ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા અને મીઠું પકવતા અગરિયાઓ નું મીઠું વરસાદ ના લીધે ધોવાણ થઈ ગયું પવનના સુસવાટા સાથે કડાકાભડાકા સાથે વરસી રહેલા વરસાદથી જગતના તાત ચિંતિત થયો છે.



**કેરીના પાકમાં લાખો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવ્યો :** તબક્કાવાર વાત કરીએ તો 500 હેક્ટર જમીનમાં ડુંગળીના પાકનું વાવેતર કરાયું છે. ખાસ કરીને સફેદ ડુંગળીનું વાવેતર વધુ પ્રમાણમાં થયું છે, જેમાં 100 હેક્ટર જમીનમાંથી આ સફેદ ડુંગળીના પાકને બચાવી લેવામાં ખેડૂતો સફળ થયા છે. પરંતુ 400 હેક્ટર જમીનમાં તૈયાર થઈ ગયેલા સફેદ ડુંગળીના પાકને ખેડૂતો બચાવી શક્યા નહીં. કારણ કે ક્યાંકને ક્યાંક ખેડૂતોને સમય ઓછો પડ્યો અને કેરીના પાકમાં લાખો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવ્યો, ત્યારબાદ અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં કેસર કેરીનું ઉત્પાદન સારું એવું થાય છે. આશરે 10,000 હેક્ટરમાં બાગાયતી પાક કેસર કેરી છે, આ સુંદર મજાની જોતા મોઢામાં પાણી આવી જાય અને ખાવાનું મન થાય એવી રસદાર ગળી અને મીઠી મધ કેસર કેરી આંબા ઉપર લટકતી જોઈ સૌ કોઈ લલચાઈ જાય છે.

### 201 હેક્ટરમાં બાજરીનો પાક વાવેતર

કમોસમી વરસાદ અને વાવાઝોડાએ આ કેરીનો પાક 80 ટકા જેટલો નિષ્ફળ બનાવ્યો છે, મોટાભાગના આંબાઓમાંથી કેરીઓ નીચે પડી ગઈ છે અને કેટલાક ખેતરોમાં આંબાના વૃક્ષ પણ ઢળી પડ્યા છે, ખેડૂતો મજૂરો દ્વારા અને પોતાના ભાગીદારો દ્વારા આ ખરી ગયેલી કેરીને એકઠી કરવાનું કામ કરી રહ્યા છે, જે કેરી પાકતી નથી અને નિષ્ફળ ખાવા લાયક ન ગણાય એટલે તેને ફેંકી દેવાનો જ વારો આવે છે, આ કેરીના પાકમાં ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. તેમ કહીએ તો ખોટું નથી, ત્યારબાદ 201 હેક્ટરમાં બાજરીનો પાક વાવેતર કર્યુ છે, જે વાવાઝોડાના કારણે અને ઉપર આવેલા બાજરીના પાકના વજનથી તે ઢળી ગયા છે અને પલળી ગયેલો બાજરીનો દાણો ડુડામાં જ ઉગી જાય છે. સવારે માત્ર પશુઓ માટે ઘાસચારાના ઉપયોગમાં આવે છે.

## ભારતીય સેના દ્વારા પાકિસ્તાન ઉપર કરાયેલ એર સ્ટ્રાઈકની કચ્છમાં ઉજવણી કરાઇ

મહેશ એલ. સોની | નખત્રાણા

પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા નિર્દોષ ભારતીય નાગરિકોની હત્યા કરવામાં આવી હતી જેમાં યુદ્ધની પરિસ્થિતિનું નિર્માણ થયું છે નોંધનીય છે કે પાકિસ્તાની આતંકવાદીયો ધ્વારા કરવામા આવેલ હુમલામાં નિર્દોષ ભરતીય નાગરિકો શહીદ થયા હતા ત્યાર બાદ પુરા ભારત દેશમાં દરેક ભરતીયના દિલમાં આ ઘટના ઉપર આક્રોશ હતો દરેક ના દિલમા બદલો લેવાની ભાવના હતી અને બધા નાગરિકોને ભારતીય સેના ઉપર ભરોસો હતો અને જે પલનું ઈન્તેઝાર બધા નાગરિકો ને હતો એ રાત્રે આવી ગઈ અને રાત્રે ભારતીય આર્મી એ જે રીતે પાકિસ્તાન ઉપર એર સ્ટ્રાઈક કરી અને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો જેમાં દરેક ભારતીય નાગરિકના દિલ ખુશ થઈ ગયા હતા જેના ભાગ રૂપે આજરોજ મુસ્લિમ યુવા કોર કમિટી કચ્છ તરફથી ઉજવણી કરીને દેશની સેના સાથે ખભેખભા મિલાવી ઊભા છીએ તેવો સંદેશો આપવામાં આવ્યો હતો. કમિટીના તમામ જવાબદારો ઉપસ્થિત રહી અને ઉજવણી કરી હતી. ઉજવણીના ભાગરૂપે ભીડગેટ વિસ્તારમાં ફટાકડા ફોડી અને પાકિસ્તાન મુર્દાબાદ, ઈન્ડિયન આર્મી જિંદાબાદનાં નારા લગાવ્યા હતા. યુવાનોના જોશભેર નારાઓ અને ફટાકટાની તડાફડીથી એક તબક્કે ભીડગેટ વિસ્તારમાં વાહનો થંભી ગયા હતાં અને વાહનચાલકો પણ આ નારેબાજીમાં જોડાવા લાગતાં ટ્રાફિક જામ સર્જાયો હતો અને ભુજ શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા ટ્રાફિક ખૂલ્લો કરાવવામાં આવ્યો હતો. સરહદી કચ્છ જિલ્લાના મુખ્ય મથક એવા ભુજ શહેરના ધમધમતાં ભીડ ગેટ વિસ્તારમાં યુવાનો દ્વારા દેશ દાઝથી પ્રેરિત આ કાર્યક્રમમાં હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો પણ જોડાયા હતા અને કોઈપણ પરિસ્થિતિમાં દેશની સાથે ખડે પગે રહેવાની લાગણી વ્યક્ત કરી હતી.



# નર્મદા | 3 અલગ અલગ અકસ્માતમાં 3ના મોત

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લા મા ત્રણ અલગ અલગ જગ્યા એ અકસ્માત થતા ત્રણ ના મોત થયા છે જ્યારે ત્રણ ને ઈજાઓ થતા પોલીસે ગુના દાખલ કર્યા છે.

મળતી વિગતો અનુસાર નાંદોદ તાલુકાના બીડ (રસેલા) ગામ પાસે થયેલા અકસ્માત માં પ્રથમભાઇ ઉર્ફે કાલીદાસ ભુલીયાભાઈ વસાવા, રહે.ગામડી (પોઈચા) ટાંકી વાળી ફળીયુ તા.નાંદોદ નાઓ લીલાબેન અશોકભાઈ વસાવા ઉં.વ-૪૫ રહે.ગામડી તા.નાંદોદ જી.નર્મદા નાઓ TVS મોપેટ નંબર GJ-22-D-4525 લઈને રાજપીપલા પોતાના ઘરે જતા હતા તે વખતે બીડ (રસેલા) ગામ પાસે પાછળથી એક કન્ટેનર ગાડી જેનો રજી.નંબર TS-08-UJ-8967 ના ચાલકે પોતાના કબ્જાનુ વાહન પુરઝડપે હંકારી લાવી મોપેટ મો.સા.ને પાછળ થી ટક્કર મારી રોડ ઉપર પાડી દઈ પ્રથમભાઈ ને જમણા હાથે કોણીના ભાગે સાધારણ ઈજા પહોંચાડી તથા લીલાબેન અશોકભાઈ વસાવા ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી સ્થળ ઉપર મોત નીપજાવી પોતાનુ વાહન લઈ સ્થળ ઉપરથી નાસી જઈ ગુનો કર્યો હતો.

**જ્યારે બીજો અકસ્માતમાં મંગાભાઈ શીવાભાઈ વસાવા** રહે.જીતગઢ નિશાળ ફળીયું તા.નાંદોદ જી.નર્મદા નાઓ પોતાના કબ્જાની હીરો કંપનીની સ્પેલેન્ડર મો.સા. નંબર GJ-22-Q-7977 લઈને નાનાહેડવા ગામેથી જીતગઢ પોતાના ઘરે આવતા હતા તે વખતે રામગઢ ગામના ફાટકથી નાના રાયપુરા બસ સ્ટેશન વચ્ચે ઢાળમાં આવેલ નાળા પાસે કોઈ અજાણયા વાહન ચાલકે પોતાના કબ્જાનું વાહન પુરઝડપે લઈ આવી મંગાભાઈ વસાવા ની મો.સા.ને સામેથી ટક્કર મારી ગંભીર ઈજા પહોંચાડી એક્સીડન્ટ કરનાર વાહન ચાલક ત્યાંથી નાસી ગયેલ ત્યારબાદ ઈજાગ્રસ્ત ને રાજપીપલા સરકારી દવાખાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે એસ.એસ. જી.હોસ્પિટલ વડોદરા ખાતે રીફર કરતા રસ્તામાં ડભોઈ નજીક પહોંચતા તેનું મોત નીપજ્યું હતું.



ત્રીજો અકસ્માત વાગડીયા,ગોરા બ્રીજ ના છેડે થયો જેમાં મો.સા રજી.નં. GJ-22-L-2333 ના ચાલકે પોતાના કબ્જાની મો.સા. પુરઝડપે રોન્ગ સાઈડે હંકારી લાવી સામેથી આવતા શૈલેષભાઈ મંગાભાઈ વસાવા ઉ.વ.આ.૧૮ રહે.ધીરખાડી, સરપંચ ફળિયુ તા.ગરૂડેશ્વર જી. નર્મદા ના કબ્જાની મો.સા. નં.GJ.22.N.1134 ને સામેથી એક્સિડન્ટ કરી આ કામના શૈલેષભાઈ વસાવા ઈજાઓ પહોંચાડી તેમજ પાછળ બેસેલ તેમના પિતા મંગાભાઈ સાજીયાભાઈ વસાવા નાઓને માથાના ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર મળે તે પહેલા મોત નિપજાવી મો.સા રજી.નં. GJ-22-1-2333 ચાલકે પોતાને પણ શરીરે ઈજાઓ પહોંચાડી ગુનો કરતા ઉપરોક્ત ત્રણેય અકસ્માત માં રાજપીપળા અને એકતા નગર પોલીસે ગુના દાખલ કર્યા છે.

# પ્રેગ્નેન્સી દરમિયાન વર્કિંગ વુમને આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ

પ્રેગ્નેન્સીની જર્ની દરેક મહિલાઓ માટે એક અલગ અનુભવ લઈને આવે છે પરંતુ એક બાળકને જન્મ આપવો મહિલાઓ માટે ખુબ ખાસ પળ હોય છે. પ્રેગ્નેન્સીના 9 મહિનાની અંદર અનેક ફેરફાર જોવા મળે છે. જેમાં શારીરિક,માનસિક,હોર્મોનલ, ભાવાનાત્મક તમામ સામેલ છે. ગર્ભમાં રહેલા બાળકની સાથે ઘર અને ઓફિસના કામને મેનેજ કરવા અઘરા હોય છે. આવી સ્થિતિમાં મહિલાઓની જવાબદારી વધી જાય છે. તો આજે આપણે ડોક્ટર પાસેથી કેટલીક એવી ટિપ્સ વિશે વાત કરીશું કે, જેનાથી તમે પ્રેગ્નેન્સીમાં પણ સુંદર પળ એન્જોય કરી શકો. પ્રેગ્નેન્ટ મહિલાઓ જે પણ કાંઈ ખાય છે. તેનાથી ગર્ભમાં રહેલા બાળકનો વિકાસ થાય છે. એટલા માટે કહેવામાં આવે છે કે, આ દરમિયાન મહિલાઓને પૌષ્ટિક આહારનું સેવન કરવાનું કહેવામાં આવે છે. પૌષ્ટિક આહારનો અર્થ એટલે તમને જરુરી તમામ પોષક તત્વો સંતુલિત માત્રામાં મળી જાય છે.

તમારે તમારા આહારમાં તાજા ફ્રુટ્સ-શાકભાજી, ડ્રાયફ્રુટ્સ, દાળ, દૂધ, દહીં વગેરે વસ્તુઓ સામેલ કરવી જોઈએ,જેનાથી પ્રોટીન,ફાઈબર, મિનરલ્સ મળી જાય છે. જે તમારા ગર્ભમાં રહેલા બાળકનું પણ પુરતું ધ્યાન રાખે છે.જેનાથી બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે. મહિલાઓને પ્રેગ્નેન્સી દરમિયાન ઓફિસમાં ઘરે બનેલું શુદ્ધ અને સાત્વિક ભોજનનું સેવન કરવું જોઈએ.જ્યારે કોઈ મહિલાના શરીરમાં પાણીની ઉણપ થાય છે. તો શરીરમાં સુસ્તી આવવા લાગે છે. અને તમને થાકનો અહેસાસ થશે. પ્રેગ્નેન્સીમાં મહિલાઓએ દિવસમાં અંદાજે 8 થી 10 ગ્લાસ પાણી જરુર પીવું જોઈએ. મહિલાઓએ કામ કરતી વખતે તાજા ફ્રુટ્સના જ્યુસ, નારિયલ પાણી વગેરેનું સેવન કરી શકે છે. જેનાથી તમારું પાચન પણ સારું રહેશે અને કબજીયાતની પણ સમસ્યા થશે નહી. પ્રેગ્નેન્ટ મહિલાઓ જો આખો દિવસ બેસીને કામ કરે છે. તો તેના કમર અને પીઠમાં દુખાવો થાય છે. આવી સ્થિતિમાં તમે અડધા કલાકમાં 5 મિનિટનો બ્રેક લઈ વોકિંગ કરી શકો છો. આ સાથે તમે નિયમિત નોર્મલ કસરત પણ કરી શકો છો. પ્રેગ્નેન્સી દરમિયાન એક મહિલા જે માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહીછે, તેની અસર બાળકો પર પણ જોવા મળે છે.આનાથી પ્રેગ્નેન્ટ મહિલાઓએ ખુશ રહેવું જોઈએ અને વધારે સ્ટ્રેસ લેવો જોઈએ નહી. માનસિક રુપથી સ્વસ્થ રહેવા માટે દરરોજ કસરત અને મેડિટેશન.યોગ કરવા જોઈએ.જેનાથી તમારો તણાવ પણ ઓછો થશે અને તમારા બાળકમાં પણ સર્વાંગી વિકાસ થશે. પ્રેગ્નેન્સીમાં એક મહિલા દર મહિને પોતાના શરીરમાંથી અલગ અલગ પરિવર્તન મહેસુસ કરે છે.જે સામાન્ય વાત છે પરંતુ આ દરમિયાન તમારે ડોક્ટર પાસે સમયે સમયે ટેસ્ટ કરાવતા રહેવા જોઈએ. જેનાથી તમારું બાળક અને તમે હેલ્ધી છે કે કેમ તેનો ખ્યાલ આવી શકે.






# યુવાની, ચળકતી ત્વચા માટે આ એન્ટી-એજીંગ શ્રેષ્ઠ ખોરાક ખાઓ




**કોને વૃદ્ધ દેખાવુ ગમે છે? તેનો જવાબ સરળ છે |** કોઈને નહી. પરંતુ ઝડપથી બદલાતુ પર્યાવરણ ફક્ત તમારી શારીરિક આરોગ્યને જ નહી પરંતુ તમને કલ્પના પણ ન આવે તે રીતે તમારી ત્વચાના આરોગ્યને પણ માઠી અસર પહોંચાડે છે. વાયુ પ્રદૂષકો, ભેજ, સૂર્યપ્રકાશના વધુ પડતા સંપર્ક અને હાનિકારક યુવી કિરણો જેવી સમસ્યાઓ ચાલુ રહેવાથી સુંદર રેખાઓ, કરચલીઓ અથવા તો ઝોલ (ત્વચા લચી પડવી) જેવી સમસ્યાઓ થઈ શકે છે. અને ક્યારેક, જાદુ ત્યારે થાય છે જ્યારે તમે તમારા આહારમાં ફેરફાર કરો છો, કદાચ તેને સ્વસ્થ બનાવીને જે ત્વચાની સ્થિતિસ્થાપકતાને પ્રોત્સાહન આપે છે અને અકાળ વૃદ્ધત્વ (એન્ટી એજીંગ)ને અટકાવે છે. આ ત્વચાની મુશ્કેલીઓને નાથવી તે અનેક લોકો માટે જટીલ હોઈ શકે છે, ત્યારે તેની પર ધ્યાન કેન્દ્રિત કરવાનું આંતરિક આરોગ્યને પ્રાધાન્યતા આપવાથી શરૂ થાય છે. તેમાં વધુ આત્મદ્રષ્ટિ નાખવા માટે, આપણે એક નિષ્ણાંતનો સંપર્ક સાધ્યો છે, જેઓ ચોક્કસ પ્રકારના ખોરાકથી આ સમસ્યાઓ પર કેવી રીતે ધ્યાન આપવુ તે જણાવે છે. ત્વચા નિષ્ણાંત અને કોસ્મેટોલોજિસ્ટ ડૉ. ગીતીકા મિત્તલ માને છે કે ખોરક આપણા બાહ્ય દેખાવમાં અગત્યનો ભાગ ભજવે છે અને તે સાચો હોતો નથી! ત્વચાની સમસ્યાની સારવાર કરવા માટે, તેમાંયે ખાસ કરીને કરચલીઓ અને સુંદર રેખાઓ માટે તેણી બદામ, દહીં અને અન્ય સંપૂર્ણ વિકલ્પો સહિતના પોષયક્ત ખોરાકને પણા દૈનિક ખોરાકમાં સમાવવાની ભલામણ કરે છે.

**સૅલ્મોન |** આ અત્યંત શ્રેષ્ઠ છે! ફેટી માછલી, સૅલ્મોન, તમારી એકંદર ત્વચાના સ્વાસ્થ્ય પર ખૂબ અસર કરી શકે છે. ઓમેગા-3 ફેટી એસિડથી ભરપૂર, તે ત્વચાને હાઈડ્રેટેડ અને નરમ રાખવામાં મદદ કરે છે. બળતરા ઘટાડવા માટે જાણીતી, આ ફેટી એસિડ ત્વચાને શાંત કરે છે અને યુવી કિરણોથી રક્ષણ આપે છે. વધુમાં, ઓમેગા-3 કોલેજન ઉત્પાદનને વેગ આપે છે, ત્વચાની મજબૂતાઈ જાળવી રાખીને સુંદર રેખાઓ અને કરચલીઓ ઘટાડવામાં મદદ કરે છે.

**શક્કરિયા |** આ વિટામિન E અને C જેવા એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે ત્વચાને મુક્ત રેડિકલથી સુરક્ષિત કરે છે અને અકાળ વૃદ્ધત્વ સામે અવરોધ તરીકે કાર્ય કરે છે. તેમાં વિટામિન A પણ હોય છે, જે ત્વચાના કોષોના વધારા અને મરમ્મત માટે મહત્વપૂર્ણ છે. આ વિટામિન કરચલીઓ ઘટાડવામાં અને ત્વચાની મજબૂતાઈ જાળવવામાં મદદ કરે છે, જે શક્કરિયાને ત્વચા-લક્ષી આહારમાં મૂલ્યવાન ઉમેરો બનાવે છે.

**સાઈટ્રસ (તૂરા) ફળ |** નારંગી અને બેરી જેવા ફળો વિટામિન Cથી ભરપૂર હોય છે, જે ત્વચાના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ પોષક તત્વો છે. વિટામિન C કોલેજન ઉત્પાદનને ટેકો આપે છે, જે ત્વચાની મજબૂતાઈ અને સ્થિતિસ્થાપકતા જાળવવા માટે જરૂરી છે. કોલેજનનું સ્તર ઉંમર સાથે કુદરતી રીતે ઘટતું હોવાથી, તમારા આહારમાં આ ફળોનો સમાવેશ કરવાથી કરચલીઓ અને સુંદર રેખઓની સંભાળમાં મદદ મળી શકે છે, જે યુવા દેખાવને પ્રોત્સાહન આપે છે. તેના ફાયદાઓમાં ઉમેરો કરીએ તો, સાઈટ્રસ ફળોમાં રહેલા એન્ટીઑકિસડન્ટો ત્વચાને પર્યાવરણીય પ્રદૂષકોથી રક્ષણ આપે છે, નુકસાન સામે વધારાનું રક્ષણ આપે છે અને એકંદર ત્વચાના સ્વાસ્થ્યને ટેકો આપે છે.

**દહીં |** ત્વચા સંભાળની વાત આવે ત્યારે આ એક ઉમદા ગ્રેઈલ છે. તે આહારમાં એક મૂલ્યવાન ઉમેરો છે, જે લેક્ટિક એસિડ અને એન્ટીઑકિસડન્ટો પ્રદાન કરે છે, જેમાં વિટામિન B2, B6 અને B12નો સમાવેશ થાય છે. લેક્ટિક એસિડ કુદરતી એક્સ્ફોલિયન્ટ તરીકે કાર્ય કરે છે, જે મૃત ત્વચા કોષોને દૂર કરવામાં મદદ કરે છે અને કડક, વધુ તાજગીભર્યા દેખાવને પ્રોત્સાહન આપે છે. દહીંમાં જોવા મળતા વિટામિન્સ ત્વચાના સ્વાસ્થ્યને ટેકો આપે છે, ઝૂલતી ત્વચા સામે લડે છે અને ત્વચાના સ્વાસ્થ્યમાં યોગદાન આપે છે.

**અહીં નિષ્ણાતે સુચવેલા પાંચ ખોરાક આપેલા છે |** બદામ - દૈનિક ખોરાકમાં ફરજિયાત ઉમેરણ ત્વચાના આરોગ્યને પ્રોત્સાહન આપે છે, બદામ તંદુરસ્ત ચરબી અને વિટામીન જેવા પોષણથી ભરપૂર છે. અકાળા વૃદ્ધત્વના લાભો પ્રદાન કરતા વિટામીન E પમ ભરપૂર માત્રામાં બદામમાં જોવા મળે છે, જે ત્વચાના ટોનના અને ટેક્ષ્ચરને જાળવવામાં અગત્યનો ભાગ ભજવે છે. દૈનિક ધોરણે તમારા ખોરાકમાં બદામનો સમાવેશ કરવાનો એક રમૂજી માર્ગ એ છે કે તેને શેકીને નાસ્તામાં સમાવવી જોઈએ. જ્યારે વિલંબિત વૃદ્ધત્વની વાત આવે ત્યારે તે કરચલીઓના દેખાવને ઓછી કરવામાં મદદ કરે છે. વધુમાં બદામનું દૈનિક સેવન ત્વચાની UVB પ્રકાશ સામે પ્રતિકારકતાને ટેકો આપે છે, જે સૂર્ય પ્રકાશ સામે ત્વચાને નુકસાન કરતા મુખ્ય સ્ત્રોત છે. તેથી પોષણયુક્ત ખોરાકમાં બદામને ઉમેરવી તે સરળ છતાં ત્વચાને તંદુરસ્ત અને ચળકતી રાખવા માટેનો અસરકારક માર્ગ છે.

# આ આદતો પુરૂષોને બનાવી રહી છે હાઈ BP અને ડાયાબિટીસના શિકાર, મોતમાં પણ થઈ રહ્યો છે વધારો

**બ્લડ પ્રેશર અને સુગર એવી બીમારી છે, જેને ખતમ ન કરી શકાય પરંતુ કંટ્રોલ કરી શકાય છે. દવા અને પરેજી સાથે આ બીમારીઓથી થતાં નુકસાનથી બચી શકાય છે. ભલે પુરૂષ હોય કે મહિલા બંનેમાં આ પ્રકારની બીમારીને લઈને ખતરો રહેલો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ડાયાબિટીસ અને બીપીના દર્દી ઝડપથી વધવા લાગ્યા છે. જેનું કારણ ખરાબ લાઈફસ્ટાઈલ અને ખાનપાનને માનવામાં આવે છે. વધતો તણાવ પણ તેનું કારણ બની રહ્યો છે. તાજેતરમાં પીએલઓએસ મેડિસિન જનરલમાં છપાયેલા એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે મહિલાઓના મુકાબલે પુરૂષોમાં હાઈ બીપી, સુગર અને એચઆઈવીના મામલા વધુ સામે આવી રહ્યું છે. સાથે આ બીમારીઓથી પુરૂષોના મોત પણ વધી રહ્યાં છે.**



**પુરૂષોમાં વધી રહી છે બીપી અને સુગરની બીમારી |** આશરે 200 દેશોમાં થયેલા અલગ-અલગ રિસર્ચના આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. એક રિસર્ચ પ્રમાણે ભારતીય મહિલાઓમાં હાઈ બ્લડ પ્રેશરના કેસ વધુ જોવા મળ્યા છે. સાથે રિસર્ચમાં સામેલ 30 ટકા દેશોમાં હાઈ બીપી અને 4 ટકા દેશોમાં હાઈ સુગરમાં પુરૂષોની સંખ્યા વધુ જોવા મળી છે. રિસર્ચમાં સામેલ 56 ટકા દેશમાં એચઆઈવી અને એઈડ્સમાં પણ પુરૂષોની સંખ્યા વધારે છે. એટલું જ નહીં એચઆઈવી/એઈડ્સથી 131 દેશોમાં 64 ટકા, હાઈ બીપીથી 107 અને સુગરથી 100 દેશોમાં પુરૂષોનો ડેથ રેટ જોવા મળ્યો છે.

**ખોટી આદતોને કારણે થઈ રહ્યાં છે મોત |** રિસર્ચમાં સામે આવ્યું કે 14 ટકા દેશોમાં એચઆઈવી અને એઈડ્સના મામલા મહિલાઓમાં વધુ જોવા મળ્યા છે. યુકે સ્થિત રિસર્ચ સંસ્થા ગ્લોબલ 50/50ના સહ-સંસ્થાપક કેન્ટ બ્યૂસ પ્રમાણે રિસર્ચમાં સામે આવ્યું કે પુરૂષો પોતાની સારવાર કરાવવા માટે વધુ ગંભીર હોતા નથી. તે જલ્દી ડોક્ટર પાસે જતાં નથી. વધુ ડ્રિંક અને સ્મોકિંગને કારણે તે બીમારીઓની ગંભીર સ્થિતિમાં પહોંચી જાય છે. જેથી વધુ મોત થઈ રહ્યાં છે.

**લાઈફસ્ટાઈલ સાથે જોડાયેલી બીમારીથી કઈ રીતે બચવું |** તમને જણાવી દઈએ કે ખરાબ ખાનપાનની આદતો શરીરને બીમારીની જાળમાં ફસાવી રહી છે. આ સિવાય ઓછી ફિઝિકલ એક્ટિવિટી, વધુ તણાવ, સ્ટ્રેસ દૂર કરવા માટે દારૂ અને સિગારેટનું સેવન, ખોટા સમય પર ભોજન અને ઊંઘની કમીને કારણે લાઈફસ્ટાઈલ સાથે જોડાયેલી બીમારી ઝડપથી વધી રહી છે. બહારના પેક્ડ ફૂડ, ડ્રિંક્સ અને જંક ફૂડ વ્યક્તિના શરીરને ખોખલા બનાવી રહ્યાં છે. તેનાથી બચવા માટે ઓછું ભોજન અને હેલ્ધી ભોજનની આદત પાડો. તેનાથી તમે ઘણી બીમારીથી બચી શકશો.



# ભગવાન શ્રી કૃષ્ણ એ અર્જુનના સખા, ભાઈ અને ગુરુ હતા એટલે એણે કૃષ્ણના વચન પર વિશ્વાસ રાખીને યુદ્ધ કર્યું


ધર્મ કર્મ યુદ્ધ
- રુપાલી દવે

જ્યારે રણભૂમિ મા અર્જુન એ ચારેય બાજુ નજર કરતા અચાનક એની નજર કૌરવ સેનાના સેનાપતિઓ ભીષ્મ પિતામહ,ગુરુ દ્રોણ વગેરે ને નિહાળ્યા ત્યારે એણે ભગવાન શ્રી કૃષ્ણની આગળ ક્ષમા માંગતા કહ્યું કે મારાથી યુદ્ધ નહી થાય મારા વડીલો પર બાણ છોડવાની હિંમત મારામાં નથી.કૃષ્ણ મને માફ કરો મારા વડીલો ને મારવાનું પાપ કરવા માંગતો નથી. મારા વડીલો ના સહારે મારું બાળપણ વીત્યું છે એના ઉપકારો ગણાવવા બેસું તો આયખું પૂરું થઈ જશે આમ બોલી ને અર્જુન એ ગાંડીવ નીચે મૂકતા કીધું કે યુદ્ધ નહી કરું.ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ અર્જુન ને સમજાવ્યું હતું કે અર્જુન,યુદ્ધ મેદાન મા પક્ષ અને વિપક્ષ એમ બે જ સેના લડવા ના ઉદેશ્ય થી ઉપસ્થિત છે.સામે કોણ ઊભું છે એ તારા માટે મહત્વનું નથી તારા માટે એ મહત્વ નું છે કે તારી સામે બળવાન અને શક્તિશાળી વિશાળ સેના ઊભી છે.યુદ્ધ ના અંતે જય અને પરાજય બન્ને માંથી એકનો સામનો કરવો પડશે.જો તું યુદ્ધ નું મેદાન છોડી ને ભાગી જઈશ તો તારી અપકીર્તિ થશે,તુ યુદ્ધ મેદાન મા મૃત્યુ પામીશ તો મોક્ષ પામીશ અને વિજયી થઈશ તો તારા પરાક્રમ ની ગાથા લખાશે.ભરી સભામાં માં સમાન ભાભી દ્રૌપદીને દુર્યોધન એ એના ઝાંઘ પર બેસાડવાનું દુ:સાહસ કર્યું અને દુશાસન એ લાચાર દ્રૌપદી ના ચીર હરણ કર્યા ત્યારે જ તારા કહેવાતા વડીલો ના પ્રાણ મેં હરી લીધા હતા અત્યારે તું જે વડીલો ની વાત કરે છે એ બધાને તું જીવતા મડદા સમાન સમજ.અર્જુન તારું કર્તવ્ય નિભાવી ને જમીન પરથી ગાંડીવ ઉઠાવીને સામ,દંડ,ભય,ભેદની નીતિ અપનાવી યુદ્ધ કરવા પ્રયાણ કર.

ભગવાન શ્રી કૃષ્ણ એ અર્જુન ના સખા,ભાઈ અને ગુરુ હતા એટલે એણે ભગવાન શ્રી કૃષ્ણ ના વચન પર વિશ્વાસ રાખીને યુદ્ધ કર્યું. વિશાળ કૌરવ સેના માં ગુરુ દ્રોણ,ભીષ્મ પિતામહ,કૃપાચાર્ય,કર્ણ,અશ્વસ્થામા વગેરે હતા. આમાં ગુરુ દ્રોણ એ ખુદ અર્જુન ને ધનુર્વિદ્યા શીખવી હતી એટલે ધનુર્વિદ્યા નું જ્ઞાન અર્જુન કરતા વિશેષ હતું. કર્ણ એ ધનુર્વિદ્યા માં અર્જુન કરતા પણ તાકાતવર હતો.કૃપાચાર્ય એ ચિરંજીવી હતા અને ભીષ્મ પિતા ને ઈચ્છિત મૃત્યુ નું વરદાન હતું.જે વિદ્યા ગુરુ દ્રોણ એ અર્જુન નહતી શીખવી એ એના પુત્ર અશ્વસ્થામા ને શીખવી હતી એટલે કૌરવ સેના એ પાંડુ સેના કરતા વધારે વિશાળ અને બળવાન હતી છતાંય ૧૮ દિવસ ના યુદ્ધ ના અંતે જીત પાંડવો ની થઈ,કેમ? પાંડવો એના ગુરુ એવા શ્રી કૃષ્ણ આશ્રય માં રહીને અને એના પ્રત્યેક વચન સલાહ નું પાલન કરીને યુદ્ધ કરતા હતા.

ગુરુ વિના જ્ઞાન નહી ગુરુ વિના ધ્યાન નહી..

દેવી ભાગવત અનુસાર ત્વસ્થા બ્રહ્મા એ પોતાના યોગ બળ થી પુત્ર વિશ્વરૂપ નામક પુત્ર ને ઉત્પન્ન કર્યો.વિશ્વ રૂપ ને ત્રણ મુખ હતા એક મુખેથી એ દિશાઓ નું અવલોકન કરતા હતા,બીજા મુખે થી એ નામ સ્મરણ માં લીન રહેતા હતા અને ત્રીજા મુખે થી મદિરા પીતા હતા. વિશ્વરૂપ નું તપોબળ વધતા સ્વર્ગના રાજા ઈન્દ્ર ને એના ઈન્દ્રાસન ગુમાવવાની ચિંતા સતાવવા લાગી.ઈન્દ્ર એ વિશ્વરૂપ ના તપ ભંગ કરવાની ખૂબ કોશિશ કરી હતી પરંતુ એની બધી કોશિશ વ્યર્થ જતા એણે વિશ્વરૂપ ની હત્યા કરી નાખી હતી. ત્વસ્થા બ્રહ્માને એના પુત્રના મૃત્યુ થી ખૂબ દુઃખ થતા એણે પુત્ર વિશ્વ રૂપ ના વધ નું વેર લેવાવા માટે તપોબળ થી બીજો પુત્ર વૃત્રાસુર પેદા કર્યો. ત્વસ્થા બ્રહ્મા એ પુત્ર વૃત્રાસુર ને એના ભાઈ વિશ્વરૂપ ના વધ નું વેર લેવા ઈન્દ્ર સાથે યુદ્ધ કરવા સૂચવ્યું. પિતાની આજ્ઞા લઈને વૃત્રાસુર સ્વર્ગ ભણી ગયો ને ઈન્દ્ર સમેત બધા જ દેવતાઓને પરાસ્ત કર્યા બાદ સ્વર્ગ પર આધિપત્ય જમાવી દીધું હતું. જ્યારે વૃત્રાસુર વિજયી થયો ત્યારે એ એના પિતા ત્વસ્થા બ્રહ્મા પાસે આવ્યા ને પૂછ્યું કે પિતાજી, આજ્ઞા આપો હવે શું કરું? યુદ્ધ મા ઈન્દ્ર વગેરે દેવતાઓ ભય ના માર્યા ભાગી ગયા છે ને સ્વર્ગ પર વિજય પણ મેળવી લીધો. ત્વસ્થા બ્રહ્મા એ પુત્ર વૃત્રાસુર ને કહ્યું કે ઈન્દ્ર વગેરે દેવતાઓ યુક્તિ કરીને તારો વધ કરવા પ્રયત્ન કરશે એટલે ભગવાન શિવજી ની તપશ્ચર્યા કરીને ખુદના પ્રાણ સુરક્ષિત રહે એવું વિશિષ્ટ વરદાન માંગ.

વૃત્રાસુર ના વધતા જતા બળ પરાક્રમ નિહાળતા ઈન્દ્ર વગેરે દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે આવ્યા ને પોતાના દુઃખ દર્દ નું વર્ણન કર્યું ત્યારે ભગવાન વિષ્ણુ એ દેવો ને માતાજી ની આરાધના કરવાનું કહેતા કહ્યું કે વૃત્રાસુર સાથે દોસ્તી કરી ને એનો વિશ્વાસ હાંસિલ કરો જે બળ થી નહી થશે એ છળ થી પ્રાપ્ત થઈ શકશે.ઈન્દ્ર સહિત દેવતાઓ એ માતાજી ની તપશ્ચર્યા બાદ વરદાન પ્રાપ્ત કરીને વૃત્રાસુર સાથે દોસ્તી નો પ્રસ્તાવ મોકલ્યો.વૃત્રાસુર એ ઈન્દ્ર સાથે દોસ્તી કરતા પહેલા વચન લીધું કે વજ્ર વગેરે હથિયાર સાથે લઈ ને આવવાનું નહી.જ્યારે ઈન્દ્ર વગેરે દેવતાઓ સાથેની દોસ્તી વિશેની વાત વૃત્રાસુર એ એના પિતા અને ગુરુ ત્વસ્થા બ્રહ્મા ને કરી ત્યારે ત્વસ્થા બ્રહ્મા એ પુત્ર ને સમજાવ્યું કે એકવાર શત્રુતા જેની સાથે થઈ જાય છે એની સાથે દોસ્તી નો વ્યવહાર કરવો જોઈએ નહી. ઈન્દ્ર એ વિશ્વાસઘાતી અને ક્રૂરતા માં પાંડિત્ય હાંસિલ કરેલ છે એટલે એ ગમે ત્યારે દગો આપી શકે છે. પુત્ર!!તારા સમાન તાકતવર અને વીર યોદ્ધા થી ગભરાઈ ને સ્વર્ગ ની પુનઃ પ્રાપ્તિ માટે ઈન્દ્ર એ નક્કી સુનિશ્ચિત યોજના બનાવી હશે.જો તું મને તારો ગુરુ અને પિતા માનતો હોય તો ઈન્દ્ર એ ફેલાવેલી દોસ્તી ની જાળ માંથી બહાર નીકળી જા. વૃત્રાસુર ની આંખ પર પિતા અને ગુરુ ની ચિંતા કરતા ઈન્દ્ર ની દોસ્તી ની પટ્ટી બાંધેલી હતી એટલે એણે સાચી સલાહ ન માની. અંતે બેખબર વૃત્રાસુર નો ઈન્દ્ર એ પોતાના શસ્ત્ર વજ્ર થી વધ કરી નાખ્યો.

ભારત ની ભૂમિ પર લડાયેલ અસંખ્ય યુદ્ધની ખાસ આગવી કહાની છે.આમ તો યુદ્ધનો અંત અસંખ્ય નર સંહાર જ છે છતાંય યુદ્ધ થતા હોય છે ને થતા રહેવાના છે.વર્તમાન નું રશિયા યુક્રેન, ગાઝા ઈઝરાયલ,વગેરે વગેરે ચાલ્યા કરે છે. ભારત પાકિસ્તાન નું યુદ્ધ એ "ભાગલા" ના સમયે થયેલી ભૂલ ના લીધે ૧૯૪૭ થી અવિરત ચાલ્યા કર્યું છે ને ચાલતું રહ્યું છે. ભારત ના ભાગલા બાદ એક દેશ વિકાસશીલ બન્યો અને બીજા દેશની ધીમી પ્રગતિ એ યુદ્ધ પાછળનું મુખ્ય કારણ છે. મહાભારત ના યુદ્ધ થી લઈને કિલિંગ નું યુદ્ધ બધા યુદ્ધ માં ભારતભૂમિ લોહી લુહાણ થઈ છે. આજ પણ કુરુક્ષેત્ર ના યુદ્ધ મેદાન પર કાન રાખીને સાંભળશો તો ઘોડા દોડવાનો અવાજ સંભળાશે. મહાભારતના યુદ્ધમાં અસંખ્ય ભયાનક નરસંહાર થયેલો જે ભારત ભૂમિ પર થયેલ મોટામાં મોટું યુદ્ધ માનવામાં આવે છે.પાંચ પાંડવો,કુંતી,દ્રૌપદી અને અભિમન્યુ ના પુત્ર પરીક્ષિત,ધૃતરાષ્ટ્ર,ગાંધારી,અક્રૂરજી સિવાય સંપૂર્ણ પાંડુ અને કૌરવ કુલ નો વિનાશ થયો હતો. મહાભારત માં થયેલ નર સંહાર ને લીધે પૃથ્વી કંપી ઊઠી હતી. કિલિંગ નું યુદ્ધ સમાપ્ત થયા બાદ બીજે દિવસે સવારે સમ્રાટ અશોક એ રણભૂમિ નું ભયાવહ મડદા ના ઢગલાઓ ના ઢગલાઓ નું દ્રશ્ય જોતાજ એની હદય પરિવર્તન થયું હતું. આ દ્રશ્ય નિહાળ્યા બાદ સમ્રાટ અશોક એ બુદ્ધ ધર્મ નો અંગિકાર કરીને ભગવાન બુદ્ધ નો આશ્રય લીધો હતો.



# ‘ભારત માતા કી જય’:‘ઓપરેશન સિંદૂર’

## બાદ ગદગદ થયું બોલિવૂડ, અનુપમ ખેર, રિતેશ દેશમુખ સહિતના સેલેબ્સે ભારતની જવાબી કાર્યવાહી વખાણી

પહેલગામ આતંકી હુમલાના 15 દિવસ પછી, ભારતે પાકિસ્તાનમાં ૯ સ્થળો પર એરસ્ટ્રાઈક કરી છે. ભારત દ્વારા કરવામાં આવેલ જવાબી કાર્યવાહીનું નામ ‘ઓપરેશન સિંદૂર’ રાખવામાં આવ્યું છે. ઘણા બોલિવૂડ સેલેબ્સ ‘ઓપરેશન સિંદૂર’ની સફળતા પર પ્રતિક્રિયા આપી રહ્યા છે અને ગર્વ અનુભવી રહ્યા છે. અનુપમ ખેર, રિતેશ દેશમુખ અને ચિરંજીવી જેવા ઘણા સેલેબ્સે આ અંગે પોસ્ટ શેર કરી પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી.
કંગના રનૌતે એક પોસ્ટ શેર કરી લખ્યું કે- “ઓપરેશન સિંદૂર”, આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ. ભારતીય સશસ્ત્ર દળોએ એક સચોટ મિશન, ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં ૯ આતંકવાદી છાવણીઓનો નાશ કરવામાં આવ્યો. નવું ભારત.” સાઉથ સુપરસ્ટાર રજનીકાંતે લખ્યું છે કે- લડવૈયાઓની લડાઈ શરૂ થઈ ગઈ છે. જ્યાં સુધી મિશન પૂર્ણ ન થાય ત્યાં સુધી બંધ કરવામાં આવશે નહીં. આખું ભારત તમારી સાથે છે, નરેન્દ્ર મોદી. અનુપમ ખેરે ઑફિશિયલ X પ્લેટફોર્મ પર ‘ઓપરેશન સિંદૂર’નું પોસ્ટર શેર કર્યું અને લખ્યું, ‘ભારત માતા કી જય.’ ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને પણ ‘ઓપરેશન સિંદૂર’ પર ભારત સરકારને ટેકો આપ્યો છે. એસોસિએશન દ્વારા કરવામાં આવેલી પોસ્ટમાં લખ્યું છે, “ભારત સરકાર અને ભારતીય સશસ્ત્ર દળો દ્વારા લેવામાં આવેલા નિર્ણાયક પગલાં માટે અમારું અતૂટ સમર્થન અને કૃતજ્ઞતા.” પાકિસ્તાન અને PoKમાં આતંકી માળખાને નિશાન બનાવતું આ ઓપરેશન, પહેલગામ હુમલાનો કડક જવાબ હતો જેમાં 26 નિર્દોષ લોકો માર્યા ગયા હતા.

























## છ વર્ષ પછી લૂકાછૂપીનો પણ બીજો ભાગ બનાવવાની હિલચાલ

મુંબઈ : બોલીવૂડમાં એક પછી એક ફ્રેન્ચાઈઝી ફિલ્મોની સફળતા બાદ તમામ સર્જકો તેમની જૂની ફિલ્મોના બીજો કે ત્રીજા ભાગ બનાવવાની હોડમાં સામેલ થઈ ગયા છે. હવે તેમા ‘લૂકાછૂપી’નો પણ ઉમેરો થયો છે.




કાર્તિક આર્યન અને ક્રિતી સેનનની જોડી ધરાવતી આ ફિલ્મ ૨૦૧૯માં રીલિઝ થઈ હતી. હવે છ વર્ષ બાદ તેના બીજા ભાગ માટે હિલચાલ શરુ થઈ છે.
જાણવા મળ્યા મુજબ ફિલ્મનું દિગ્દર્શન લક્ષ્મણ ઉત્તેકર જ કરશે. જોકે, ૨૦૧૯ની મૂળ ફિલ્મ એક કોમેડી એન્ટરટેઈનર હતી તેને બદલે બીજા ભાગમાં હાલના ટ્રેન્ડ પ્રમાણે સુપર નેચરલ એલિમેન્ટની વાત ઉમેરાશે. કલાકારો તરીકે કાર્તિક અને ક્રિતી જ રિપીટ થશે કે પછી કોઈ નવી જોડી અજમાવાશે તે અંગે અટકળો ચાલી રહી છે. હાલ ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. તે પૂર્ણ થયા બાદ કાસ્ટિંગ શરુ કરાશે. ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષે શરુ થાય તેવી ધારણા છે.

## કરણ જોહરે કાર્તિક આર્યનનું પત્તું કાપી નાખ્યું

### 'દોસ્તાના 2' માં વિક્રાંત મેસી જોવા મળશે; ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરવામાં આવશે

(એજન્સી) મુંબઇ | તા.07



કરણ જોહરની ફિલ્મ ‘દોસ્તાના 2’ વિશે મોટી માહિતી સામે આવી છે. હવે આ ફિલ્મ પર કામ શરૂ થવા જઈ રહ્યું છે જે અગાઉ બંધ કરવામાં આવી હતી. જોકે, રસપ્રદ વાત એ છે કે હવે કાર્તિક આર્યનની જગ્યાએ વિક્રાંત મેસી ફિલ્મનો ભાગ બનશે. અગાઉ પરસ્પર મતભેદોને કારણે, ધર્મા પ્રોડક્શન્સે ફિલ્મ મોકૂફ રાખી દીધી હતી જે હવે ફરી શરૂ થઈ રહી છે. ફિલ્મ સંબંધિત એક નવી અપડેટ સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હવે કાર્તિક આર્યન ‘દોસ્તાના 2’ નો ભાગ નહીં હોય. હવે તેની જગ્યાએ વિક્રાંત મેસી ફિલ્મમાં જોવા મળશે. જોકે, ટીમ તરફથી હજુ સુધી સત્તાવાર નિવેદન આવવાનું બાકી છે.
મીડિયા રિપોર્ટ મુજબ નિર્માતાઓએ સ્ટાર્સને ફરીથી કાસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં વિક્રાંત મેસી કાર્તિક આર્યનનું સ્થાન લેશે. નિર્માતાઓ ફિલ્મમાં મેઈન રોલ માટે વિક્રાંત મેસીને રાખી રહ્યા છે. જોકે, લક્ષ્ય લાલવાણી ફિલ્મમાં રહેશે. રિપોર્ટમાં જણાવાયું છે કે નિર્માતાઓ ‘દોસ્તાના 2’ માટે એક ગંભીર એક્ટરની શોધમાં હતા જેમાં સારી કેમિસ્ટ્રી હોય, ત્યારબાદ વિક્રાંત કરણની પસંદગી બની ગયો છે. જોકે, ટીમ તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી.
‘દોસ્તાના 2’ કેમ બંધ કરવામાં આવી હતી? નોંધનીય છે કે વર્ષ 2021 માં, ધર્મા પ્રોડક્શને ‘દોસ્તાના 2’ બંધ કરી દીધી હતી. જેનું કારણ કરણ જોહર અને કાર્તિક આર્યન વચ્ચેના સર્જનાત્મક મતભેદો હોવાનું કહેવાય છે. જે બાદ કાર્તિક આર્યન અને કરણ જોહર વચ્ચે કોલ્ડ વોર શરૂ થયું. જોકે, હવે બંને વચ્ચે બધું બરાબર ચાલી રહ્યું છે.

### સુપરહિરોની થીમ પર ફિલ્મ બનાવશે...

## માર્કોનો હિરો ઉન્ની મુકુંદન હવે ફિલ્મ દિગ્દર્શક પણ બન્યો



મુંબઈ : તાજેતરમાં સમગ્ર ભારતમાં અણધારી સફળતા મેળવનારી ફિલ્મ ‘માર્કો’નો હિરો ઉન્ની મુકુંદન હવે ફિલ્મ દિગ્દર્શક બની ગયો છે. તેણે પોતાના દિગ્દર્શન હેઠળ સુપર હિરો ધરાવતી ફિલ્મ બનાવવાની જાહેરાત કરી છે.
આ ફિલ્મ હજુ લખાઈ રહી છે. ફિલ્મ માટે પ્રિ પ્રોડકશન વર્ક શરુ થઈ ગયું છે. ઉન્ની તેને આવતાં વર્ષે ફલોર પર લઈ જવા માગે છે.
એક વાતચીતમાં ઉન્નીએ કહ્યું હતું કે પોતે નાનપણથી સુપર હિરોની વાર્તાઓ તરફ આકર્ષિત રહ્યો છે અને તેણે હંમેશાં એક સુપર હિરો ફિલ્મ બનાવવાનું સપનું જોયું હતું.
ઉલ્લેખનીય છે કે ઉની મુકુંદન મલયાલમ હિરો છે પરંતુ તે વર્ષો સુધી અમદાવાદમાં રહ્યો હોવાથી પોતાને સવાયો ગુજરાતી જ ગણાવે છે અને બહુ જ ફાંકડું ગુજરાતી બોલી પણ શકે છે.



## ‘બળાત્કારીને બચાવવા દારૂનું બહાનું ન કાઢશો’

## બળાત્કાર કેસ પર હિના ખાન ગુસ્સે; કહ્યું- દરેક ધર્મ, સમુદાયમાં રાક્ષસો તક શોધતા હોય છે...

(એજન્સી) મુંબઇ | તા.07

તાજેતરમાં શ્રીનગરના નિશાત વિસ્તારમાં, એક મહિલા પર ચાર દારૂડિયાઓએ હુમલો કર્યો હતો અને પછી બળાત્કાર કરીને તેની હત્યા કરી હતી. આ કેસ પ્રકાશમાં આવ્યા બાદ દેશભરમાં આક્રોશ છે, જોકે એક વર્ગ એવો છે જે આ હત્યા અને બળાત્કાર માટે દારૂને જવાબદાર ઠેરવી રહ્યો છે. હવે આ મામલે હિના ખાને દારૂ પર આરોપ લગાવનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. એક્ટ્રેસ કહે છે કે દરેક ધર્મ અને સમુદાયમાં રાક્ષસો હોય જ છે જે તક શોધતા હોય છે, તેથી આ માટે ફક્ત દારૂને જવાબદાર ન માનવો જોઈએ.




હિના ખાને ઓફિશિયલ X પ્લેટફોર્મ પર એક લાંબી પોસ્ટ શેર કરી અને લખ્યું, શું કોઈ આ મૂર્ખોને બળાત્કાર અને શારીરિક શોષણ વચ્ચે તફાવત હોય છે એવું કહેશે?
બળાત્કાર એ બળાત્કાર છે અને હત્યા એ હત્યા છે. શારીરિક શોષણનું વર્ણન અલગ રીતે કરી શકાય છે, પરંતુ બળાત્કાર એક સંકેત છે. એનો અર્થ ફક્ત એટલો જ થાય છે કે ગુનેગાર તે કરી શક્યો નહીં, એવું નથી કે ગુનેગારે તે કર્યું ન હતું. બળાત્કારી પોતાના સિવાય બધાને ગુનેગાર ઠેરવે છે.
એ ગુનેગાર જેવું વર્તન ન કરો. ગુનેગારને મુક્ત રીતે છટકી જવા દેવા માટેનું કાર્ડ આપવા માટે દારૂનું બહાનું બનાવશો નહીં. બળાત્કારને ન્યાયી ઠેરવશો નહીં. જાતીય સતામણીને પણ યોગ્ય ઠેરવશો નહીં. ધર્મ, સમુદાય, ભૂગોળ કે પહેરવેશના નામે નહીં.
આગળ હિના ખાને લખ્યું છે કે, આ રાક્ષસો દરેક જગ્યાએ, દરેક સમુદાયમાં, દરેક ધર્મમાં હાજર છે. તક શોધી રહ્યા હોય છે. દારૂ ઘણી બધી બાબતોનું કારણ બને છે, પરંતુ તે સારા માણસને બળાત્કારી બનાવતો નથી. દારૂને દોષ આપવાનું બંધ કરો. બળાત્કારી કોઈ ખૂનીથી ઓછો નથી. હવે સમય આવી ગયો છે કે આપણે શબ્દોને તોડી-મરોડીને કહેવાને બદલે શું થયું તેના પર વાત કરીએ કારણ કે તે એક કાશ્મીરી મુસ્લિમ દ્વારા કરવામાં આવ્યું હતું અને આપણા એજન્ડા માટે દારૂને દોષી ન ઠેરવીએ.
આ સાથે, હિના ખાને લખ્યું છે કે, દુનિયામાં નશાની હાલતમાં બળાત્કારના કિસ્સાઓ નશામાં ધૂત લોકો કરતાં વધુ છે. આ વિચારવાની વાત છે, દારૂની નહીં. આ દંભ બંધ કરો. હું દારૂનું સમર્થન કરતી નથી પણ મને લોકો આ વિકૃત કૃત્ય માટે દારૂને દોષી ઠેરવે છે તેનાથી વાંધો છે.

## અમરણના ડિરેક્ટરની ફિલ્મમાં કાર્તિક અને વિક્કી કૌશલ: રાજકુમાર પેરિયાસામીનું હિંદીમાં ડેબ્યૂ

### બંનેને સ્ક્રિપ્ટ પસંદ પડી, તારીખોના અભાવે શૂટિંગ આવતાં વર્ષે શરૂ થશે



મુંબઈ : સાઉથની સમગ્ર ભારતમાં પણ બહુ જ વખણાયેલી અને જોવાયેલી ફિલ્મ ‘અમરણ’ના દિગ્દર્શક રાજકુમાર પેરિયાસામી હવે હિંદી ફિલ્મ બનાવી રહ્યા છે. તેમની ફિલ્મમાં કાર્તિક આર્યન અને વિક્કી કૌશલ કામ કરે તેવી શક્યતા છે.
આ હિંદી ફિલ્મ ભૂષણ કુમાર પ્રોડયૂસ કરી રહ્યા છે. કાર્તિક અને વિક્કી બંને ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચી ચૂક્યા છે અને તે તેમને પસંદ પણ પડી છે. જોકે, બંને કલાકારો હાલ બીજા અનેક પ્રોજેક્ટસમાં વ્યસ્ત હોવાથી તેઓ આ વર્ષે શૂટિંગ માટે તારીખો ફાળવી શકે તેમ નથી. આથી મોટાભાગે આવતાં વર્ષની શરુઆતમાં આ ફિલ્મ ફલોર પર જઈ શકે છે. ફિલ્મમાં સાઉથની હિરોઈન હશે કે પછી કોઈ બોલીવૂડ હિરોઈનને જ પસંદ કરવામાં આવશે તે અંગે અટકળો ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ‘અમરણ’માં શિવ કાર્તિકેયન, સાઈ પલ્લવી તથા રાહુલ બોઝ સહિતના કલાકારોએ કામ કર્યું હતું.

# ઓપરેશન સિંદૂર: ગૌતમ ગંભીર, સુરેશ રૈના, વરુણ ચક્રવર્તી સહિતના ક્રિકેટર્સે શું કહ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતની ત્રણેય સેનાઓએ મોટી કાર્યવાહી કરતા પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી ઠેકાણાનો ખાતમો બોલાવી દીધો છે. ભારતીય સેનાએ 7 મેની મધ્યરાત્રિએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) માં આતંકવાદીઓના ઠેકાણાઓ પર એક સાથે અનેક હુમલાઓ કર્યા હતા. આ હુમલામાં 90 આતંકવાદીઓ માર્યા ગયા છે. આ હુમલો પહલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાનો જવાબ હતો, જેમાં 26 લોકો માર્યા ગયા હતા.સેનાની આ કાર્યવાહી બાદ દેશના અનેક વર્તમાન અને પૂર્વ ક્રિકેટરોએ સેનાને સલામ કરી અને 'જય હિન્દ'ના નારા લગાવ્યા. પૂર્વ ક્રિકેટર ગૌતમ ગંભીર, આકાશ ચોપરા અને પ્રજ્ઞાન ઓઝા, સુરેશ રૈનાએ સેનાના વખાણ કર્યા છે.આ ઉપરાંત ટીમ ઈન્ડિયા અને કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડી વરુણ ચક્રવતીએ પણ સોશિયલ મીડિયા પર ઓપરેશન 'ઓપરેશન સિંદૂર'ની એક તસવીર શેર કરી, જેને સેનાએ જારી કરી હતી.



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ આતંકવાદ સામે મોટી કાર્યવાહી કરી છે. એક સંયુક્ત ઓપરેશન હેઠળ ભારતની ત્રણેય સેનાઓએ પાકિસ્તાનમાં સ્થિત કુલ 9 આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરીને કાર્યવાહી કરી છે. રિપોર્ટ પ્રમાણે આ હુમલામાં લગભગ 90 આતંકવાદીઓ માર્યા ગયા છે. ભારતે આ કાર્યવાહીને 'સિંદૂર ઓપરેશન' નામ આપ્યું છે. ભારત સરકારે પોતાના નિવેદનમાં કહ્યું કે, 'આ ઓપરેશનમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું છે, જ્યાંથી ભારત પર આતંકવાદી હુમલાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.' બીજી તરફ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારત દ્વારા કરવામાં આવેલી એર સ્ટ્રાઈકને 'કાયર' ગણાવી છે.

# વિરાટ કોહલીએ કેમ છોડવી પડી હતી RCBની કેપ્ટનશિપ? વર્ષો બાદ તોડ્યું મૌન



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

IPL 2025માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનું શાનદાર પ્રદર્શન જોવા મળી રહ્યું છે. RCB પોઈન્ટ ટેબલ પર ટોપ પર છે. ભલે વર્ષોથી તે ટ્રોફી જીતવામાં નિષ્ફળ રહી હોય પરંતુ ચાહકો વચ્ચે આ ટીમ હંમેશા ચર્ચાનો વિષય બની રહે છે. અને તેનું કારણ પણ કોઈથી છૂપાયેલું નથી રહ્યું. આ વિરાટ કોહલીની ટીમ છે. કેપ્ટનશિપ છોડી ચૂકેલો વિરાટ કોહલી હજુ પણ RCBનો ચહેરો છે અને તેની સૌથી મોટી ઓળખ છે. 2008માં વિરાટ RCB સાથે જોડાયો હતો અને એ પછી ક્યારેય તેનાથી અલગ નથી થયો. વિરાટ કોહલીએ 2013માં ડેનિયલ વિટોરી બાદ ટીમની કમાન સંભાળી અને 2021 સુધી કેપ્ટન રહ્યો.

આ દરમિયાન બેંગલુરુએ ટ્રોફી તો ન જીતી પરંતુ તેણે કુલ ચાર વખત પ્લેઓફમાં સ્થાન મેળવ્યું અને 2016માં ફાઈનલમાં પણ રમ્યુ હતું. 2021માં જ્યારે કોહલીએ RCBની કેપ્ટનશિપ છોડી તો તે બધા માટે ચોંકાવનારો નિર્ણય હતો. વિરાટ કોહલીએ એક ઈન્ટરવ્યુમાં હવે તેનું સાચું કારણ જણાવ્યું છે. વિરાટ કોહલીએ કેપ્ટનશિપ છોડવા અંગે મૌન તોડ્યું અને જણાવ્યું કે, 'હું તે સમયે ભારતીય ટીમની પણ કેપ્ટનશિપ કરી રહ્યો હતો, આવી સ્થિતિમાં મારા માટે તે ખૂબ જ મુશ્કેલ થઈ ગયુ હતું. તેની અસર મારી બેટિંગ પર પણ પડવા લાગી હતી.

હું હંમેશા બસ એ જ વિચારતો હતો કે, હવે હું શું કરું. ત્યારે મેં વિચાર્યું કે, સારું પ્રદર્શન કરવા માટે મારે તણાવ મુક્ત અને ખુશ રહેવાની જરૂર છે. હું જેટલી પણ મેચ રમતો હતો, બેટિંગના દ્રષ્ટિકોણથી મારી પાસેથી ખૂબ અપેક્ષાઓ રહેતી હતી.'

## કેપ્ટન તરીકે કોહલીનો રેકોર્ડ

વિરાટ કોહલીએ 143 મેચોમાં RCBની કેપ્ટનશિપ કરી જેમાં તેને 68 મેચોમાં સફળતા મળી. આ દરમિયાન બેંગલુરુ ચાર વખત પ્લેઓફમાં પહોંચ્યું અને 2016માં ફાઈનલ પણ રમી હતી. આ દરમિયાન તેમની જીતની ટકાવારી 47.55 રહી હતી. વિરાટ કોહલીના આ નિર્ણયથી સ્પષ્ટ થઈ ગયું છે કે, તે ખુદના પહેલા ટીમને રાખે છે. ટીમના હિતમાં તેના નિર્ણયની ચારેય બાજુ પ્રશંસા થઈ રહી છે.

# અમે આ કારણે હાર્યા, આ ખરેખર અપરાધ છે...' GT સામે હાર બાદ હાર્દિક પંડ્યાનું મોટું નિવેદન



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

મુંબઈ ઈન્ડિયન્સના વિજયરથ પર ગુજરાત ટાઈટન્સે મંગળવારે 6 મેના રોજ રાત્રે એ સમયે વિરામ લગાવ્યો, જ્યારે તેણે વરસાદથી વિક્ષેપિત મેચમાં યજમાન ટીમને 3 વિકેટ (ડીએલએસ) થી હરાવી. વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ પ્રથમ બેટિંગ કરતા GTને 156 રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ ટાર્ગેટ ચેઝ કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની જીતનો હીરો શુભમન ગિલ રહ્યો હતો જેણે 46 બોલમાં 43 રનની ઈનિંગ રમી હતી. ગિલ 35 રન પર બેટિંગ કરી રહ્યો હતો ત્યારે તિલક વર્માએ તેનો કેચ છોડી દીધો હતો. જોકે, કેપ્ટન હાર્દિક પંડ્યાનું માનવું છે કે તે કેચ નહીં પરંતુ મેચ દરમિયાન નાખવામાં આવેલા નો બોલ ટીમની હારનું કારણ રહ્યું છે. હાર્દિકે મેચ બાદ કહ્યું કે, 'હકીકતમાં કેચ છૂટી તેણે અમને નુકસાન નથી પહોંચાડ્યું. અમે આ બાબતે ખૂબ સતર્ક હતા. નિશ્ચિતરૂપે અમને નો બોલ એ નુકસાન પહોંચાડ્યું છે. મારો નો બોલ અને છેલ્લી ઓવરમાં પણ નો બોલ ફેંકાયો હતો, જેણે અમને નુકસાન પહોંચાડ્યું છે. મારી નજરમાં ખરેખર તે અપરાધ છે અને મોટા ભાગે એવું થાય કે તે તમને નુકસાન પહોંચાડે છે. આ નિશ્ચિતરૂપે અમારી સાથે થયું, પરંતુ આ સાથે જ હું ટીમના છોકરાઓથી ખૂબ જ ખુશ છું કે તેમણે પોતાનું 120% આપ્યું અને એ સુનિશ્ચિત કર્યું કે અમે ખેલમાં બની રહીએ અને હાર ન માનીએ.'પંડ્યાનું એમ પણ માનવું છે કે, મુંબઈએ 20-25 રન ઓછા બનાવ્યા, જોકે તેના બોલરોએ ટીમને જીત અપાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કર્યા.પંડ્યાએ કહ્યું કે, 'તે ચોક્કસપણે 150 રનની પિચ નહોતી. મને લાગે છે કે તે 175 રનની પિચ હતી. અમે બેટિંગમાં ચોક્કસપણે 20-25 રન પાછળ હતા અથવા કદાચ 30 રન પાછળ હતા, જો અમે સારી બેટિંગ કરી હોત તો. પરંતુ મને લાગે છે કે બોલરોને શ્રેય જાય છે, તેઓ લડતા રહ્યા અને યોગ્ય એરિયામાં બોલિંગ કરી.'પંડ્યાએ આગળ કહ્યું કે, 'પહેલી ઈનિંગમાં મેદાન ભીનું નહોતું. ત્યારબાદ આખી ઈનિંગ દરમિયાન બોલ ભીનો થતો રહ્યો. મને નથી ખબર કે તેનાથી અમને મદદ મળી કે નહીં, પણ હા, તે મુશ્કેલ હતું.'

# ધોની માટે બદલાયો IPLનો નિયમ? ગાવસ્કરે ભડકીને કહ્યું- ક્રિકેટને થયું મોટું નુકસાન



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

IPL વિશ્વની સૌથી મોટી ક્રિકેટ લીગ છે, તેની 18મી સીઝન હાલમાં રમાઈ રહી છે. તેની લોકપ્રિયતા દર વર્ષે વધતી જ જઈ રહી છે, ખેલાડીઓની કમાણી તેમજ ઈનામની રકમમાં વધારો થયો છે. આ વખતે, રિષભ પંત, શ્રેયસ અય્યર, વિરાટ કોહલી સહિત ઘણા ખેલાડીઓ છે, જેમને 20 કરોડ રૂપિયાથી વધુ રકમ મળી છે. માત્ર અનુભવી ખેલાડીઓ જ નહીં, પરંતુ ઘણા નવા ખેલાડીઓને પણ કરોડો રૂપિયા મળ્યા છે. અનકેપ્ડ ખેલાડીઓ માટેના નિયમોમાં ફેરફાર પછી, એમએસ ધોની આ કેટેગરીમાં આવ્યો છે, ત્યારબાદ તેને CSKએ 4 કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો. હવે સુનીલ ગાવસ્કરે નિયમોમાં ફેરફાર અંગે ચિંતા વ્યક્ત કરી છે.પૂર્વ ભારતીય ક્રિકેટર અને હાલમાં કોમેન્ટેટર સુનિલ ગાવસ્કરનું માનવું છે કે 'વધુ પૈસા આપવાથી ખેલાડીઓનો ક્રિકેટ પ્રત્યેનો જુસ્સો અને ટીમ ઈન્ડિયા માટે રમવાની ભૂખ ઓછી થઈ શકે છે. તેમના મતે ફ્રેન્ચાઈઝી પર તો તેની કોઈ અસર નહીં પડે, તેના માટે તો સારું હોઈ શકે છે પરંતુ તેનાથી ભારતીય ક્રિકેટને મોટું નુકસાન થઈ શકે છે.'

## સુનીલ ગાવસ્કરે શું કહ્યું?



સુનીલ ગાવસ્કરે પોતાની કોલમમાં લખ્યું છે કે, 'અચાનક કરોડપતિ બનનારા મોટાભાગના લોકો અભિભૂત થઈ જાય છે, સૌથી પહેલા તો તેમની સારી કિસ્મત અને પછી એ લોકોને મળવાના ગભરાટથી, જેમની તેઓ પ્રશંસા કરતા હતા અને કદાચ ક્યારેય મળવાનું સ્વપ્ન પણ નહોતું જોયું. તેઓ ઘણીવાર પોતાના રાજ્યના ટોપ 30 ખેલાડીઓનોની ટીમનો પણ હિસ્સો નથી હોતા. તેથી હવે એવા ગ્રુપમાં સામેલ થવું જ્યાં વિવિધ દેશોના અલગ-અલગ સ્ટાઈલ, દ્રષ્ટિકોણ અને અલગ-અલગ મહાન ખેલાડીઓ હોય ત્યાં સરળ નથી હોતું. આટલા વર્ષોમાં એક એવા અનકેપ્ડ ખેલાડીને યાદ રાખવું મુશ્કેલ છે જેને મોટી કિંમતે ખરીદવામાં આવ્યો હોય અને જણે ટીમમાં પોતાને સામેલ કરવાને વાજબી ઠેરવ્યુ હોય. કદાચ આગામી થોડા વર્ષોમાં તે અનુભવ સાથે થોડો સારો થઈ જશે, પરંતુ જો તે એ જ લોકલ લીગમાં રમી રહ્યો છે, તો સુધારાની શક્યતાઓ વધારે નથી હોતી.' એવું થાય કે જો આગામી ઓક્શનમાં ખેલાડીની કિંમત ઓછી થઈ જાય તો અપેક્ષાનું દબાણ પણ ઓછું થઈ જાય છે અને ખેલાડી સારું રમે છે. આ સીઝને દેખાડ્યું છે કે, પ્રથમ ચક્રમાં કરોડોમાં ખરીદવામાં આવ્યા અને હવે ખૂબ ઓછી ફી પર ખરીદવામાં આવેલા ખેલાડી સારું પરિણામ દેખાડી રહ્યા છે. આ રમતના કેટલાક મહાન ખેલાડીઓ સાથે રહેવાનો અનુભવ હોઈ શકે છે, પરંતુ મોટા ભાગે એવું થાય થે કે, ઓછી ફી ની સાથે ઓછી અપેક્ષાઓએ બોજને ઘટાડ્યું છે અને તેને પોતાના સ્થાનિક શહેરની લીગમાં જે તેઓ કરે છે તેનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કરવાની મંજૂરી નથી. તેમણે આગળ લખ્યું કે, 'મોટી રકમમાં ખરીદવામાં આવેલા ઘણા ખેલાડીઓ ગાયબ થઈ જાય છે, કારણ કે તેમની ભૂખ અને ઈચ્છા ખતમ થઈ જાય છે. ફ્રેન્ચાઈઝીઓ માટે કદાચ તેનું કોઈ મહત્ત્વ નથી, કારણ કે તેઓ માને છે કે તે સારું છે, પરંતુ ભારતીય ક્રિકેટ કોઈપણ ખેલાડીના જવાથી થોડું દુઃખી છે, પછી ભલે તે સફળ રહ્યો હોય કે ન હોય. ગત વર્ષે ઓક્શન પહેલા અનકેપ્ડ ખેલાડી બનેલા મહેન્દ્ર સિંહ ધોનીને સામેલ કરવા માટે, મર્યાદા વધારીને 4 કરોડ રૂપિયા કરવામાં આવી હતી.'કદાચ હવે સમય આવી ગયો છે કે આ અંગે પુનર્વિચાર કરવામાં આવે અને તેમાં ઘટાડો કરવામાં આવે, જેથી ભારતીય ક્રિકેટને એવી પ્રતિભાઓથી વંચિત ન રહેવું પડે, જે કરોડોની બોલીના દબાણમાં ફસાઈને પોતાનો રસ્તો ભટકી જાય છે.

## ગાવસ્કર પર ભડક્યા ગૌતમ ગંભીર કહ્યુ, ભારતીય ક્રિકેટ તમારી સંપત્તિ નથી

નવી દિલ્હી: મુંબઈના બે ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન હતા, જેઓ ક્રિકેટના દિવસોથી જ ગૌતમની ટીકા કરતા હતા. ગંભીરે આ બે ભૂતપૂર્વ મહાન ખેલાડીઓ પર ભારતીય ક્રિકેટને પોતાની 'વ્યક્તિગત મિલકત' ગણવાનો આરોપ લગાવ્યો. મીડિયા રિપોર્ટ અનુસાર ગૌતમ ગંભીરે કહ્યું, 'હું આઠ મહિનાથી આ કામમાં વ્યસ્ત છું. જો પરિણામ ન આવે તો મને ટીકા કરવામાં કોઈ વાંધો નથી. ટીકા કરવી એ લોકોનું કામ છે. એવા લોકો છે જે 25 વર્ષથી કોમેન્ટ્રી બોક્સમાં બેઠા છે અને તેમને લાગે છે કે ભારતીય ક્રિકેટ તેમની અંગત સંપત્તિ છે. કમનસીબે, ભારતીય ક્રિકેટ કોઈની ખાનગી મિલકત નથી. આ 140 કરોડ ભારતીયોનું છે. આ લોકોએ મારા કોચિંગ, મારા રેકોર્ડ્સ, (જ્યારે તે 2011માં માથામાં ઈજાને કારણે ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી પરત ફર્યો હતો)થી લઈને ચેમ્પિયન્સ ટ્રોફીની ઈનામી રકમ સુધીના પ્રશ્નો ઉઠાવ્યા છે. મારે એ જાણવાની જરૂર છે કે શું કોઈ પૈસા ખર્ચવામાં આવ્યા છે અને ક્યાં રોકાણ કરવામાં આવ્યું છે.આગળ ગૌતમ ગંભીર કહે છે કે, મને કહેવાની જરૂર નથી કે મેં એપ ખોલી છે, પરંતુ આ દેશને ખબર હોવી જોઈએ કે આવા ખેલાડીઓ NRI છે જે ભારતમાં કમાય છે અને પૈસા બહાર લઈ જાય છે. હું 180 દિવસ ગાળવા માટે 11:55 વાગ્યે ભારત નથી આવતો. હું ભારતીય છું. ટેક્સ બચાવવા માટે હું ક્યારેય એનઆરઆઈ નહીં બન્યો. ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ, જેઓ કોમેન્ટેટર પણ છે, તેમણે 2011માં ઈંગ્લેન્ડ સામે ટીમની 0-4થી હાર વખતે ગંભીરના માથાની ઈજાને સામાન્ય ગણાવી હતી. જ્યાં સુધી ચેમ્પિયન્સ ટ્રોફીની ઈનામી રકમનો સવાલ છે, તે ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરે જ 'સ્પોર્ટસ્ટાર' માટે પોતાની કોલમમાં લખ્યું હતું કે, શું ગંભીર તેની ઈનામની રકમ તેના પુરોગામી રાહુલ દ્રવિડની જેમ સપોર્ટ સ્ટાફ સાથે સમાન રીતે વહેંચશે?

# વિરાટ કોહલીના ફોટા સામે ફેન્સે ચાકુ કાઢીને બકરીનું ગળુ કાપ્યું અને પછી...

(એજન્સી) નવી દિલ્હી । તા. 07



IPL 2025 માં ચેન્નાઈ સુપર કિંગ્સ પર રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની તાજેતરની જીત બાદ એક વિચિત્ર ઘટના સામે આવી છે. સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે કર્ણાટકમાં સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીના વિશાળ પોસ્ટર સામે બકરીનું બલિદાન આપવા બદલ ત્રણ RCB ફેનની ધરપકડ કરવામાં આવી હતી.આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો, જેના પછી હોબાળો મચી ગયો. આનાથી પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સામાન્ય લોકો બંનેમાં રોષ ફેલાયો હતો. આ 20 સેકન્ડના વીડિયોમાં, એક માણસ વિરાટ કોહલીના વિશાળ કટઆઉટ પોસ્ટર સામે બકરી પકડીને ઉભો જોવા મળે છે. જ્યારે બીજો વ્યક્તિ ચેન્નાઈ સુપર કિંગ્સ પર RCB ની જીતની ઉજવણી કરી રહ્યો હતો, ત્યારે બકરીને છરીથી કાપી નાખવામાં આવી. ત્યારબાદ કોહલીના કટઆઉટ અને મોટા ટીમ પોસ્ટર પર લોહી રેડવામાં આવ્યુ.

## 3 વ્યક્તિઓની ધરપકડ

ત્રીજો વ્યક્તિ દોરડા વડે પ્રાણીને પકડવામાં મદદ કરે છે. પ્રાણીઓની ક્રૂરતા અને કટ્ટરતાને પ્રોત્સાહન આપવા બદલ તેની ટીકા થઈ રહી છે. સ્થાનિક અધિકારીઓએ કાર્યવાહી કરી છે, કેસ નોંધ્યો છે, ત્રણેયની ધરપકડ કરી છે અને વધુ તપાસ શરૂ કરી છે. ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ સના પલૈયા (22), જયન્ના (23) અને ટીપ્પે સ્વામી (28) તરીકે થઈ છે.3 મેના રોજ રમાયેલી મેચમાં આરસીબીએ સીએસકેને 2 રનથી હરાવ્યું હતું. આ જીત બાદ ટીમના 16 પોઈન્ટ હતા અને તે ટોચ પર આવી ગઈ હતી, જોકે મુંબઈ પર ગુજરાતની જીત બાદ આરસીબી બીજા સ્થાને સરકી ગયું છે. આરસીબીએ 11 માંથી 8 મેચ જીતી છે. ટીમનો આગામી મુકાબલો શુક્રવાર, 9 મેના રોજ લખનૌ સામે થશે.વિરાટ કોહલી પણ ઓરેન્જ કેપની રેસમાં છે, તે ૫૦૫ રન સાથે યાદીમાં ચોથા સ્થાને છે. જોકે, તે ટોચના સ્થાને રહેલા સૂર્યકુમાર યાદવથી માત્ર 5 રન દૂર છે, એટલે કે આ વખતે ઓરેન્જ કેપ માટેની લડાઈ ખૂબ જ રોમાંચક છે.

# બોશને હેલ્મેટ પર વાગ્યો બોલ પ્રસિદ્ધ કૃષ્ણા ની ઘાતક બોલિંગથી બેટ્સમેન રહી ગયો દંગ



(એજન્સી) મુંબઈ । તા. 07

વાનખેડે મેદાન પર મુંબઈ ઈન્ડિયન્સનો બેટિંગ ક્રમ અપેક્ષાઓ મુજબ રહ્યો નથી. ગુજરાત ટાઈટન્સના બોલરોએ MI ને 20 ઓવરમાં 155 રનના સ્કોર સુધી મર્યાદિત રાખ્યું. મુંબઈ તરફથી સૂર્યકુમાર યાદવે સૌથી વધુ 35 રન બનાવ્યા.આ દરમિયાન અંતિમ ઓવરોમાં, કોર્બિન બોશે 22 બોલમાં મહત્વપૂર્ણ 27 રન બનાવ્યા. બોશે ઈનિંગની છેલ્લી ઓવરમાં પ્રસિદ્ધ કૃષ્ણા સામે બે શક્તિશાળી છગ્ગા ફટકારીને શરૂઆત કરી. પરંતુ ત્રીજા જ બોલ પર, પ્રસિદ્ધએ બોશને આઉટ કરવા માટે પોતાની ગતિનો ઉપયોગ કર્યો. પ્રસિદ્ધનો બોલ બોશના હેલ્મેટ પર વાગ્યો અને ફિઝિયોને મેદાનમાં દોડી જવું પડ્યું.મુંબઈ ઈન્ડિયન્સની ઈનિંગની છેલ્લી ઓવરમાં કોર્બિન બોશે જોરદાર સિક્સર ફટકારીને શરૂઆત કરી. આ પછી, બોશ આગળનો બોલ સીધો બાઉન્ડ્રી લાઈન પાર મોકલવામાં સફળ રહ્યો. મુંબઈના આ બેટ્સમેન ઓવરના ત્રીજા બોલને પણ બાઉન્ડ્રી લાઈનની બહાર મોકલવા માગતો હતો. પરંતુ પ્રસિદ્ધએ તેને પોતાની ગતિથી બોશને દંગ કરી દીધો. બોશ ઝડપથી સંપૂર્ણપણે છેતરાઈ ગયો અને બોલ ખૂબ જ જોરથી પાછો આવ્યો અને તેના હેલ્મેટ પર વાગ્યો.બોશ થોડા સમય માટે અસ્વસ્થતા અનુભવતો જોવા મળ્યો, જેના કારણે ફિઝિયોને તાત્કાલિક મેદાન પર આવવું પડ્યું. નિયમો મુજબ, બોશનું ચેકઅપ કરવામાં આવ્યું અને તેનું હેલ્મેટ પણ બદલવામાં આવ્યું. આ પછી તરત જ, બોશે બીજા બોલ પર બે રન લેવાનો કરવાનો પ્રયાસ કરતી વખતે પોતાની વિકેટ ગુમાવી દીધી. તેને 22 બોલમાં બે છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી 27 રન બનાવ્યા.ટોસ હાર્યા બાદ, મુંબઈ પહેલા બેટિંગ કરવા આવ્યું અને તેમની શરૂઆત સારી રહી નહીં.

## મુંબઈનું શરમજનક પ્રદર્શન

# ગુજરાતે મુંબઈને હરાવ્યું, શુભમન ગિલનું શાનદાર પ્રદર્શન

(એજન્સી) નવી દિલ્હી । તા. 07



મુંબઈ ઈન્ડિયન્સે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા. જ્યારે ગુજરાત રનનો પીછો કરવા આવ્યું ત્યારે વરસાદને કારણે મેચ બે વાર રોકી દેવામાં આવી. અંતે, તેમને 6 બોલમાં 15 રનનો લક્ષ્યાંક મળ્યો, જે ગુજરાતે છેલ્લા બોલ પર હાંસલ કર્યો. આ જીત સાથે, ગુજરાતની ટીમ હવે પ્લેઓફની નજીક એક ડગલું આગળ વધી ગઈ છે. આ મેચમાં જીટીના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. કેપ્ટનના આ નિર્ણયને ગુજરાતના બોલરોએ સાચો સાબિત કર્યો. મુંબઈ ઈન્ડિયન્સના બંને ઓપનર રિકેલ્ટન (2) અને રોહિત શર્મા (7) શરૂઆતમાં પેવેલિયનમાં પાછા ફર્યા હતા. આ પછી, વિલ જેક્સ અને સૂર્યકુમાર યાદવે બાજી સંભાળી અને ઝડપથી રન બનાવવાનો પ્રયાસ કર્યો. બંને બેટ્સમેન વચ્ચે ત્રીજી વિકેટ માટે 74 રનની ભાગીદારી થઈ.

સૂર્યકુમારે 24 બોલમાં 5 ચોગ્ગાની મદદથી 35 રન બનાવ્યા. વિલ જેક્સ 53 રનની શાનદાર ઈનિંગ રમીને આઉટ થયો હતો. આ બે વિકેટ પડ્યા પછી, મુંબઈનો દાવ પડી ગયો. આ મેચમાં મુંબઈનો મિડલ ઓર્ડર નિષ્ફળ ગયો. તિલક વર્મા (7), હાર્દિક પંડ્યા ( 1) અને નેહલ વાઢેરા (7) મેચમાં કોઈ અસર કરવામાં નિષ્ફળ રહ્યા. અંતે, કોર્બિન બોશે 22 બોલમાં 27 રન બનાવીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી. આ રીતે, આખી ઓવર રમ્યા પછી, મુંબઈએ 8 વિકેટના નુકસાન પર 155 રન બનાવ્યા. GT તરફથી સાઈ કિશોરે સૌથી વધુ 2 વિકેટ લીધી.

લક્ષ્યનો પીછો કરતી વખતે આ મેચમાં ગુજરાત ટાઇટન્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. IPL 2025 માં અત્યાર સુધી શાનદાર ફોર્મમાં રહેલો સાઈ માત્ર 5 રન બનાવીને આઉટ થયો હતો. આ પછી, ગિલ અને બટલર વચ્ચે બીજી વિકેટ માટે 72 રનની ભાગીદારી થઈ. આ ભાગીદારી અશ્વિની કુમારે તોડી હતી, તેણે જોસ બટલરને 30 રનના સ્કોર પર આઉટ કર્યો હતો. 14 ઓવર પૂરી થયા પછી, વરસાદ શરૂ થયો અને રમત થોડા સમય માટે રોકી દેવામાં આવી.વરસાદ બંધ થયા પછી રમત ફરી શરૂ થઈ ત્યારે જસપ્રીત બુમરાહે શુભમન ગિલને શાનદાર બોલિંગથી આઉટ કરીને ગુજરાતને મોટો ઝટકો આપ્યો. તે 46 બોલમાં 43 રન બનાવીને આઉટ થયો હતો. બીજી જ ઓવરમાં, ટ્રેન્ટ બોલ્ટે શેરફેન રૂધરફોર્ડને આઉટ કરીને ટીમને સંપૂર્ણપણે બેકફૂટ પર મૂકી દીધી. આ પછી, 18મી ઓવર પછી ફરીથી વરસાદે મેચમાં વિક્ષેપ પાડ્યો અને મેચ લાંબા સમય સુધી રોકી રાખવામાં આવી. આ પછી, DLS નિયમ હેઠળ, ગુજરાતને 1 ઓવરમાં 15 રનનો લક્ષ્યાંક મળ્યો. ગેરાલ્ડ કોટ્ઝી અને રાહુલ તેવતિયાની શાનદાર બેટિંગને કારણે ગુજરાતે આ લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કર્યું. કોટ્ઝીએ 6 બોલમાં 12 રન બનાવ્યા.

# ભારતની પાકિસ્તાન પર એરસ્ટ્રાઇક...



## ટ્રાફિકમાં ફસાયેલા પાકિસ્તાનીઓ સામે જ ધડાધડ બ્લાસ્ટ;

# મુઝફ્ફરાબાદમાં વિનાશ,

**મુરિદકેમાં ઘરો ખાલી કરાવ્યા : બુધવારે રાત્રે 1.30 વાગ્યે ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનના 7 શહેરોમાં 9 આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. નીચેના 35 ફોટામાં હવાઈ હુમલા, વિનાશ, રાહત અને બચાવ અને પાકિસ્તાનના બદલાની સંપૂર્ણ કહાની...**







હુમલાગ્રસ્ત મુરીદક શહેરમાં સરકારી આરોગ્ય અને શિક્ષણ સંકુલની ઈમારતમાં બચાવ કામગીરી ચાલી રહી હતી.













હવાઈ હુમલા બાદ, પીઓકેના મુઝફ્ફરાબાદમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. રસ્તાઓ પર સૈનિકો તૈનાત કરવામાં આવ્યા છે.



## ભારતના 'ઓપરેશન સિંદૂર'થી પાકિસ્તાનમાં ખળભળાટ, મરિયમ નવાઝે પંજાબમાં ઈમરજન્સી જાહેર કરી

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 07

બુધવારે વહેલી સવારે 'ઓપરેશન સિંદૂર' હેઠળ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ પાકિસ્તાનમાં ગભરાટનો માહોલ છે. એવામાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મુખ્યમંત્રી મરિયમ નવાઝે કટોકટી જાહેર કરી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી મરિયમ નવાઝે એક મોટો નિર્ણય લીધો છે. ભારતીય મિસાઈલ હુમલા બાદ પંજાબમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા સંબંધિત તમામ વિભાગો અને વહીવટી એકમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'પંજાબ પોલીસ સહિત તમામ સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. તમામ જિલ્લાઓના વહીવટી એકમોને એલર્ટ કરવામાં આવ્યા છે. ઉપરાંત, બધા ડોકટરો અને તબીબી કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે અને તેમને તાત્કાલિક ફરજ પર પાછા ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે.'

રાહત અને બચાવ કાર્યમાં કોઈ કમી ન રહે તે માટે નાગરિક સંરક્ષણ સહિત તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને પણ બોલાવવામાં આવ્યા છે. હુમલા પછી તરત જ, પાકિસ્તાને તેનું હવાઈ ક્ષેત્ર સંપૂર્ણપણે બંધ કરી દીધા બાદ હવે આંશિક રીતે ખોલવામાં આવી રહ્યું છે.

જાહેર સલામતીને પ્રાથમિકતા આપતા, પંજાબ સરકારે તાત્કાલિક અસરથી તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ બંધ કરવાનો આદેશ આપ્યો છે. ઉપરાંત, આજે યોજાનારી બધી પરીક્ષાઓ આગામી આદેશો સુધી મુલતવી રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને કોઈપણ અફવાઓને અવગણવા અને સરકારી માર્ગદર્શિકાનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

જાણકારી અનુસાર ઓપરેશન સિંદૂર હેઠળ ભારત દ્વારા પાકિસ્તાનમાં કરાયેલી એરસ્ટ્રાઈકમાં કુલ 90થી વધુ આતંકીઓનો સફાયો થઈ ગયાની માહિતી મળી રહી છે. પાકિસ્તાનના મુરિદકેમાં 30 આતંકીઓ માર્યા ગયા છે. જ્યારે અન્ય બીજા આતંકી કેમ્પમાં પણ ડઝનેક આતંકીઓનો સફાયો થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે લગભગ 9 જેટલા આતંકી ઠેકાણે હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા.

## પાકિસ્તાન પર સ્ટ્રાઇક પછી અજિત ડોભાલે અમેરિકી NSA ને જાણકારી : રશિયા-સાઉદીને પણ આપી જાણકારી, ટ્રમ્પે કહ્યું- 'મને ખબર હતી ભારત બદલો લેશે'

(એજન્સી) ટોરોન્ટો | તા 05

ભારતીય દૂતાવાસની પ્રેસ વિજ્ઞપ્તિમાં કહેવામાં આવ્યું છે, 'ભારતની કાર્યવાહી સચોટ રહી છે. આ કદમ સચોટ, જવાબદાર અને બિનઉશ્કેરણીજનક રીતે ઉઠાવાયાં છે. કોઈપણ પાકિસ્તાની નાગરિક, આર્થિક કે સૈન્ય લક્ષ્યને નિશાન બનાવાયાં નથી, માત્ર ઓળખી લેવાયેલી આતંકી શિબિરો પર હુમલા કરવામાં આવ્યા.'

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાનમાં સ્થિત 9 આતંકી અડ્ડા પર એર સ્ટ્રાઈક કરી. આ એર સ્ટ્રાઈક પછી તરત ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયો સાથે વાત કરી અને તેમને આ કાર્યવાહી અંગે જાણકારી આપી.

આ ઉપરાંત ભારતે બ્રિટન, સાઉદી અરેબિયા, યુનાઈટેડ આરબ અમીરાત અને રશિયાને પણ આ એર સ્ટ્રાઈક અંગે જાણકારી આપી છે. ભારતે પાકિસ્તાનમાં 9 આતંકી અડ્ડા પર એર સ્ટ્રાઈક કર્યા પછી પાકિસ્તાને એવી વાત કરી હતી કે ભારતે રહેણાક વિસ્તારોમાં હુમલા કર્યા છે. આ અંગેનો જવાબ આપતા અને પોતાની કાર્યવાહી અંગે સ્પષ્ટ જાણકારી આપતાં NSA અજિત ડોભાલે અમેરિકા સહિત વિવિધ દેશોને ભારતની કાર્યવાહી અંગે સ્પષ્ટ જાણકારી આપી છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતના ઓપરેશન સિંદૂર પર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રતિક્રિયા આપી છે. ટ્રમ્પે પાકિસ્તાન પર કરવામાં આવેલી ભારતની એર સ્ટ્રાઈક અને સંપૂર્ણ સ્થિતિને શરમજનક ગણાવીને બંને દેશોને તણાવ ઓછો કરવો જોઈએ એવું જણાવ્યું છે.

ઓપરેશન સિંદૂર વિશે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે અમે એના વિશે સાંભળ્યું છે. આ શરમજનક છે. મને આશા છે કે આ ખૂબ જ જલદી સમાપ્ત થશે. કોઈપણ બે શક્તિશાળી દેશોએ યુદ્ધના માર્ગે ના જવું જોઈએ. આ બંને દેશો વચ્ચેનો ઈતિહાસ ખૂબ જૂનો છે અને તણાવ એની ચરમસીમાએ છે, પરંતુ આ દુનિયાને યુદ્ધ નહીં, શાંતિની જરૂર છે.



## અમેરિકાએ પાકિસ્તાનને ચેતવ્યું, ભારતને જવાબ આપવાનું વિચારતા જ નહીં : અમેરિકાના વિદેશ મંત્રી

(એજન્સી) વોશિંગ્ટન | તા 07

ભારતે પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી દીધી છે. પહેલગામ હુમલા બાદ ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી દીધો છે. ભારતે કરેલી એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાનના વડાપ્રધાને કહ્યું હતું કે, આનો જવાબ આપીશું. બીજી તરફ અમેરિકાના વ્હાઈટ હાઉસના અધિકારી સુત્રોએ દાવો કર્યો છે કે, અમેરિકાના એનએસએ અને વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ પાકિસ્તાનને ચેતવણી આપી છે.



અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું છે કે, ભારતની એર સ્ટ્રાઈક વિરૂદ્ધ કોઈપણ એક્શન લેવા માટે પાકિસ્તાને ના વિચારવું જોઈએ. ભારત સાથે જંગની હિંમત ના કરે પાકિસ્તાન. તેમણે વધુમાં કહ્યુ હતુંકે, ભારતને આતંકીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો અધિકાર હતો. હવે ભારત તરફથી કરવામાં આવેલા આ એટેકના જવાબમાં પાકિસ્તાન કોઈ હુમલો કરવાનો પ્લાન ના બનાવે. પાકિસ્તાન તરફથી ભારતને જવાબ આપવાની વાત કરવામાં આવી રહી છે. ત્યાં અમેરિકાના વિદેશ મંત્રી રૂબિયોએ પાકિસ્તાની એનએસએ સાથે વાત કરીને શાંત રહેવા જણાવ્યું છે. તેમજ ભારતની સ્ટ્રાઈકનો જવાબ આપવાનો વિચાર પણ નહીં કરવા ચેતવણી આપી છે. માર્કો રૂબિયોએ આ એટેક બાદ સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ પર પોસ્ટ કરતાં કહ્યું હતું કે, હું ભારત અને પાકિસ્તાન વચ્ચેની સ્થિતિ પર નજર રાખી રહ્યો છું. બંને દેશો વચ્ચેનો તણાવ ઝડપથી શાંત થઈ જશે અને સમાધાનની દિશામાં બંને દેશોને સામેલ કરવામાં આવશે.

આ હુમલા બાદ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે અમેરિકાના વિદેશ મંત્રી સાથે વાત કરી હતી. તેમણે ઓપરેશન સિંદૂર હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી અંગે જાણકારી આપી હતી. અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ સ્થિતિ પર ઝડપથી તણાવ ઓછો કરવાની આશા વ્યક્ત કરી છે.

## ટ્રમ્પની ભારત માટે પ્રતિક્રિયા : અમેરિકાના રાષ્ટ્રપતિએ ભારતની કાર્યવાહી ગણાવી શરમજનક

(એજન્સી) વોશિંગ્ટન | તા 07

ભારતે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના ઠેકાણાઓ પર બોમ્બ ફેંક્યા છે. એક કે બે નહીં, પરંતુ નવ સ્થળોએ એકસાથે હુમલો કરવામાં આવ્યો હતો. આનાથી પાકિસ્તાન હચમચી ગયું છે. પરંતુ અમેરિકાનું વલણ ફરી એકવાર અત્યંત બેજવાબદાર દેખાઈ રહ્યુ છે. ભારતના "ઓપરેશન સિંદૂર"ને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શરમજનક ગણાવ્યુ છે.

વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ શરમજનક પગલું છે. અમે હમણાં જ આ વિશે સાંભળ્યું. મને લાગ્યું કે કંઈક થવાનું છે. ભારત અને પાકિસ્તાન લાંબા સમયથી એકબીજા સાથે લડી રહ્યા છે. આ એ જ અમેરિકા છે જેના પર 9-11ના રોજ હુમલો થયો હતો. ત્યારે આખા અફઘાનિસ્તાનનો નાશ કર્યો હતો. તેણે પાકિસ્તાનના ઘરમાં ઘૂસીને ઓસામા બિન લાદેનને મારવા માટે ઓપરેશન શરૂ કર્યું હતુ. ઓસામા બિન લાદેન લાંબા સમયથી એબોટાબાદની ટેકરીઓમાં છુપાયેલો હતો. પરંતુ, તે સમયે અમેરિકાને તેની નૈતિકતા યાદ નહોતી આવી. તેણે અફઘાનિસ્તાનમાં તાલિબાન સામેના યુદ્ધમાં હજારો નિર્દોષ લોકોને માર્યા હતા.

અમેરિકા આતંકવાદને પોતાની રીતે, પોતાના અંગત હિતમાં જુએ છે. તે ભારતમાં થયેલા આતંકવાદી હુમલાઓને હળવાશથી કેમ લે છે? જો એક અમેરિકનના જીવનની કિંમત કરોડો છે, તો શું આપણા ભારતીયોના જીવનની કોઈ કિંમત નથી? ડોનાલ્ડ ટ્રમ્પ, આ નવું ભારત છે. આજે આપણને કોઈના ઉપદેશોની જરૂર નથી. તાજેતરમાં, વિદેશ મંત્રી એસ. જયશંકરે સાચું કહ્યું હતું કે વર્તમાન ભારતને એવા દેશોની જરૂર નથી જે તેને ઉપદેશ આપે છે. તેના બદલે, તે પોતે નક્કી કરે છે કે તે શું કરવા માંગે છે. તેમણે કહ્યું હતું કે પશ્ચિમી દેશો હજુ પણ ઉપદેશકો છે. તેઓ પોતાના રાષ્ટ્રીય હિતમાં ગમે તે કામ કરે, જો કોઈ બીજો દેશ પણ એ જ કામ કરે, તો તેઓ તેમને ઉપદેશ આપવાનું શરૂ કરી દે છે. શું 22 એપ્રિલે પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા 26 ભારતીયોની હત્યા શરમજનક કૃત્ય નહોતું? પહેલગામ પહેલા ભારત પર સેંકડો ઘા કરનાર પાકિસ્તાનના કાર્યો શરમજનક નથી.?

જ્યારે અમેરિકાની વાત આવે છે ત્યારે તે વિશ્વના કોઈપણ ખૂણા પર હુમલો કરી શકે છે. પરંતુ ત્રણ દાયકાથી વધુ સમયથી સતત આતંકવાદના ઘા સહન કરી રહેલા ભારતને તેના હિતોના રક્ષણ માટે પગલાં લેવાનો કોઈ અધિકાર નથી. આ સમય આતંકવાદ સામે એક થઈને લડવાનો છે.

**એક્સરસાઇઝ ફોર્સ 18 હેઠળ 18 દેશોની મલ્ટીનેશનલ આર્મી ડ્રીલમાં ભારતનું કમાન્ડિંગ કરવાની તક મળતાં તેઓ ચર્ચામાં આવ્યા હતા**

# કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા, એરસ્ટ્રાઈક બાદ સેનાએ બતાવી નારીશક્તિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતની બહાદુર દીકરીઓ ફક્ત સરહદોનું રક્ષણ જ નથી કરી રહી, પરંતુ આંતરરાષ્ટ્રીય મંચ પર દેશનો અવાજ પણ બની રહી છે. જ્યારે ઓપરેશન સિંદૂર હેઠળ વિશ્વભરના મીડિયાને માહિતી આપવાનો સમય આવ્યો, ત્યારે ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશી અને વાયુસેનાના વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહને આ જવાબદારી માટે પસંદ કરવામાં આવ્યા. તેમની સાથે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પણ આ મહત્ત્વપૂર્ણ પ્રેસ બ્રીફિંગમાં હાજરી આપી હતી.

કર્નલ સોફિયા કુરેશી ભારતીય સેનામાં એક એવું નામ છે, જે જુસ્સા, મહેનત અને નેતૃત્વનું ઉદાહરણ બની ગયું છે. એક્સરસાઇઝ ફોર્સ 18 હેઠળ 18 દેશોની મલ્ટીનેશનલ આર્મી ડ્રીલમાં ભારતનું કમાન્ડિંગ કરવાની તક મળતાં તેઓ ચર્ચામાં આવ્યા હતા. તેમજ તે એકમાત્ર મહિલા હતા જે કોઈપણ દેશના સૈન્ય ટીમનું કમાન્ડિંગ કરી રહ્યા હોય. તેમણે 40 સૈનિકોની ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું.વર્ષ 1981માં ગુજરાતના વડોદરામાં જન્મેલા સોફિયાએ બાયોકેમિસ્ટ્રીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. ત્યારબાદ વર્ષ 1999માં તેઓ ઇન્ડિયન આર્મીમાં જોડાયા. તેઓ સિગ્નલ કોર્પ્સમાંથી છે, જે સેનાના સંદેશાવ્યવહાર અને માહિતી પ્રણાલી માટે જવાબદાર છે.વર્ષ 2006 માં, તેમને યુએન પીસકીપિંગ મિશન હેઠળ કોંગોમાં પોસ્ટ કરવામાં આવ્યા હતા અને 6 વર્ષથી વધુ સમયથી શાંતિ મિશનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. તેમને પીસકીપિંગ ટ્રેનિંગ ગ્રુપમાંથી પસંદ કરવામાં આવ્યા હતા, જે આંતરરાષ્ટ્રીય મિશન માટે શ્રેષ્ઠ તાલીમ પૂરી પાડે છે. તેમનો સેના સાથે જૂનો સંબંધ છે. તેમના દાદા સેનામાં હતા અને તેના પતિ મિકેનાઇઝ્ડ ઇન્ફન્ટ્રીમાં ઓફિસર છે.

વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ ભારતીય વાયુસેનામાં હેલિકોપ્ટર પાઇલટ તરીકે સેવા આપે છે. 18 ડિસેમ્બર 2004ના રોજ ભારતીય વાયુસેનામાં વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહને વર્તમાન સમયના શ્રેષ્ઠ વિંગ કમાન્ડરોમાંના એક માનવામાં આવે છે. જેમને લડાયક હેલિકોપ્ટર ઉડાવવાનો ઉત્તમ અનુભવ છે.

આ ઉપરાંત વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ ચિત્તા, ચેતક જેવા લડાયક હેલિકોપ્ટર ઉડાવવામાં પણ કુશળતા ધરાવે છે. વાયુસેનામાં જોડાયાના 13 વર્ષ પછી વ્યોમિકા સિંહને વિંગ કમાન્ડરનું પદ મળ્યું અને 18 ડિસેમ્બર 2017 ના રોજ તેઓ વિંગ કમાન્ડર બન્યા. તેમની પાસે હાલમાં 2,500 કલાક ઉડાનનો અનુભવ છે, જે તેમને સૌથી સક્ષમ બનાવે છે. વ્યોમિકા સિંહને 18 ડિસેમ્બર 2004ના રોજ ભારતીય વાયુસેનામાં કમિશન આપવામાં આવ્યું હતું. તેમણે 21મા SSC (મહિલા) ફ્લાઈંગ પાયલટ કોર્સ હેઠળ તાલીમ મેળવી હતી. આ શોર્ટ સર્વિસ કમિશન કોર્સ છે જે ખાસ કરીને મહિલા અધિકારીઓ માટે જ બનાવવામાં આવ્યો છે.વ્યમિકા સિંહે અનેક બચાવ કામગીરીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

તેમની ઓપરેશનલ ભૂમિકા ઉપરાંત, વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે ઉચ્ચ સહનશક્તિ મિશનમાં પણ ભાગ લીધો છે. 2021માં, તે 21,650 ફૂટની ઊંચાઈ પર સ્થિત માઉન્ટ મણિરંગ પર ત્રિ-સેવાઓની મહિલા પર્વતારોહણ અભિયાનમાં જોડાયા હતા. આ પ્રયાસને વાયુસેનાના વડા સહિત વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓએ માન્યતા આપી હતી.

## પ્રેસ બ્રીફિંગ માટે ફક્ત મહિલા અધિકારીઓની પસંદગી જ કેમ?



પ્રેસ બ્રીફિંગ માટે મહિલા અધિકારીઓની પસંદગી કરવાનો નિર્ણય તેમના અસાધારણ લશ્કરી પ્રદર્શન અને નેતૃત્વ ક્ષમતાઓને ધ્યાનમાં લઈને લેવામાં આવ્યો છે. લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકાએ ભારતીય સશસ્ત્ર દળો નોંધપાત્ર યોગદાન આપ્યું છે. પહલગામ આતંકવાદી હુમલામાં, મોટાભાગની પરિણીત મહિલાઓએ પોતાના પતિઓને પોતાની નજર સામે બરબાદ થતા જોયા. આવી સ્થિતિમાં, મહિલાઓની પસંદગી એ સંદેશ પણ આપે છે કે ભારતીય સશસ્ત્ર દળોમાં મહિલાઓનું યોગદાન બીજા કોઈથી ઓછું નથી.

# પાકિસ્તાન સામેની કાર્યવાહીને 'ઓપરેશન સિંદૂર' નામ કેમ અપાયું? જાણો પહલગામની પીડિતાઓએ શું કહ્યું

(એજન્સી) પહલગામ । તા. 07

જમ્મુ કાશ્મીરના પહલગામમાં 22 એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલાએ દેશને હચમચાવી મૂક્યો હતો, ઘણા પરિવારોની જીંદગી હંમેશા માટે બદલાઈ ગઈ. હવે ભારે આ હુમલાનો બદલો પાકિસ્તાનમાં ઘૂસીને લીધો છે. ભારતે 'ઓપરેશન સિંદૂર' અંતગર્ત પાકિસ્તાનમાં આતંકવાદી અડ્ડાઓને ટાર્ગેટ બનાવ્યા અને પહલગામમાં વિધવા થયેલી ભારતની પુત્રીઓને ન્યાય અપાવવાનું કામ કર્યું છે. ભારતીય સશસ્ત્ર દળોએ 7 મેના રોજ સવારે 1:44 વાગ્યે "ઓપરેશન સિંદૂર" અંતગર્ત પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) માં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા. આ ઓપરેશન ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાના સંયુક્ત પ્રયાસો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું અને તેનું નિરીક્ષણ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી બાદ પહલગામ હુમલામાં પોતાના પ્રિયજનોને ગુમાવનાર મહિલાઓ અને પીડિતોના પરિવારોએ ભારતીય સેનાની બહાદુરીની પ્રશંસા કરી અને પીએમ મોદીનો આભાર માન્યો હતો. પહેલગામ હુમલા દરમિયાન આતંકવાદીઓએ નિર્દોષ લોકોને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા હતા. કાશ્મીર ફરવા ગયેલા પરિણીત કપલોને પકડીને તેમની પતિઓને સામે ગોળી મારી દેવામાં આવી હતી. તેમના સુહાગ અને તેમના સિંદૂરને તેમની નજર સામે જ ભૂંસી નાખવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓ તેમના પતિના લાંબા આયુષ્યના પ્રતીક તરીકે સિંદૂર લગાવે છે. આતંકવાદીઓને તેમના આકાઓ તરફથી સ્પષ્ટ સૂચનાઓ મળી હતી કે ફક્ત સિંદૂર ભૂંસી નાખો, એટલે કે હિન્દુઓને નિશાન બનાવો. એટલે જ ભારતીય સેના દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવા માટે શરૂ કરાયેલા ઓપરેશનને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું.પહલગામ હુમલામાં જીવ ગુમાવનારા સંતોષ જગદાલેની પુત્રી અસ્વરી જગદાલે જ્યારે ઓપરેશનના સમાચાર સાંભળ્યા તો તે પોતાની લાગણીઓ રોકી શકી નહીં. "અમે ખુશીથી રડી પડ્યા. (વડાપ્રધાન નરેન્દ્ર) મોદીએ બદલો લીધો છે અને જે રીતે આ ઓપરેશનનું નામ 'સિંદૂર' રાખવામાં આવ્યું છે, તેનાથી અમારી આંખોમાંથી આંસુ અટકતા નથી. જે બહેનોનું સિંદૂર આતંકવાદીઓએ છીનવી લીધું હતું, આજે ભારતે તેમને 9 જગ્યાએ જવાબ આપ્યો છે. આ ભાવ અલગ છે, અને અમારી આંખોમાંથી ખુશીના આંસુ અટકતા નથી."

**"પુત્રનું બલિદાન વ્યર્થ ન ગયું" |** પહલગામ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ભારતીય નૌકાદળના લેફ્ટનન્ટ વિનય નરવાલની માતા આશા નરવાલે કહ્યું, "મારો આખો પરિવાર મોદી સાહેબની સાથે છે, જેમણે આજે બદલો લીધો છે. હું સશસ્ત્ર દળોના જવાનોને કહેવા માંગુ છું કે તે આગળ વધતા રહે. આજે જીવ ગુમાવનારા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે."પહલગામ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા કર્ણાટકના વતની મંજુનાથ રાવની માતા સુમતિએ કહ્યું, "મારા પુત્રનું બલિદાન વ્યર્થ ગયું નથી... અમને આશા હતી કે વડા પ્રધાન મોદી યોગ્ય કાર્યવાહી લેશે અને તેમણે કાર્યવાહી કરી."

**જમ્મુમાં 'ભારતીય સેના ઝિંદાબાદ'ના નારા ગુંજી ઉઠ્યા**

આ કાર્યવાહી બાદ જમ્મુમાં સ્થાનિક લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને 'ભારતીય સેના ઝિંદાબાદ' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા. લોકોએ સેના અને સરકારની દિલથી પ્રશંસા કરી. "પાકિસ્તાન તરફથી થયેલા હુમલાનો જવાબ આપવો ખૂબ જ મહત્વપૂર્ણ હતો. અમે સરકાર અને ભારતીય સેનાના ચોક્કસ અને અસરકારક કાર્યવાહી કરવા બદલ આભારી છીએ."

**પહેલાં આકરો જવાબ આપવા બતાવી તૈયારી**

# ભારતની એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાન બેકફૂટ પર, સંરક્ષણ મંત્રીએ કહ્યું- વળતી કાર્યવાહી નહીં કરીએ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતે પાકિસ્તાનમાં નવ આતંકી ઠેકાણાં પર હુમલો કરી 90 આતંકવાદીઓને માર્યા છે. ઓપરેશન સિંદૂર હેઠળ હાથ ધરવામાં આવેલી ભારતની સૈન્ય કાર્યવાહીમાં જૈશ-એ મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના મુખ્યાલય સહિત નવ આતંકી ઠેકાણાં નષ્ટ કરી દેવામાં આવ્યા છે. તેની જવાબી પ્રતિક્રિયામાં પાકિસ્તાનના રક્ષા મંત્રીએ કોઈ કાર્યવાહી હાથ ન ધરવાનો આદેશ આપ્યો છે. પરમાણુ હુમલો અને તાબડતોડ જવાબી કાર્યવાહી કરવાની ધમકી આપી રહેલા પાકિસ્તાને પીછેહટ કરી છે.



ભારતના આ હુમલાથી બંને દેશો વચ્ચે યુદ્ધની શરૂઆતના સંકેત જોવા મળ્યા હતા. જો કે, પાકિસ્તાને યુદ્ધ શરૂ કરતાં પહેલાં જ યુદ્ધવિરામની જાહેરાત કરી દીધી છે. પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે જણાવ્યું છે કે, અમે અમારી સુરક્ષા સુનિશ્ચિત કરીશું. જો ભારત આગળ કોઈ કાર્યવાહી નહીં કરે તો અમે કોઈ જવાબી કાર્યવાહી હાથ નહીં ધરીએ. ગઈકાલે મોડી રાત્રે 1.30થી 1.45 વાગ્યે ભારતીય વાયુ સેના દ્વારા પાકિસ્તાન અને POK માં થયેલા હવાઈ હુમલામાં 90 જેટલા આતંકવાદીઓ માર્યા ગયા હોવાનો દાવો કરાયો છે. આ હુમલા પર તુરંત પ્રતિક્રિયા આપતાં ખ્વાજા આસિફે નિવેદન આપ્યું હતું કે, રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા છે. ભારતે પાકિસ્તાનના વિસ્તારોમાં આ હુમલો પોતાના હવાઈ ક્ષેત્રમાંથી કર્યો હતો. જેનો અમે આકરો જવાબ આપીશું. જો કે, આસિફ આકરો જવાબ આપવાની ધમકી બાદ ઘૂંટણિયે થયા હતાં. અને પાકિસ્તાન દ્વારા કોઈ કાર્યવાહી ન કરવાની જાહેરાત કરી હતી.

વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ આ હુમલા પર પ્રતિક્રિયા આપતાં અગાઉ કહ્યું હતું કે, ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા યુદ્ધનો આક્રમક જવાબ આપવાનો અધિકાર પાકિસ્તાન પાસે છે. પાકિસ્તાનની સેનાએ પણ ભારતની કાર્યવાહીનો જવાબ આપવાની જાહેરાત કરી હતી. જો કે, હવે તેમના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પોતાના હથિયારો નાખી દીધા છે, અને કોઈ કાર્યવાહી ન કરવાની જાહેરાત કરી છે.

**25 મિનિટ સુધી ચાલ્યું ઓપરેશન સિંદૂર**

## પાકિસ્તાનમાં 100 કિ.મી. અંદર એરસ્ટ્રાઈક, સામાન્ય નાગરિકોને નુકસાન નહીં: ભારતીય સેના

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી છે. પ્રાથમિક માહિતી અનુસાર થલ અને વાયુસેનાએ રાતના પોણા બે વાગ્યે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના ઠેકાણા પર હુમલો કર્યો. ભારતીય સેનાએ કુલ 9 ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. એવામાં ભારતીય સેનાએ પત્રકાર પરિષદ કરીને ઓપરેશન અંગે સત્તાવાર જાણકારી આપી છે. વિદેશ સચિવે જણાવ્યું છે, કે 'પહલગામમાં થયેલા હુમલાનો ઉદ્દેશ્ય જમ્મુ કાશ્મીરને વિકાસ અને પ્રગતિથી રોકી પછાત રાખવાનો હતો. પહલગામ આતંકવાદી હુમલાની જવાબદારી TRFએ લીધી, હુમલાખોરોની ઓળખ પણ થઈ. આ હુમલાનું સીધું કનેક્શન પાકિસ્તાન સાથે છે. પાકિસ્તાન દુનિયાભરના આતંકવાદીઓ માટે શરણસ્થળ બની ગયું છે. હુમલાના 15 દિવસ બાદ પણ પાકિસ્તાને આતંકવાદીઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરી. ભારતે હુમલાનો જવાબ આપવા, રોકવા તથા પ્રતિરોધ કરવાના અધિકારનો પ્રયોગ કર્યો છે. ભારતની કાર્યવાહી જવાબદારીપૂર્ણ તથા બિલકુલ ઉશ્કેરણીજનક નથી.' ભારતીય સેના દ્વારા રાતના 1 વાગીને 5 મિનિટે પાકિસ્તાનના 9 ઠેકાણા પર હુમલો કરવામાં આવ્યો. ઓપરેશન રાતના 1.05થી 1.30 ઓપરેશન ચાલ્યું. હુમલામાં આતંકવાદીઓના ઠેકાણાને નિશાને લેવાયા છે. પાકિસ્તાને ત્રણ દાયકાથી જે આંતકવાદની ફેક્ટરી તૈયાર કરી હતી તેને એરસ્ટ્રાઈકમાં નષ્ટ કરવામાં આવી.

**મિશન સંકલ્પ હેઠળ કરવામાં આવી કાર્યવાહી**

## આતંકવાદની સાથે નક્સલવાદ પર પણ પ્રહાર, બીજાપુરમાં 15 નક્સલીઓ ઠાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

પહલગામ હુમલાનો બદલો લેવા માટે, ભારતે પાકિસ્તાનમાં મોટી સ્ટ્રાઈક કરી છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરુ કર્યું અને કુલ 9 આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલથી હુમલો કર્યો. બીજી તરફ નક્સલવાદ વિરુદ્ધ પણ ભારતના વીર જવાનો લડત આપી રહ્યા છે. છત્તીસગઢ-તેલંગાણાની સરહદ નજીક બીજાપુર જિલ્લામાં 15 નક્સલીઓના ઢીમ ઢાળી દેવાયા છે.એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર બીજાપુર જિલ્લામાં કરેગુટ્ટા ટેકરીઓ પાસે ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ 15થી વધુ નક્સલીઓને ઠાર કર્યા છે. આ કાર્યવાહી મિશન સંકલ્પ હેઠળ કરવામાં આવી છે.



**એપ્રિલમાં પણ માર્યા ગયા હતા 3 નક્સલીઓ**

એપ્રિલમાં પણ આ જ જંગલમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 3 નક્સલીઓ માર્યા ગયા હતા. છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કરેગુટ્ટાની ટેકરીઓ પર સુરક્ષા દળોએ નક્સલવાદીઓ વિરુદ્ધ એક મોટું ઓપરેશન શરુ કર્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ નક્સલવાદનો અંત લાવવાનો છે.

**ઓપરેશન સિંદૂર**

## એરસ્ટ્રાઈક બાદ ઈઝરાયલનું ભારતને ખુલ્લુ સમર્થન, અમેરિકા પણ સંપર્કમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારત પાકિસ્તાનના 9 ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કર્યા બાદ વિશ્વભરથી પ્રતિક્રિયાની શરુઆત થઈ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે એરસ્ટ્રાઈક પર નિવેદન આપ્યું છે. દુનિયાના અનેક દેશો ભારત સાથે સંપર્કમાં છે. એવામાં ઈઝરાયલે આ કાર્યવાહી બાદ ભારતને ખુલ્લું સમર્થન આપ્યું છે. ભારતમાં ઈઝરાયલના એમ્બેસેડરે X પર પોસ્ટ કરીને કહ્યું છે કે, 'ભારતને આત્મરક્ષણનો અધિકાર છે. આતંકવાદીઓને ખબર પડવી જોઈએ કે નાગરિકો વિરુદ્ધ જઘન્ય ગુના બાદ તેમના માટે બચવા માટે કોઈ જગ્યા નથી.' અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ એરસ્ટ્રાઈક પર મોટું નિવેદન આપ્યું છે. મીડિયા સાથે વાતચીતમાં તેમણે કહ્યું છે કે, 'હું ઑફિસમાં આવ્યો અને હમણાં જ સમાચાર મળ્યા. કંઈક થવાનું હતું એ તો સૌ કોઈને અંદાજ હતો જ. હું આશા રાખું છું કે આ ટૂંક સમયમાં સમાપ્ત થશે. બંને દેશો ઘણા સમયથી લડી રહ્યા હતા.' બીજી તરફ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ કહ્યું છે કે, 'હું ભારત અને પાકિસ્તાનની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યો છે. શાંતિ સ્થાપના માટે બંને દેશોના નેતાઓ સાથે વાતચીત કરીશું.' અમેરિકાના વિદેશ મંત્રાલયનો દાવો છે કે ભારતીય NSA અજિત ડોભાલે અમેરિકાના NSA સાથે વાતચીત પણ કરી છે. ભારતીય સેનાએ કુલ 9 ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે.

# રાફેલ ફાઈટર જેટ અને અનેક ઘાતક મિસાઈલો વાપરી ભારતે પાકિસ્તાનમાં કહેર વરસાવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ઓપરેશન સિંદૂર એ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા 7 મે 2025 એટલે કે આજે શરૂ કરાયેલ એક ઐતિહાસિક સૈન્ય કાર્યવાહી હતી જે હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં જૈશ-એ-મોહમ્મદ (JeM) અને લશ્કર-એ-તોયબાના નવ આતંકવાદી ઠેકાણાઓના ભુક્કા બોલાવી દેવાયા. આ આતંકી ઠેકાણાઓનો સફાયો કરી નાખવા માટે ખાસ પ્રકારના દારૂગોળા અને હથિયાર-વિમાનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતની આ સૈન્ય કાર્યવાહી 22 એપ્રિલ 2025ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. જેમાં 26 નિર્દોષ લોકો માર્યા ગયા હતા.લશ્કર-એ-તોયબા (LeT) ના પ્રોક્સી સંગઠન, રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) એ પહલગામના બૈસરન વિસ્તારમાં થયેલા આતંકવાદી હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ભારતીય ગુપ્તચર એજન્સીઓએ આ હુમલાને જૈશ-એ-મોહમ્મદ અને પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) સાથે જોડ્યો હતો.પહલગામ હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયાની મુલાકાત રદ કરી હતી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે તાત્કાલિક બેઠક યોજી હતી. ત્યારે જ એલાન કરાયું હતું કે આતંકવાદીઓને "કડક સજા" આપવામાં આવશે. ઓપરેશન સિંદૂર આ પ્રતિબદ્ધતાનું પરિણામ હતું, જેમાં ખાસ દારૂગોળોનો ઉપયોગ કરીને આતંકવાદીઓના સ્ટ્રક્ચરનો નાશ કરવામાં આવ્યો હતો. ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં આતંકીઓનો સફાયો કરી નાખવા માટે ભારતે અત્યાધુનિક અને સચોટ દારૂગોળો અને હથિયારોનો ઉપયોગ કર્યો, જેનાથી ઓછામાં ઓછા નાગરિકોનું નુકસાન સાથે મહત્તમ અસર સુનિશ્ચિત થઈ. ભારતીય વાયુસેના (IAF) દ્વારા રાફેલ ફાઈટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના પર સ્કેલ્પ ક્રુઝ મિસાઈલ અને હેમર મિસાઈલ જેવી બે શક્તિશાળી શસ્ત્ર પ્રણાલીઓ વાપરવામાં આવી હતી.



સ્કેલ્પ ક્રુઝ મિસાઈલ જેને યુકેમાં સ્ટોર્મ શેડો તરીકે ઓળખાય છે. આ મિસાઈલ લાંબા અંતરની, ઓછી ઓબ્ઝર્વેબલ અને હવામાંથી જમીન પર પ્રહાર કરી શકે તેવી ક્રૂઝ મિસાઈલ છે. તે યુરોપિયન ડિફેન્સ કંપની MBDA દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ ભારતના 36 રાફેલ જેટમાં સ્થાપિત કરાઈ છે. તેનું આખું નામ સિસ્ટેમ ડી ક્રોઈસિયર ઓટોનોમ એ લોંગ્યુ પોર્ટી - એમ્પ્લોઈ જનરલ છે, જેનો અર્થ થાય છે "લાંબા અંતરની સ્વાયત્ત ક્રુઝ મિસાઈલ સિસ્ટમ - સામાન્ય ઉપયોગ" તેની રેન્જ 250-560 કિ.મી. જેટલી છે. તેનું વજન 1300 કિગ્રા છે જેમાં 450 કિગ્રા વિસ્ફોટક વૉરહેડ લઈ જઇ શકાય છે.

હેમર મિસાઈલ જેને નામે પણ ઓળખાય છે તેને ફ્રાન્સની ડિફેન્સ કંપની સાફરાન દ્વારા તૈયાર કરાઈ છે. તે એક મધ્યમ અંતરની, હવાથી જમીન પર પ્રહાર કરતી સિસ્ટમ છે. આ એક મોડ્યુલર હથિયાર છે. ભારતે તેને ઈમરજન્સી ખરીદી કરી હતી ખાસ કરીને રાફેલ જેટ માટે.

રાફેલ એ 4.5 પેઢીનું મલ્ટી રોલ ફાઈટર જેટ છે, જે તેની અદ્યતન ટેકનોલોજી અને તેની પ્રહાર કરવાની ક્ષમતા માટે જાણીતું છે. રાફેલ-એમની ગતિ 2202 કિમી/કલાક છે, જે પાકિસ્તાનના JF-17 (1910 કિમી/કલાક) અને J-10 CE (2100 કિમી/કલાક) કરતા વધુ છે. તેની રેન્જ 3700 કિમી છે જે તેને લાંબા અંતરના મિશન માટે યોગ્ય બનાવે છે. આ સાથે ભારતે બ્રહ્મોસની સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનો ઉપયોગ કરીને બહાવલપુર અને મુજફ્ફરાબાદમાં જૈશના કમાન્ડર સેન્ટર અને હથિયાર ડેપોને નષ્ટ કર્યા હતા. બીજી બાજુ પોપી પ્રેસિઝન ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ કરીને રાવલપિંડી નજીક જૈશના હથિયારોના ભંડારને નિશાન બનાવ્યું હતું. બીજી બાજુ સ્વદેશમાં નિર્મિત લેઝર ગાઈડેડ મિસાઈલ (સુદર્શન) વડે મુરિદકેમાં લશ્કર એ તોયબાના સહાયક ઠેકાણાઓ પર હુમલા કરાયા હતા.

**ટાંચમાં લેવામાં આવેલ સંપત્તિમાં 159 એકર જમીન સામેલ**

## દિલ્હી-એનસીઆરના રિયલ્ટી ગ્રૂપની રૂ. 2348 કરોડની સંપત્તિ ટાંચમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ઈડીએ દિલ્હી-એનસીઆરમાં મોટી કાર્યવાહી કરતા ૨૩૪૮ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. આ સંપત્તિઓમાં ૧૫૯ એકર જમીન, દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ અને નોએડામાં સ્થિર મિલકતો અને દિલ્હી-એનસીઆરમાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષ સામેલ છે. ઈડીએ જણાવ્યું હતું કે તેણે રિયલ્ટી જૂથ ડબ્લ્યુટીસી ફરીદાબાદ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડ અને ડબ્લ્યુટીસી જૂથની અન્ય સંસ્થાઓ વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસ હેઠળ ૨૩૪૮ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે. જેમાં ગોવામાં કેટલાક રેસિડેન્સિયલ એકમો ઉપરાંત દિલ્હી એનસીઆરમાં અનેક એકર જમીન અને નહીં વેચાયેલી સ્થિર મિલકતો સામેલ છે. સંઘીય તપાસ એજન્સીએ આ સંપત્તિઓ ટાંચમાં લેવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ એક પ્રોવિઝનલ ઓર્ડર જારી કર્યો હતો. ઈડીએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી આશીષ ભલ્લાની અધ્યક્ષતાવાળા ડબ્લ્યુટીસી ફરીદાબાદ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડ અને ડબ્લ્યુટીસી જૂથની અન્ય સંસ્થાઓ સાથે જોડાયેલ એક મોટા રિયલ એસ્ટેટ છેતરપિંડી કેસમાં કરવામાં આવી છે. ઈડીના જણાવ્યા અનુસાર ટાંચમાં લેવામાં આવેલી સંપત્તિમાં લગભગ ૧૫૯ એકર લાઈસન્સવાળી અને લાયસન્સ વગરની જમીન, દિલ્હી ગુરુગ્રામ, ફરીદાબાદ અને નોઈડામાં નહીં વેચાયેલી સ્થિર મિલકત, ગોવામાં રેસિડેન્સિયલ સંપત્તિ અને દિલ્હી એનસીઆરમાં કોમર્શિયલ કોમ્પલેક્ષ સામેલ છે.એજન્સીએ જણાવ્યું હતું કે આ સંપત્તિઓની કીંમત ૨૩૪૮ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. મની લોન્ડરિંગની તપાસ હરિયાણાની ફરીદાબાદ પોલીસ અને દિલ્હી પોલીસની આર્થિક અપરાધ શાખા દ્વારા કંપની અને તેના પ્રમોટરોની વિરુદ્ધ છેતરપિંડી, ગુનાહિત કાવતરુના આરોપોમાં દાખલ ૩૦થી વધુ એફઆઈઆર પર આધારિત છે. એજન્સીએ દાવો કર્યો છે કે ભલ્લા અને તેના જૂથની કંપનીઓએ ૧૨૦૦૦થી વધુ રોકાણકારો સાથે છેતરપિંડી કરી છે.

**INTERNATIONAL ARBITRATIION CENTRE (DIAC), DELHI HIGH COURT CAMPUS, S-BLOCK, ZAKIR HUSSAIN MARG, NEW DELHI-110503**
(Ph.: 011-23386492, Fax: 011-23386493, Website: http://dhcdiac.nic.in/)

**PUBLICATION**

To,

1. **KB CREATION THROUGH ITS PROPRIETOR MR. VANIDANI BHARAT KAMLESHKUMAR S/O SHRI. KAMLESH KUMAR**
   **AT :-** 312, 3RD FLOOR, RAJ COMPLEX, OPP. GHANSHYAM COMPLEX, PANCHKUVA AHMEDABAD, GUJARAT 380002
   **ALSO AT:-** 621-1, JAWAHAR COLONY, OPP. AMBAWADI POLICE STATION SARDARNAGAR, AHMEDABAD, GUJARAT-382475
   E-MAIL:- bharatvanidani@gmail.com ; vanidanibharat@gmail.com ; nanakshah77@gmail.com
   MOB:- 8469443111
2. **SMT. VANIDANI ANJALI W/O MR. VANIDANI BAHRAT KAMLESHKUMAR**
   **AT:-** 3RD FLOOR, 312, RAJ COMPLEX OPP GHANSHYAM COMPLEX, PANCHKUVA AHMEDABAD, GUJARAT-382475
   **ALSO AT:-** 621-1, JAWAHAR COLONY, OPP. AMBAWADI POLICE STATION, SARDAR NAGAR, AHMEDABAD, GUJARAT-382475
   E-MAIL:- bharatvanidani@gmail.com ; vanidanibharat@gmail.com ; nanakshah77@gmail.com
   MOB:- 8980953944

**Arb. No. ARB.P/1887/2024**
**Case Ref. No. DIAC/10212/01-25**
(Quote this reference no. for future communications with DIAC)

Sir/Madam,

This is to inform to all concerned that M/s Moneywise Financial Services Pvt Ltd. has initiated the Arbitration proceedings against K B Creations through its Proprietor Sh. Vanidani Bharat Kamleshkumar & Anr. The next date of hearing has been fixed in the captioned matter for **29.05.2025 at 02:00 PM** (physical mode) at Delhi International Arbitration Centre. Delhi High Court Campus/premises, S-Block, Zakir Hussain Marg, New Delhi-110503.

It is advised to ensure your presence on the date and time fixed, either in person or through duly appointed Advocate. Kindly note that in case you fail to appear and attend the matter on the date and time given above, the matter will be proceeded with, in your absence and shall be decided in accordance with the law.

In terms of the last order dated **29.04.2025**.

Sd/-
TARUN SHARMA
ADVOCATE
SOLE ARBITRATOR

### 1 માસ પહેલાં શરૂ કરાયેલી સિવિલ હોસ્પિ.ની કેસ બારીના પતરાં ઉડ્યાં

સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગની સામેની ખુલ્લી જગ્યામાં કેસ પેપર કઢાવવાની સારી વ્યવસ્થા એક માસ અગાઉ જ શરૂ કરાઇ હતી. જોકે ગત રાત્રે વાવાઝોડા સાથે પડેલા વરસાદથી કેસ બારીની ફરતે પતરાનો શેડ બનાવ્યો હતો જે તૂટી પડ્યો હતો. જોકે મધ્યરાત્રીએ પતરાનો શેડ તૂટી પડ્યો હોવાથી કોઇ જ જાનહાનીની ઘટના બનવા પામી નથી. જોકે કેસ બારીનો એક બાજુનો જ પતરાનો શેડ તૂટી પડવાથી કામગીરી લઇને અનેક પ્રશ્નો સિવિલ હોસ્પિટલના કર્મચારીઓમાં ઉઠી રહ્યા છે.


# સિટી એકસપ્રેસ

THURSDAY 08 MAY-2025

AHMEDABAD


### માણસામાં 9મી મેએ યોજાશે, 18થી 35 વર્ષના ઉમેદવારો અરજી કરી શકશે

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો 9મી મેના રોજ સવારે 10 કલાકે માણસા તિજોરી કચેરી પાસે આવેલા તખતપુરા કોમ્યુનિટી હોલમાં યોજાશે. ગાંધીનગર જિલ્લાના નોકરીદાતાઓ કુશળ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરશે. આ મેળામાં 18થી 35 વર્ષની વયમર્યાદા ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. લાયકાતમાં ધોરણ 10 પાસ, ધોરણ 12 પાસ, ડિપ્લોમા, આઈટીઆઈના તમામ ટ્રેડ અને કોઈપણ સ્નાતક કક્ષાની પદવી માન્ય રહેશે. માત્ર શારીરિક રીતે સક્ષમ ઉમેદવારો જ અરજી કરી શકશે.



# ગુજરાતમાં બ્લેકઆઉટ મોક ડ્રીલ યોજાઇ, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તમામ લાઈટો કરાઈ બંધ




(એજન્સી) અમદાવાદ | તા.07

પહલગામ આતંકી હુમલાની ઘટના બાદ ભારતે 'ઓપરેશન સિંદૂર' ચલાવીને જડબાતોડ જવાબ આપ્યો છે. ત્યારે ગુજરાત સહિત દેશભરના અનેક રાજ્યોમાં બ્લેકઆઉટ શરૂ થઈ ચૂક્યું છે. રાજ્યના અલગ અલગ સમયે ક્ષેત્ર પ્રમાણે 7:30 વાગ્યાથી તબક્કાવાર બ્લેકઆઉટનું આયોજન કરાયું છે. પૂર્વ ગુજરાતના 7 જિલ્લા (ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, સુરત, વડોદરા)માં 7:30 થી 8:00 કલાક સુધી, પશ્ચિમ ગુજરાતના 5 જિલ્લા (જામનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને મોરબી)માં 8:00 થી 8:30 કલાક સુધી, મધ્ય ગુજરાતના 6 જિલ્લામાં (બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદ)માં 8:30 થી 9:00 વાગ્યા સુધી બ્લેક આઉટનું આયોજન કરાયું છે. આ અગાઉ રાજ્યના વિવિધ સ્થળોએ મોક ડ્રીલ પણ યોજાઈ હતી, જે દરમિયાન લોકોને યુદ્ધની સ્થિતિમાં શું કરવું તેની માહિતી આપવામાં આવી હતી.

#### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે તમામ લાઈટો કરાઈ બંધ

ત્યારે ઓપરેશન અભ્યાસ અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મોક ડ્રીલ યોજવામાં આવી હતી. મોક ડ્રીલ બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે બ્લેક આઉટ પણ કરવામાં આવ્યું હતું.

#### તમામ પોલીસકર્મીઓની રજાઓ કરાઈ રદ

ગુજરાતના તમામ પોલીસકર્મીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યના તમામ પોલીસકર્મીઓની રજા તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. આ મહત્વનો નિર્ણય DGP ઓફિસ દ્વારા લેવામાં આવ્યો છે. આ અંગે DGP ઓફિસ દ્વારા આદેશ પણ બહાર પાડવામાં આવ્યો છે. આ સાથે જ રજા પર ગયેલા પોલીસ કર્મીઓને પણ તાત્કાલિક હાજર થવા માટે આદેશ કરવામાં આવ્યો છે. ઓપરેશન સિંદૂર બાદની સ્થિતિને લઈને DGP ઓફિસ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

#### સોમનાથ મંદિરની સુરક્ષામાં કરાયો વધારો

સોમનાથ મંદિરની સુરક્ષામાં વધારો કરાયો છે. આતંકી હુમલાની દહેશતના પગલે સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. ઝેડ પ્લસ સુરક્ષા સોમનાથ મંદિર વ્યવસ્થા ધરાવે છે.

## આજે જાહેર થશે ધો. 10નું પરિણામ, વોટ્સએપ નંબર 6357300971 પર પણ જાણી શકાશે

ગુજરાત શિક્ષણ બોર્ડના ધોરણ 10ના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ધોરણ 10નું પરિણામ આવતીકાલે (8 મે 2025) સવારે 08:00 કલાકે જાહેર થશે. જેની જાહેરાત રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે કરી છે. તેમણે X પર પોસ્ટ કરીને લખ્યું છે કે, ફેબ્રુઆરી-માર્ચ 2025માં યોજાયેલ ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ તા.08/05/2025ના રોજ સવારે 08.00 કલાકે જાહેર કરવામાં આવશે.

#### કેવી રીતે જોઈ શકશો પરિણામ?

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનાના જણાવ્યા અનુસાર ફેબ્રુઆરી-માર્ચ 2025માં યોજાયેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમા પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર તારીખ 8મેના રોજ સવારના 8 કલાકે જાહેર કરવામાં આવશે.

## રાજ્યના પોલીસ અધિકારીઓની રજાઓ રદ, તાત્કાલિક ફરજ પર હાજર થવા DGPનો આદેશ

(એજન્સી) અમદાવાદ | તા.07



ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન તથા PoKમાં એરસ્ટ્રાઈક કરી છે. તો બીજી તરફ ગુજરાતના 18 જિલ્લાઓમાં 7 મેના રોજ સાંજે 4થી 8 વાગ્યા સુધી સિવિલ ડિફેન્સ મોક ડ્રીલ અને સાંજે 7.30 થી 9:00 વાગ્યા દરમિયાન ઝોન વાઈઝ બ્લેક આઉટની કાર્યવાહી થઈ રહી છે. તેવામાં ગુજરાતના તમામ પોલીસ અધિકારીઓની રજા રદ કરવામાં આવી છે. આ મામલે રાજ્યની DGP ઓફિસ દ્વારા આજે બુધવારે (7 મે, 2025) આદેશ કરવામાં આવ્યો છે. જેમાં રજા પર ગયેલા અધિકારીઓને હાજર થવા આદેશ કરવામાં આવ્યો છે. આ સાથે આગામી મહિનામાં રથયાત્રાને ધ્યાનમાં રાખીને રાજ્ય પોલીસે અધિકારી-પોલીસકર્મીની આગામી 20થી 30 જૂન, 2025 સુધી તમામ પ્રકારની રજાઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

#### પોલીસ અધિકારીઓની રજા રદ

ગુજરાત પોલીસ વિભાગ દ્વારા રાજ્યના રજા પર ગયેલા પોલીસ અધિકારીઓને હાજર આદેશ કરવામાં આવ્યો છે, ત્યારે પોલીસ વિભાગના પરિપત્ર મુજબ, શહેર-જિલ્લા ખાતે ફરજ બજાવતા અધિકારીઓઓને મંજૂર થયેલી રજાઓ આકસ્મિત સંજોગોને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. આમ સબંધિત અધિકારીઓને રજા પરથી તાત્કાલિક ફરજ પર હાજર થયા બાદ પોલીસ વિભાગમાં જાણ કરવા જણાવાયું છે.

#### રથયાત્રાને લઈને આ દિવસે પોલીસ અધિકારી-કર્મચારીની રજા પર પ્રતિબંધ

પોલીસ વિભાગના પરિપત્ર મુજબ, રાજ્યમાં આગામી મહિનાની 27 જૂન, 2025ના રોજ રથયાત્રા નીકળવાની હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય પોલીસે તમામ પોલીસ અધિકારી અને કર્મચારીઓની ખાસ અનિવાર્ય સંજોગો સિવાયની રજા પર આગામી 20થી 30 જૂન, 2025 સુધી તમામ પ્રકારની રજા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો અનિવાર્ય કારણોસર રજા લેવાની જણાય તો કચેરીના વડાને જાણ કરીને મંજૂરી લેવાની રહેશે.

# આજે રાજ્યના 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી, 60-70ની ઝડપે પવન ફૂંકાશે

(એજન્સી) અમદાવાદ | તા.07

ગુજરાતમાં ભરઉનાળે છેલ્લા ત્રણ-ચાર દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે પાણી ભરાયા હતા. જ્યારે માવઠું થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે બુધવારે અમરેલી અને ભાવનગરમાં રેડ એલર્ટ, રાજકોટ, બોટાદ, આણંદ, અમદાવાદ, ભરૂચ, વલસાડમાં ઓરેન્જ એલર્ટ અને જૂનાગઢ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, વડોદરા, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે, ત્યારે આગામી 24 કલાકમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, વલસાડ જિલ્લામાં વીજળીના કડાકા અને 60-70 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે આવતીકાલે ગુરુવારે 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે.

#### ભારે પવન ફૂંકાવવાની સાથે વરસાદની આગાહી

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ હજુ માવઠાની આગાહી કરી છે. જેમાં આવતીકાલે ગુરુવારે (8 મે, 2025) 10 જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે, ત્યારે રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, આણંદ, ભરૂચ, વલસાડ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે ભારે વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં 50-60 કિ.મી.ની સ્પિડે ભારે પવન ફૂંકાવવાની આગાહી છે.



**આગામી 9 થી 11 મે દરમિયાન રાજ્યભરના છૂટાછવાયા સ્થળોએ હળવી મેઘગાર્જનાની ચેતવણી છે. આ દરમિયાન રાજ્યમાં 30-50 કિ.મી.ની સ્પિડે પવન ફૂંકાવવાની આગાહી છે. હવામાન વિભાગના આંકડા મુજબ, આજે બુધવારે (7 મે, 2025) સવારે 10થી બપોરના 12 વાગ્યા એટલે માત્ર બે કલાકની અંદરમાં રાજ્યના 95 તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ અમદાવાદના બાવળામાં 2.24 ઈંચ વરસાદ પડ્યો હતો.**

# સલાયામાં પકડાયેલા 500 કિલો ડ્રગ્સના પૈસા તોઈબા સુધી પહોંચ્યા

#### મુખ્ય આરોપીની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા.07



'બ્લિડ ઈન્ડિયા વિથ થાઉઝન્ડ્સ કટ્સ' આ કટ્ટર માનસિકતા સાથે પાક. આર્મી અને ત્યાંની ગુપ્તચર સંસ્થા ભારત વિરોધી આતંકી સંગઠોને મદદ કરી રહ્યાં છે. ભારતમાં નાર્કોટેરરિઝમનો કોન્સ્ટેપ્ટ પણ આતંકવાદીઓએ શરૂ કર્યો હતો. આ ઘટસ્ફોટ સાથે એનઆઈએ દ્વારા દેશમાં નાર્કો ટેરરિઝમના એક મુખ્ય સૂત્રધાર અંકૂશ કપૂરની ધરપકડ કરી છે. 2018માં સલાયામાં ગુજરાત એટીએસ એ 4.95 કિલો હેરોઈન પકડી પાડ્યું હતુ. આ કેસની તપાસમાં ઘટસ્ફોટ થયો કે, 500 કિલો હેરોઈન દરિયાઈ માર્ગે ગુજરાતમાં લેન્ડ કરાયું હતુ અને ઉત્તર ભારત મોકલાયું હતુ. આ કેસની તપાસ એનઆઈએએ સંભાળતા અનેક નવા ઘટસ્ફોટ થયા કુલ 26 આરોપીઓની ધરપકડ કરી. તપાસ દરમ્યાન અંકૂશ કપૂર ઉપરાંત ઈટાલીમાં છુપાયેલા સિમરતજીતસિંહ સંધુ અને ઓસ્ટ્રેલિયામાં સંતાયેલા તન્વીર બેદીના નામ પણ ખુલ્યા હતા. એનઆઈએને જાણવા મળ્યું કે, આ ડ્રગ્સને ભારતમાં ઘુસાડવા બાદ એને અલગ-અલગ જગ્યાએ પહોંચાડવા અને એમાંથી મળેલા રૂપિયાનું ફન્ડિંગ કરવાનો આરોપ અંકૂશ કપૂર પર છે.

આ ડ્રગ્સ ભારતમાં ઘુસાડવા માટેની બેઠક દુબઈમાં થઈ હતી અને પાક.ના ભાઈજાન નામના શખ્સે ડ્રગ્સ સપ્લાય કર્યુ હતું. આ ભાઈજાન લશ્કર-એ-તોઈબા સાથે જોડાયેલો છે. એનઆઈએના સિનિયર અધિકારીઓનું કહેવું છે કે, અમે તનવીર બેદી અને સિમરતજીતસિંહ સંધુને પકડી લાવવા જે-તે દેશની સરકારો સાથે પ્રત્યાર્પણની કાર્યવાહી ચાલે છે જે પૂર્ણ થવામાં છે. આ મામલે હજી નવા ઘણા રહસ્યો ખુલવાની સંભાવના છે. અંકુશ કપૂર અગાઉના એક ડ્રગ્સ કેસમાં જેલમાં હતો, તેમાંથી છુટ્યા બાદ તેણે સુપ્રીમકોર્ટ સુધી રક્ષણની માંગણી કરી હતી. જો કે, કોર્ટે ટાંક્યુ હતું કે, દેશના યુવાધનનું સ્વાસ્થ્ય અને દેશની ઈકોનોમી બંનેને નુકશાન કરવાનો આ કેસ છે. કોર્ટે તેને રક્ષણ નહીં આપતા તે ડિસેમ્બર 2024થી ફરાર હતો. જેને સતત ચાર મહિના સુધી ટ્રેસ કરીને અંતે દિલ્હીથી પકડી પાડી ગુજરાત લઈ આવવામાં આવ્યો છે. NIA ના એક સિનિયર અધિકારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતુ કે, રાજુ દુબઈ અટારી અને સિમરતજીતસિંહ સંધુનું હરિયાણાના કેસમાં પણ નામ ખુલ્યુ હતુ. આ વિદેશમાં રહેલા આરોપીઓ ક્યાં છે અને કોની સાથે સંપર્કમાં છે તે તમામ વિગતો ઈન્વેસ્ટિગેશન એજન્સી પાસે છે.

## કમોસમી વરસાદ | કમોસમી વરસાદ, તોફાની પવનને કારણે 12 ઈજાગ્રસ્તને સિવિલ, સોલા સિવિલમાં લવાયા

# સતત બીજે દિવસે પણ માવઠું, ઝાડ પડવાથી એક મોત, 50થી વધુ વૃક્ષ, બે હોર્ડિંગ ધરાશાયી

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદમાં સતત બીજા દિવસે પણ સાંજના સમયે માવઠું થયું હતું. સોમવારે ફૂંકાયેલા ભારે પવનમાં શહેરમાં 50થી વધુ ઝાડ તૂટી પડ્યા હતા. દરિયાપુરમાં મોટી પોળ ખાતે એક રિક્ષા પર ઝાડ પડ્યું હતું. ઝાડ નીચે દટાયેલા પિતા-પુત્રને તાત્કાલિક સારવાર માટે સિવિલ ખસેડ્યા હતા. જ્યાં પિતા સુરેશ કડીયાનું મોત થયું હતું. જ્યારે પુત્રને ગંભીર ઈજા થઈ હતી. દરમિયાન રાજસ્થાન અને તેની આસપાસ સક્રિય થયેલા સાઈક્લોનિક સરક્યુલેશન અને ટ્રફની સિસ્ટમ વધુ મજબૂત બનતાં હજુ બે દિવસ વરસાદી માહોલ સાથે માવઠાની શક્યતા છે. રવિવાર સુધી ગરમીમાંથી રાહત મળવાના આસાર છે. બુધવાર-ગુરુવારે એકાદ ઈંચ આસપાસ વરસાદ પડવાની શક્યતા છે. સોમવારે સાંજે ફૂંકાયેલા 40 કિલોમીટરની ઝડપની પવનના કારણે તેમજ હોર્ડિંગ્સ પડવાથી નાની-મોટી ઈજા પામેલા 3 મહિલા સહિત 12 લોકોને સિવિલ અને સોલા સિવિલમાં સારવાર માટે લવાયા હતા. આમાંથી બે વ્યક્તિને ફ્રેક્ચર થયું હતું. જ્યારે એક મહિલાને ઈજા પહોંચી હતી.



#### હોર્ડિંગ્સ તૂટી પડતાં એક સંચાલકને મ્યુનિ.ની નોટિસ

સોમવારે સાંજે ફૂંકાયેલા ભારે પવનના કારણે શ્યામલ અને સીએન વિદ્યાલય પાસે બે હોર્ડિંગ્સ તૂટી પડ્યા હતા. જેમાં શ્યામલ રો-હાઉસ બહાર હોર્ડિંગ્સ પડતાં મહિલાને ઈજા થઈ હતી. દ. પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગે શ્યામલ રો-હાઉસ બહાર નજીક પડેલા હોર્ડિંગ્સ મામલે મંગળવારે ચિત્રા(બી) કંપનીને નોટિસ આપી હતી. એજન્સીએ હોર્ડિંગ્સનું લોકેશન બદલ્યા પછી તેનું સ્ટ્રક્ચરલ સ્ટેબેલિટી સર્ટિ આપવામાં આવ્યું ન હતું. જેથી સંચાલકનો પરવાનો રદ કરવા માટે તેમજ 3 દિવસોમાં ખુલાસો માગ્યો છે.



# ડ્રોન ઉડાડવામાં પરવાનગી લેવી જરૂરી:મોદી સ્ટેડિયમ, એરપોર્ટ, આર્મી વિસ્તાર સહિત 36 જગ્યાઓ પર ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

અમદાવાદ | આતંકવાદી પ્રવૃત્તિઓમાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. ભૂતકાળમાં આવા બનાવોને ધ્યાનમાં રાખી ડ્રોનના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂરિયાત ઊભી થતા અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડી કેટલાક વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અન્ય વિસ્તારો માટે ડીજી સ્કાય એપ્લિકેશન ઉપર અરજી કરી પરવાનગી મેળવ્યા બાદ જ ડ્રોનનો ઉપયોગ કરી શકાશે. અમદાવાદ એરપોર્ટ, આર્મી કેન્ટોન્ટમેન્ટ વિસ્તાર, ONGC, TORRENT POWER, નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, સેન્ટ્રલ જેલ, ચાંદખેડા IOC, HP કાળીગામ સહિતના રેડ ઝોન વિસ્તારમાં કાયમી ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડી જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકારની ગાઈડલાઈન મુજબ ડિજિટલ સ્કાય લાઈન એપ્લિકેશન પર રેડ, યલો અને ગ્રીન એમ અલગ અલગ ત્રણ ઝોન પાડવામાં આવ્યા છે, જેમાં 36 જેટલા રેડ ઝોન અને 165 યલો ઝોન એમ કુલ 201 જગ્યાઓ નક્કી કરવામાં આવી છે.

જેમાં રેડ ઝોનમાં ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. બાકીના માટે પરવાનગી લેવાની રહેશે જેના ભાગરૂપે સુરક્ષા ને ધ્યાનમાં રાખી આતંકવાદી પ્રવૃત્તિઓમાં જે રીતે હવે ડ્રોનના ઉપયોગ કરવામાં આવતા હોય છે. જેથી નક્કી કરેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડી શકાશે. પ્રતિબંધિત વિસ્તારમાં અથવા પરવાનગી લીધા વિના ડ્રોન ઉડાડવામાં આવશે તો પોલીસ કમિશનરના જાહેરનામા ભંગ હેઠળ કાર્યવાહી થશે.

**અન્ય વિસ્તારો માટે ડીજી સ્કાય એપ્લિકેશન ઉપર અરજી કરી પરવાનગી મેળવ્યા બાદ જ ડ્રોનનો ઉપયોગ કરી શકાશે**